# सामञ्जस्यम्

## श्री बृहद् गुजरात संस्कृत परिषद्

मुखपत्रम्

पञ्जियतक्रमाङ्कः आर. एन्. ११११७/५१ ● ISSN- 2249-9369


अङ्क – १०९ दिसम्बर – २०२०



॥ औषधं आयुर्वर्धनम् ॥



॥ औषधं रोगहारकम् ॥



॥ औषधं जनरक्षकम् ॥



॥ औषधाय नमो नमः ॥



❖ सम्पादकाः ❖

❖ डॉ. वासुदेव वि. पाठक ❖ प्रि. डॉ. गीता पी. महेता ❖ डॉ. महेश ए. पटेल

श्री बृहद् गुजरात संस्कृत परिषद्

अहमदाबाद – ३८०००९

## ॥ अस्मिन्नङ्के ॥


| | | |
|---|---|---|
| ❑ उपनिषदां धर्मः | – *ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'* | २ |
| ❑ મારું મન | – *ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'* | ३ |
| ❑ વેદોમાં રાષ્ટ્રિય એકતા અને સંગઠન | – *ડૉ. ચંદ્રકાન્ત મહેતા* | ४ |
| ❑ પ્રતિમાનાટકનો સૂક્ષ્મકાર્યવેગ | – *ડૉ. મહેશ એ. પટેલ* | ८ |
| ❑ कठोपनिषदि क्त्वाप्रत्ययान्तशब्दानाम् आर्थिकः विमर्शः | – *પ્રા. જતીન રા. ચાવડા* | १४ |
| ❑ स्वर्णिम्भारते संस्कृतसंस्कृत्योः योगदानम् | – श्री साधुः मुनि वत्सलदासः | १७ |
| ❑ राजतरङ्गिण्यां प्रयुक्ता अलङ्काराः – एकम् अध्ययनम् | – *શ્રી ઉમેશકુમાર અવસ્થી* | २० |
| ❑ संस्कृत-लौकिक-न्याय-परिचयः | – *ડૉ. મહેશ એ. પટેલ* | २५ |
| ❑ બૌદ્ધદર્શનમાં ચિત્તનું સ્વરૂપ | – *શ્રી દિપલ મનોજકુમાર શાહ* | ३३ |
| ❑ સંસ્કૃત સાહિત્ય અને તેમાં પુરાણ-સાહિત્યનું સ્થાન | – *ડૉ. ધર્મેન્દ્ર પટેલ* | ३५ |
| ❑ वृत्तनवनीतम् | – *સમ્પાદકીય* | ४४ |



॥ साम्मनस्यम् परामर्शकसमितिः ॥



१. ડૉ. ચન્દ્રકાન્ત મહેતા　२. ડૉ. ગીતાબહેન મહેતા　૩. ડૉ. કમલેશકુમાર ચોકસી

४. ડૉ. મહેશ એ. પટેલ　५. ડૉ. દર્શના કે. ભટ્ટ　६. ડૉ. મિહિર ઉપાધ્યાય

७. ડૉ. હિતેન્દ્ર વ્યાસ　८. ડૉ. મહાકાન્ત જોશી　૯. શ્રી કાનજીભાઈ ભોગાયતા



**प्रकाशक :**
**डॉ. वासुदेव वि. पाठक 'वागर्थ'**
प्रधानमन्त्री
श्री बृहद् गुजरात संस्कृत परिषद्
शेठ श्री रतिलाल मो. भा. संस्कृत भवन
श्री बृहद् गुजरात परिषद् मार्ग, दिनेश हॉल समीप,
अहमदाबाद - १　फोन : ०७९-६५८९७६६
मोबाईल : ४०३९४१७३

**मुद्रक :**
**ई मेगेजिन, 'साम्मनस्यम्'**
**श्री बृहद् गुजरात संस्कृत परिषद्'**
**E-mail : info.b.g.s.parishad@gmail.com**
**Web: shribruhadgujaratsanskritparishad.org**

# उपनिषदां धर्मः

–ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'

ॐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च। सर्वाणि सर्वं ब्रह्मोपनिषदं, माहं ब्रह्म निराकुर्याम्, मा मा ब्रह्म निराकरोद्, अनिराकरणं मे अस्तु, अनिराकरणं मे अस्तु, तदात्मनि निरते य उपनिषत्सु धर्माः, ते मयि सन्तु, ते मयि सन्तु। ॐ शान्तिः शान्तिः शान्तिः ॥

इति केनच्छान्दोग्यसंज्ञके, आदायन्ते च शान्तिपाठः ॥

महावाक्यरत्नावल्याम् उपनिषच्छान्तिपाठक्रमे कृतः एषः निर्देशः।

अत्र, 'य उपनिषत्सु धर्माः' इति वाक्यखंडेन सह, 'ते मयि सन्तु ते मयि सन्तु, 'इति कृत्वा, द्विवारं पठित्वा, भावः दृढीकृतः। (द्विरुक्तं सुदृढं भवति इति न्यायेन।) प्रश्नस्त्वेषः यत् केषां धर्माणां स्थापनां ऋषिः इच्छति ?

अत्र भवति श्लोकः यथा,

स्वार्थे स्यात् स्व-स्थता शुद्धा सेव्या, इत्युपनिषन्मतम्।

धर्मास्सर्वेऽपि तत्रैव एकत्वेन समन्विताः ॥

अतश्च, सूचिताः सर्वेऽपि उपनिषद्धर्माः, 'धर्मः' इति पदेन वाच्याः भवन्ति। (हस्तिपदे निमग्नं सर्वम् इति न्यायेन) धर्मस्त्वेषस्तावत् 'स्वार्थः' इति लभ्यते।

अधुना, को नाम स्वार्थः, इति जाते प्रश्ने, स्पष्टं कार्यं यत् नश्वरं भौतिकं, स्वार्थसिद्ध्यर्थं नैव सूचितम्।

'स्व-अर्थः' इति स्वार्थः। 'स्व' इति स्वकीयः, आत्मनः वा अर्थः इति अवगन्तव्यम्।

मित्राणि ! सर्वं स्वार्थे समीः ते, इति को नाम न जानाति ?

उपनिषन्मंत्रेष्वपि, निर्दिष्टाः धर्माः, अन्ततो गत्वा, स्वार्थे एव। स्वार्थः एव, साध्यः धर्मः।

प्रथमं तावत् पश्यामः, उपरि निर्दिष्टं शान्तिमन्त्रम्।

ऋषिः प्रार्थयति यद् आत्मनिरते य उपनिषद् धर्माः। अत्र, आत्मनिरते इति पदं महत्त्वपूर्णम्।

यः आत्मनिरतः, आत्मन्येवात्मना तुष्टः, सः स्थितप्रज्ञः, सुखदुःखजनकं नश्वरं किञ्चित् किमर्थमिच्छेत् ? न तस्याकांक्षा न च विभववाञ्छापि। न विज्ञानापेक्षा, न सुखेच्छापि तस्य। सः परमे आत्मतत्त्वे एव। स्वस्मिन्नेव तस्य इतिः।

वस्तुतः उपनिषद् धर्मः अपि अन्ततो गत्वा, स्वार्थे एव। समग्रा औपनिषद्विचारणा, प्रवृत्तिप्रवणासत्यपि, त्यागमूला। सन्दर्भेऽस्मिन् महर्षिकल्पैः विनोबा भावे वर्यैः सूत्रमेकं प्रचलितं कृतम् – यथा, 'स्वस्मै स्वल्प्यम्, समाजाय सर्वस्वम्।' इति। सूत्रेऽस्मिन् औपनिषत् तारतम्यमेव। एष एव, औपनिषद् धर्मः, यत्र समाजाय सर्वस्वं प्रयोज्यम्, यथा अस्माकं ऋषयः कुर्वन्ति स्म। अनयारीत्या, परार्थे प्रयुक्तं सर्वं, परिणामतः स्वार्थे एव भवति। तत्र, त्यागस्य भावनया या शान्तिः सन्तोषः, आनन्दः वा जायते, तत् स्व-अर्थे मोदकरम्। उत्कर्षकरं उन्नतिपरकं च तत् आनन्दे परिणमति। एषस्तु यज्ञः एव। यज्ञेन कल्पन्ताम् इति निवेदयन् त्यागप्रधाने यज्ञे भवतु इति भावनास्ति तत्र।

समग्रं जीवनं यज्ञः, यज्ञस्तु त्यागमूलकः। वयं च यज्ञकर्तारः स्वार्थस्साध्यः प्रयत्नतः ॥

सुज्ञैः ऋषिवर्यैः, उपनिषद् इति शब्दे एव, धर्मः, लक्ष्यत्वेन सूचितः। उप-नि-सद् इति समीपे अवस्थानम् (कस्य समीपे इति प्रश्ने जाते, प्राप्यते उत्तरवैविध्यम्। तुण्डे तुण्डे मतिर्भिन्ना।

एवं सत्यपि, 'गुरोः समीपे', इति अर्थः बहुधा प्रचलितः।

तत्र,

सेवया परिप्रश्नेन, जिज्ञासामूलकं पुनः । शिष्येण प्रार्थितं स्यात्तत् स्व-स्थताबोधकं वरम् ॥

सैषा स्व-स्थता एव, स्व-अर्थः ।

साधितं पुरुणा दिव्यं तपस्तप्त्वा विशेषतः । स्वोत्कर्षकारकं सत्त्वं तत्त्वं तत् परमार्थतः ॥

इदं परमार्थतत्त्वमेव स्व-अर्थः ।

अतः, सर्वथा स्व-स्थता सेव्या मार्गरूपेण लक्ष्यतः ।

जीवने स्वस्थता यस्य, पूर्णत्वे स्वस्थता शिवा ॥

एषा स्वस्मिन् स्थिरत्वमेव स्व-अर्थः । एष एव परमलक्ष्यत्वेन उपनिषद् धर्मः ।

मित्राणि ! यथा निर्दिष्टं, उपनिषद्धर्मः सन्दर्भेऽस्मिन् ''स्वार्थसाधकः'' इति कृत्वा अपि स्वीकरणीयः ।

## મારું મન

*–ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'*

**મારું મન, શિવસંકલ્પ બનાવું.**
**ઉદ્ગાતા ઋષિવરની શાખે, શિવસંકલ્પ બનાવું........**

**જાગૃતમાં જે જાય દૂર, ને સુષુપ્તિમાં ય સુદૂર,**
**જ્યોતિઓનું એક જ જ્યોતિ, સૌમાં જેનું નૂર;**
**એવા મનને સાવધ રાખી, શિવ સંકલ્પ બનાવું; ઉદ્ગાતા ઋષિવરની.....**

**યજ્ઞાદિ કર્મોનું કારક, અંતરમાં વ્યાપેલું,**
**જ્ઞાન ધૈર્ય પ્રજ્ઞાન કરંતું, અમૃત બની રહેલું;**
**અનિવાર્ય, ને પ્રબલ એહને, શિવ સંકલ્પ બનાવું; ઉદ્ગાતા ઋષિવરની.....**

**જેમાં વેદત્રયી પ્રતિષ્ઠિત, ચિત્ત પરોવાયેલું,**
**અંતઃકરણે વેગવાન ને યુવાન નિત્ય રહેલું;**
**ભદ્ર નિયામક એવા મનને, શિવ સંકલ્પ બનાવું; ઉદ્ગાતા ઋષિવરની.....**

**મારું મન..., શિવસંકલ્પ બનાવું.**
**ઉદ્ગાતા ઋષિવરની શાખે, શિવસંકલ્પ બનાવું........**

★ યજુર્વેદના 'શિવસંકલ્પ સૂક્ત'નો ગેયાનુવાદ

# વેદોમાં રાષ્ટ્રિય એકતા અને સંગઠન

પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત મહેતા

દેશ એટલે સહેતુક ભેગાં થયેલાં ટોળાઓનો મેળો નહિ પણ પ્રેમ, એકતા, સમભાવ અને સમર્પણના ભાવે રંગાયેલાં નર-નારી અને સંતાનોનું સંગમતીર્થ. જન સુધરે તો જ જગ સુધરે, વ્યક્તિ સુધરે તો જ સમાજ, દેશ અને વિશ્વ સુધરે. આજે જીવનનાં ઉદાત્ત મૂલ્યોનો અત્ર-તત્ર-સર્વત્ર હ્રાસ થઈ રહ્યો છે ત્યારે નાથુભાઈ ડોડિયા સંપાદિત રાષ્ટ્રભાવનાની પ્રેરણા આપતી વૈદિક ઋચાઓ રાષ્ટ્રિય એકતા મજબૂત કરવાનો માર્ગ ચીંધે છે, જેનો ભાવાર્થ સમજવા જેવો છે.

વ્યક્તિ, પરિવાર, સમાજ અને રાષ્ટ્રની સર્વાંગી ઉન્નતિ માટે રાષ્ટ્રિય એકતા અને મજબૂત સંગઠન અનિવાર્ય છે. આ અંગે જીવનોપયોગી ઉપદેશ નીચેના વેદ મંત્રોમાં આપવામાં આવ્યો છે.

**सं वो मनांसि सं व्रता समाकूतीर्नमामसि ।**
**अमी ये विव्रता स्थन तान्वः सं नमयामसि ॥** – अथर्ववेद – ३-९-५

અનુકૂળ શુભ વિચારયુક્ત જનો પ્રત્યે, નિયમાનુકૂળ આચરણ કરનારા પ્રત્યે તથા શુભ સંકલ્પોથી યુક્ત મનુષ્યો પ્રત્યે અમે સમાનરૂપી નમન કરીએ છીએ, પંરતુ ધર્મ અથવા નિયમ વિરુદ્ધ આચરણ કરનારાઓને અમે ઝૂકાવીને-નમાવીને ઉત્તમ આચરણ માટે વિવશ કરીએ છીએ.

**अहं गृभ्णामि मनसा मनांसि मम चित्तमनु चित्तेभिरेत ।**
**मम वशेषु हृदयानि वः कृणोमि मम यातमनुवर्त्मान एत ॥**

– अथर्ववेद – ३-९-६

હું (રાજા અથવા નેતા) મારા પોતાના મનની સાથે તારા મનને ગ્રહણ અથવા સ્થિર કરું છું. તમે (પ્રજાજન અથવા અનુયાયી) મારા ચિત્તની પાછળ તમારા ચિત્તને લગાવો. હું મારા પ્રેમ અને સાહસથી તમારાં હૃદયોને મારા વશમાં કરું છું. તમે મારાં પદચિહ્નોનું અનુસરણ કરો.

**सहृदयं सांमनस्यमविद्वेषं कृणोमि वः ।**
**अन्यो अन्यमभि हर्यत वत्सं जातमिवाघ्न्या ॥** – अथर्ववेद – ३-३०-१

હું (પરમેશ્વર) તમને સમાન હૃદય, સમાન મનયુક્ત અને દ્વેષ ન કરનાર કરું છું. પરસ્પર પ્રીતિ કરો. જેમ અહિંસનીય ગાય નવજાત વાછરડાને પ્રેમ કરે છે, તેમ સર્વ મનુષ્યો પરસ્પર પ્રેમથી રહો.

**अनुव्रतः पितुः पुत्रो मात्रा भवतु सम्मना ।**
**जाया पत्ये मधुमतीं वाचं वदतु शन्तिवाम् ॥** – अथर्ववेद – ३-३०-२

પુત્ર પિતાને અનુકૂળ આચરણ કરનાર -આજ્ઞાકારી અને માતાના મનની વાત જાણનાર અથવા મનને સંતોષ આપનાર બનીને રહે. પતિ અને પત્ની પરસ્પર મધુર અને શાન્તિદાયક શબ્દોમાં વાર્તાલાપ કરે.

**मा भ्राता भ्रातरं द्विक्षन्मा स्वसारमुत स्वसा ।**

**सम्यञ्चः सव्रता भूत्वा वाचं वदत भद्रया ॥** - अथर्ववेद - ३-३०-३

ભાઈ ભાઈથી અને બહેન બહેનથી દ્વેષ ન કરે. એકમત અને એક વ્રતવાળા બનીને કલ્યાણકારી વાણી બોલે છે.

**येन देवा न वियन्ति नो च विद्विषते मिथः ।**

**तत्कृण्मो ब्रह्म वो गृहे संज्ञानं पुरुषेभ्यः ॥** - अथर्ववेद - ३-३०-४

જે વેદમાર્ગને વિદ્વાનો છોડતા નથી અને પરસ્પર દ્વેષ કરતા નથી, તે વેદમાર્ગને તમારા ઘરના સર્વ મનુષ્યોને માટે અમે ઠીક પ્રકારથી સંજ્ઞાન-ઉત્તમ જ્ઞાનમાં લાવીએ છીએ.

**ज्यायस्वन्तश्चित्तिनो मा वि यौष्ट संराधयन्तः सधुराश्चरन्तः ।**

**अन्यो अन्यस्मै वल्गु वदन्त एत सध्रीचीनान्वः संमनसस्कृणोमि ॥** अथर्ववेद - ३-३०-५

વડીલોનું સમ્માન કરો. એક મન બનીને સર્વ પ્રકારની ઉન્નતિ કરીને એકત્ર થઈને ચાલો. અલગ અલગ ન ચાલો. પરસ્પર મનોહર વાણી બોલો. હું પરમેશ્વર તમને સૌને જ્ઞાન-વિજ્ઞાનનની ઉન્નતિ અને ધન-ધાન્યની વૃદ્ધિ માટે સમાન વિચાર અને સમાન મનવાળા કરું છું.

**समानी प्रपा सह वोऽन्नभागः समाने योक्त्रे सह वो युनज्मि ।**

**सम्यञ्चोऽग्निं सपर्यतारा नाभिमिवाभितः** ॥ - अथर्ववेद - ३-३०-६

જેવી રીતે પૈડાંની નાભિ = કેન્દ્રની સાથે સર્વ આરા જોડાયેલા રહે છે, એવી રીતે તમે સર્વ મનુષ્યો અન્ય સમસ્ત ભૌતિક સાધનો તથા ઉપલબ્ધિઓમાં સહભાગી રહો. મળીને અગ્નિ સ્વરૂપ પરમેશ્વરની પૂજા ઉપાસના કરો.

**सध्रीचीनान्वः सम्मनसस्कृणोम्येकनुष्टीन्संवननेन सर्वान् ।**

**देवा इवामृतं रक्षमाणाः सायंप्रातः सौमनसो वो अस्तु ॥** अथर्ववेद - ३-३०-७

હું તમને મળીને પ્રયત્ન કરનાર, મળીને ચાલનાર, સમાન વિચારવાળા અને સમાન ઉપભોગ કરનાર કરું છું. વિદ્વાનોની સમાન જીવનની સફળતા = મોક્ષ પ્રાપ્તિનો પ્રયત્ન કરતાં, પ્રાતઃ-સાયમ્ પ્રસન્ન રહો.

**सं जानीध्वं सं पृच्यध्वं सं वो मनांसि जानताम् ।**

**देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥** - अथर्ववेद - ६-६४-१

પરસ્પર એકબીજાને જાણો, મળીને રહો, તમારા મન સમાન વિચારયુક્ત રહે. જેમ જ્ઞાની પૂર્વજોએ સમાન ચિત્તથી સંગઠિત બનીને ઐશ્વર્યનું સેવન કરેલ છે, તેમ જ તમે પણ કરો.

**समानो मन्त्रः समितिः समानी समान व्रतं सह चित्तमेषाम् ।**

**समानेन वो हविषा जुहोमि समानं चेतो अभिसंविशध्वम् ॥** अथर्ववेद - ६-६४-२

તમારા સર્વના વિચાર સમાન બને. સભા-સમિતિ સમાનરૂપમાં નિયમાનુકૂળ કાર્ય કરે. સર્વના નિશ્ચય, સંકલ્પ અને ચિત્ત સમાન અને સહયોગી રહે. હું (પરમેશ્વર) તમારી સંગઠિત અને સમાન રૂપ કરેલી ભક્તિનો સ્વીકાર કરું છું. તમે સમાન ચેતનામાં પ્રવેશ કરો.

**समानी व आकूतिः समाना हृदयानि वः ।**
**समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥** - अथर्ववेद - ६-६४-३

તમારો સંકલ્પ સમાન બને, હૃદયની ભાવનાઓ સમાન બને, તમારું મન પરસ્પરના વિશ્વાસથી પૂર્ણ અને સમાન ચિંતનયુક્ત બને, જેથી તમારા સર્વ કાર્ય અને શ્રેષ્ઠ-શોભાયુક્ત થયા કરે.

**संसमिद्युवसे वृषन्नग्ने विश्वान्यर्य आ ।**
**इळस्पदे समिध्यसे स नो वसून्या भर ॥** अथर्ववेद - १०-१९१-१

હે સુખની વર્ષા કરનાર સર્વાધિપતિ પ્રકાશ સ્વરૂપ પરમાત્મા ! આપ સમસ્ત જડ-જંગમ પદાર્થોને સમ્યક્ રૂપમાં સંયુક્ત કરીને સૃષ્ટિ રચના કરો છો. સમસ્ત જગતનાં હૃદયમાં પ્રકાશમાન છો અર્થાત્ શરીરના વિશિષ્ટ સ્થાન હૃદયમાં અથવા સ્તુતિ સ્થાન અધ્યાત્મ યજ્ઞમાં સાક્ષાત્ થાઓ છો, અમને સર્વ પ્રકારનું વસાવનાર ધન પ્રદાન કરો.

હે પ્રભો ! તુમ શક્તિશાલી, હો બનાતે સૃષ્ટિ કો।
વેદ સબ ગાતે તુમ્હેં હૈ, કીજિયે ધન વૃષ્ટિકો ॥

**सं गच्छध्वं सं वदध्वं सं वो मनांसि जानताम् ।**
**देवा भागं यथा पूर्वे संजानाना उपासते ॥** अथर्ववेद - १-१९१-२

હે મનુષ્યો ! તમે સર્વ પરસ્પર મળીને ચાલો, પરસ્પર મળીને બોલો-વાત કરો. તમારા મન એક સમાન બનીને જ્ઞાન પ્રાપ્ત કરે. જેવી રીતે પૂર્વે વિદ્વાન જ્ઞાની પુરુષો સેવનીય પ્રભુને જાણીને તેની ઉપાસના કરતા આવ્યા છે, તેમ જ તમે પણ કરો.

પ્રેમ સે મિલકર ચલો, બોલો સભી જ્ઞાની બનો।
પૂર્વજો કી ભાંતિ તુમ, કર્તવ્ય કે માની બનો ॥

**समानो मन्त्रः समितिः समानी समानं मनः सह चित्तमेषाम् ।**
**समानं मन्त्रमभि मन्त्रये वः समानेन वो हविषा जुहोमि ॥** अथर्ववेद - १०-१९१-३

સર્વના વિચાર સમાન થાઓ, સભા-સમિતિઓ, સામૂહિક જીવનની ગતિવિધિઓ સમાન થાઓ, મન સમાન થાઓ અને ચિત્ત સહયોગી અને સમાન થાઓ. પરમાત્મા સર્વને સમાન વિચારોવાળા અને સમાન વસ્તુઓ તતા પદાર્થોથી યુક્ત તથા સમાન યજ્ઞીય ભાવનાથી ઓતપ્રોત કરે અથવા મનુષ્યો પ્રાર્થના-ઉપાસના સમાન રૂપથી કરે.

હો વિચાર સમાન સબકે, ચિત્ત મન સબ એક હોં।
જ્ઞાન દેતા હું બરાબર, ભોગ્ય પા સબ નેક હોં ॥

**समानी व आकूतिः समाना हृदयानि वः ।**
**समानमस्तु वो मनो यथा वः सुसहासति ॥** - अथर्ववेद - १-१९१-२

હે મનુષ્યો ! તમારી સંકલ્પશક્તિ અને હૃદય સમાન બનો, સર્વના મન સમાન થાઓ, જેથી સર્વ પરસ્પર મળીને સુખપૂર્વક રહો.

હોં સભી કે દિલ તથા, સંકલ્પ અવિરોધી સદા ।
મન ભરેં હોં પ્રેમ સે જિસસે બઢે સુખ સંપદા ॥

**શાન્તિપાઠ**

**ओम् द्यौः शान्तिरन्तरिक्षं शान्तिः पृथिवी शान्तिरापः शान्तिरोषधयः शान्तिः । वनस्पतयः शान्तिर्विश्वे देवाः शान्तिर्ब्रह्म शान्तिः सर्वं शान्तिः शान्तिरेव शान्तिः सा मा शान्तिरेधि । ओम् शान्तिः शान्तिः शान्तिः ॥१७॥**

હે મનુષ્યો ! જેમ આકાશ આદિ પદાર્થો શાન્તિકારક બને, તેમ તમે પ્રયત્ન કરો.

**શાન્તિગીત**

શાન્તિ કીજિયે પ્રભુ ત્રિભુવન મેં.
જલ મેં, થલ મેં ઔર ગગન મેં,
અંતરિક્ષ મેં, અગ્નિ પવન મેં,
ઔષધિ વનસ્પતિ, વન ઉપવન મેં,
સકલ વિશ્વ મેં, જડ ચેતન મેં. શાન્તિ કીજિયે....
બ્રાહ્મણ કે ઉપદેશ વચન મેં,
ક્ષત્રિય કે દ્વારા હો રણ મેં,
વૈશ્યજનોં કે હોવે ધન મેં,
ઔર સેવક કે હો ચરણન મેં.શાન્તિ કીજિયે....
શાન્તિ રાષ્ટ્ર નિર્માણ સૃજન મેં,
નગર ગ્રામ મેં ઔર ભવન મેં,
જીવ માત્ર કે તન મેં, મન મેં,
ઔર જગત કે હો કણ-કણ મેં. શાન્તિ કીજિયે....

આજે જ્યારે દેશમાં અને વિશ્વમાં આધિ-વ્યાધિ-ઉપાધિનાં ઘનઘોર વાદળો ઘેરાઈ રહ્યાં છે, નથી સ્થળમાં શાન્તિ કે નથી જળમાં, નથી ગગનમાં કે અંતરિક્ષમાં, ત્યારે આ શાન્તિપાઠ સહુ માટે પ્રેરક છે. 'શાન્ત રહો અને બીજાને શાન્ત રહેવાનો મોકો આપો'- એ જ સૂત્ર સાચી શાન્તિ સર્જી શકે છે.

નૂતન વર્ષે જ નહિ, પ્રત્યેક ઉગતી સવારે આપણો એક જ સંકલ્પ હોવો જોઈએ - ભલે મારો ક્ષય થાય, પણ દેશનો તો વિજય જ થવો જોઈએ, કારણ કે દેશસેવા એજ દેવસેવા છે.

=o=

# પ્રતિમાનાટકનો સૂક્ષ્મકાર્યવેગ

*ડૉ. મહેશ એ. પટેલ, સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર*

સંસ્કૃત નાટકની સામાન્ય પ્રણાલી અનુસાર કોઈપણ નાટકકાર પોતાની નાટ્યકૃતિને બે રીતે પ્રસ્તુત કરે છે. એક પ્રણાલી તે દશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા પ્રેક્ષક કે ભાવકને સ્પષ્ટ થાય તેવું બાહ્ય (સ્થૂળ) સ્વરૂપ રજૂ કરે છે, જે રંગમંચ ઉપર ભજવાય છે. આવું સ્વરૂપ માનવ મનમાં રહેલા સ્થાયીભાવોને ઉદ્દીપિત કરીને તેની રસાનુભૂતિ કરાવે છે. બીજી પ્રણાલી મુજબ નાટ્યકાર પોતાન સૂક્ષ્મ નિરીક્ષણ અને નિરૂપણ દ્વારા એક નવીનતમ દીર્ઘદષ્ટિને વાચા આપવાનો પ્રયત્ન કરે છે. જેનાથી સંઘર્ષમય અને અપૂર્ણતાવાળા જીવનની પછવાડે પડેલા અમૃત-અંજલિરૂપી મધુર રસાયણને શોધી કાઢીને પોતાની નાટ્યકૃતિમાં કંડારી દે છે. કવિવર ભાસ પણ આવા જ એક ઉત્તમકોટિના નાટ્યકાર છે. તેમણે માત્ર સત્ય અને પ્રેમ એવા બે જ ગુણોના ચાલકબળથી સંપૂર્ણ કૃતિને અનોખી રીતે રજૂ કરી છે. મૂળ રામાયણકથાના સંઘર્ષોના મૂળમાં રહેલી પાત્ર-પાત્ર વચ્ચેની ભિન્નતાને દૂર કરીને તેમની વચ્ચે એકતારૂપી એકસૂત્રતાના અમૃતપાનનો અનુભવ કરાવ્યો છે. આ બધાની પાછળ નાટકકાર તરીકે તેમણે જોયેલો સૂક્ષ્મકાર્યવેગ તેમની દીર્ઘદષ્ટિનું દર્શન કરાવે છે.

સાત અંકના પ્રતિમાનાટકની ચાલના રામના રાજ્યાભિષેકભંગથી શરૂ થઈ પુનઃ રાજ્યાભિષેક સુધી વિસ્તાર પામેલી છે. તેમ છતાં અંક મુજબ જોઈશું તો તેનું ચિત્ર કંઈક આવું જણાય છે.

| ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ | ↓ |
|---|---|---|---|---|---|---|
| અંક-૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| અભિષેકભંગ | દશરથ નિધન | પ્રતિમાગૃહ અને અભિષેક અસ્વીકાર | પાદુકાગ્રહણ | સીતાહરણ | ભરત-કૈકેયી સંવાદ | પુનઃ રાજ્યાભિષેક |

અંકવાર જોઈશું તો પ્રથમઅંકમાં પ્રતીહારી અને કાંચુકીયનો સંવાદ, વલ્કલપરિહાસ પ્રસંગ, રામ-સીતાનો સંવાદ, લક્ષ્મણ રોષ અને રામ-લક્ષ્મણ-સીતાનું વનગમન આટલા પ્રસંગો ક્રમશઃ રજૂ થયા છે. પ્રતીહારી અને કંચુકીયના ટૂંકા સંવાદમાં મહારાજા દશરથે રામના રાજ્યાભિષેક માટે કરેલી આજ્ઞાની વાત દ્વારા સારાયે નગરમાં રામ અભિષેકથી વ્યાપેલા આનંદ અને ઉત્સાહની લાગણી જોઈ શકાય છે, કારણ કે આ કાર્ય કરીને રાજાએ પ્રજાને કૃતકૃત્ય કરી છે[૧]. પરંતુ તરત જ આવતો વલ્કલ પરિહાસ પ્રસંગ પરિસ્થિતિમાં આમૂલ ફેરફાર કરનારો છે. અવદાતિકા રેવા નામની દાસીને સજા કરવા મશ્કરીમાં વલ્કલની ચોરી કરે છે. સીતા તેને પરત કરવા જણાવે છ. જેમાં તેની સત્યપરાયણતાનાં દર્શન થાય છે. ત્યારબાદ પોતે જ તે વલ્કલ પહેરે છે અને એટલામાં નગારાં વાગતાં બંધ થતાં સીતાનો વિઘ્ન વિષયક મનઃસૂચક વહેમ સાચો પડતા, રામનો રાજ્યાભિષેક બંધ રહ્યાના સમાચાર આવે છે. બીજી તરફ તરત જ રામ સીતા પાસે આવી પહોંચે છે અને પરસ્પરના સંવાદમાં

૧. इदानीं भूमिपालेन कृतकृत्याः कृताः प्रजाः ।
रामाभिधानं मेदिन्यां शशाङ्कमभिषिञ्चता ॥ (અંક-૧, શ્લો.-૪) પ્રતિમાનાટક, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૮૯, પાન નં ૪

રામ-સીતાની આંતરિક એકતાને રજૂ કરતા નાટ્યકાર ભાસે કહ્યું છે કે, अल्पं तुल्यशीलानि द्वन्द्वानि सृज्यन्ते । એટલામાં કાંચુકીય આવીને જણાવે છે કે અભિષેક બંધ રહેવાનું કારણ કૈકેયી છે. ત્યારે રામ બોલી ઉઠે છે કે, ''किम् अम्बायाः तेन हि उदर्केण गुणेन अत्र भवितव्यम् ।'' ''શું માતા (કૈકેયી)નો ? તો તો આ બાબતમાં ગુણકારક પરિણામ હોવું જોઈએ.'' એટલામાં રોષે ભરાયેલો લક્ષ્મણ આવી પહોંચે છે. તેને પણ રાજા શાંત કરે છે અને તરત જ વનગમનની તૈયારી કરે છે.

બાહ્યરીતે જોઈશું તો વલ્કલપરિહાસ જેવા નાટ્યકારના મૌલિક સર્જનની સાથે-સાથે કથાવસ્તુ ક્રમશઃ ગતિશીલતાવાળું અને મૂળકથાથી ભિન્નતાવાળું જોઈ શકાય છે. પરંતુ પ્રારંભે આયોજાયેલો અભિષેક એકાએક જ બંધ રહ્યો અર્થાત્ તેનો ભંગ થયો તેને પુનઃનિર્મિત કરવા હવે નાટ્યકાર ભાસે પોતાના સૂક્ષ્મકાર્યવેગને ગતિ કરાવી છે. સાથે સાથે સમાજમાં નિંદા-ટીકા કે અવહેલના પામેલા કેટલાંક ચોક્કસ પાત્રોના આંતરિક સૌન્દર્યને બહાર લાવવાનો પ્રયત્ન પણ (નાટ્યકારે) કર્યો છે. પ્રથમ અંકમાં બંધ રહેલા અભિષેકને છેક સાતમા અંકમાં પુનઃસ્થાપિત કરવા માટે, આ અંકમાં રામના મુખે એક જ વાત કહેવડાવી છે. અને તે છે, ''किम् अम्बायाः तेन हि उदर्केण गुणेन अत्र भवितव्यम् ।'' આટલી નાનકડી વાત કહ્યા પછી રામ તરત જ વસ્તુસ્થિતિ પામી જઈને પિતા દ્વારા અન્ય કોઈ વ્યવધાન આવે તે પહેલા વનગમનની તૈયારી કરી દે છે. આ સૂક્ષ્મ કાર્યવેગને પકડીને નાટકકાર આગળ ચાલ્યા છે. પાત્રોના ઉદાત્તીકરણની દષ્ટિએ જોઈશું તો મૂળરામાયણમાં વરદાન માગતી વખતે કૈકેયી જે દયાહીન અને ક્રૂરતા બતાવ્યાનો આક્ષેપ ખામી હતી તે પ્રસંગને ઉગારી લઈને જનમાનસમાં એક નિર્દયી સ્ત્રી તરીકે અંકિત થયેલી કૈકેયીની છાપને ભૂંસી નાંખવાનું કાર્ય ભાસે અહીંથી શરૂ કરી દીધું છે.

બીજા અંકના કથાવસ્તુમાં દશરથ નિધન મુખ્ય છે. નાટકના કથાપ્રવાહને જાળવી રાખનારો આ અંક નાનો છે. તેમાં કોઈ સૂક્ષ્મકાર્ય વેગ જણાતો નથી પરંતુ સત્યધર્મા રામમાં પોતાનો બધો જ પ્રેમ સ્થાપિત કરેલો છે તેવા રાજા દશ-રથનું ચૈતન્ય પણ અહીં પુત્રવિરહમાં ધીમે-ધીમે મૃત્યુમાં વિલીન થતું જણાય છે. પુત્રવત્સલ રાજાની વેદના, ક્રોધ અને લાચારી તેમના કૃતાન્તને ઉદ્દેશીને બોલાયેલા એક જ ઉદ્ગારમાં જણાઈ આવે છે[૨]. ''सकृत् स्पृशामि वा रामं'' - ''રામને એકવાર સ્પર્શું કે ફરી એકવાર જોઉં તો હું જીવી જઉં.'' રાજાના આ ભાવમાં રણને જલબિન્દુની જે તરસ હોય એવી રામ માટેની તૃષા જણાઈ આવે છે. ટૂંકમાં જીવનથી મૃત્યુ સુધીની કરુણ ગતિનું ચિત્ર અહીં જોઈ શકાય છે.

જેના આધારે નાટકને શીર્ષક મળ્યું છે તેવા ત્રીજા અંકમાં પુનરપિ અભિષેક તરફ જવા માટે ભાસે કાર્યવેગને સત્ય અને પ્રેમના સહારે આગળ ધપાવ્યો છે. મોસાળમાંથી અયોધ્યા તરફ આવતો ભરત સીધો પ્રતિમા ગૃહમાં ગયો છે. લાંબા સમય સુધી મોસાળમાં રહેનારો ભરત પોતાના વેશ અને ભાષાની લક્ષ્મણ કેવી મશ્કરી કરશે, તેની કલ્પનાઓ કરે છે. આ બાબત જોતા પાછળથી અજાણતા જ અભિષેક ભંગના અનર્થનું નિમિત્ત બની ગયેલા ભરત માટે કોઈને પણ કડવાશ જન્મી શકતી નથી. પરંતુ ભરતને સીધો પ્રતિમાગૃહમાં લઈ જવાનું અને પ્રતિમાઓનું દર્શન કરાવવાનું પ્રયોજન શું ? કવિને મતે ભરતને પિતાના મૃત્યુના સમાચાર આપ્યા

૨. अनपत्या वयं रामः पुत्रोऽन्यस्य महीपतेः ।
वने व्याघ्री च कैकेयी त्वया किं कृतं त्रयम् ॥ (૨.૮) પ્રતિમાનાટક, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૮૯, પાન નં ૨૪

તે તેનું પ્રયોજન છે. જેમ પ્રથમ અંકમાં કૈકેયીને ખરાબ ન ચીતરતાં વાત-વાતમાં જ સીતાને વલ્કલ પહેરાવી દીધાં તેમ અહીં પણ પ્રતિમાગૃહ ઊભું કરીને સહજ માત્રમાં ભાસે ભરતના મનમાં દશરથના મૃત્યુના સમાચાર જણાવી દીધા છે. વળી, દશરથ જેવા સ્વરૂપ સામ્ય અને અવાજના માધ્યમથી ભરત દશરથનો જ પુત્ર છે, કૈકેયીનો નહીં એવું પણ ભરતના શબ્દોથી જાણી શકાય છે. અહીં બહાર દેખાતી ઈક્ષ્વાકુવંશની સ્થૂળ પ્રતિમાઓ ઉપરાંત પ્રત્યક્ષ પ્રતીત થતી ભરતની સૂક્ષ્મ પ્રતિમા પણ જોઈ શકાય છે. જુદી જુદી માતાઓ વાળા ભાઈઓમાં મૂળતો દશરથના જ ગુણો જોઈ શકાય ને. ભરતને માતાએ માંગેલું રાજ્ય કે અભિષેક સ્વીકાર્ય નથી. પરંતુ સૂક્ષ્મરીતે જોઈએ તો પ્રથમ અંકની જેમ અહીં પણ અભિષેક તો છે જ, પણ તે ભરતનો છે અને તે અભિષેકનો પણ ભંગ થયો, એટલે કે અહીં પણ કાર્યવેગ પ્રથમ અંક જેવો જ છે. તેને પ્રજ્વલિત રાખવા માટે નાટ્યકાર હજુ પણ જાગૃત અને યત્નશીલ છે.

ચતુર્થ અંકમાં ભરત અને રામનું મિલન પ્રયોજાયું છે. રામનો ભરત માટેનો આત્યંતિક આત્મીયતાનો ભાવ અહીં સ્પષ્ટ જોઈ શકાય છે. જે પોતે જ, ''રાજ્યલુબ્ધ કૈકેયીનો પુત્ર ભરત આવ્યો છે.'' એવું કહેવા તૈયાર થયો છે તેવો ભરત છેવટે તો જણાવે છે કે -

निर्घृणश्च कृतघ्नश्च प्राकृतः प्रियसाहसः ।
भक्तिमानागतः कश्चित् कथं तिष्ठतु यात्विति ॥ (૪.૫)

''નિર્દય, કૃતઘ્ન, નીચ અને સાહસપ્રિય (છતાં) ભક્તિમાન્ એવો કોઈક આવ્યો છે શું તે ઊભો રહે કે જાય ?''

ત્યારે સ્વરસામ્યથી જ રામ તેને ઓળખી જાય છે અને તરત જ લક્ષ્મણને તેડવા મોકલે છે. ત્યારબાદ વસન્તતિલકા વૃત્ત દ્વારા ભાસે એવું સુંદર વાતાવરણ સર્જ્યું છે કે જાણે સાચે જ ત્યાં વસન્ત આવી ગયો હોય[૩]. આવા ભાતૃભાવથી ભરેલો ભરત દેહથી રામ સાથે અને કર્મથી અયોધ્યામાં રહેવા જણાવે છે ત્યારે રામ સત્યને જ કુળનું ધન ગણાવીને તેને હલકા માર્ગે ન જવા જણાવે છે. છેવટે ભરત રામના ચરણોથી ભોગવાયેલી બે પાદુકાઓ માગે છે, ત્યારે રામ કહે છે કે -

सुचिरेणापि कालेन यशः किञ्चित् मयार्जितम् ।
अचिरेणैव कालेन भरतेनाद्य सञ्चितम् ॥ (૪.૨૬)

છેવટે રામપાદુકાઓ સાથે, રામ અને સીતાની ઈચ્છાનુસાર તે જ દિવસે ભરત અયોધ્યા ભણી રવાના થાય છે.

ચોથા અંકમાં પણ સૂક્ષ્મકાર્યવેગ જોઈ શકાય છે. ભરતે રામપાદુકાઓ સ્વીકારીને પણ પોતાનો અભિષેક નથી સ્વીકાર્યો. રામ જ્યારે પાછા ફરે ત્યારે રાજ્ય તેમને પાછું સોંપશે, એટલે કે ભાવિ અભિષેકનું સાતત્ય અહીં

---

३. वक्षः प्रसारय कपाटपुटप्रमाण
मालिङ्ग मां सुविपुलेन भुजद्वयेन ।
उन्नामयाननमिदं शरदिन्दुकल्पं
प्रह्लादय व्यसनदग्धमिदं शरीरम् ॥ (૪.૧૬) પ્રતિમાનાટક, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૮૯, પાન નં ૫૮

પણ જોવા મળે છે. વળી, સત્યધર્મા રામે ભરતને પાછા ફરવા ફરજ પાડી અને પ્રેમવશ ભરતે પાદુકાઓ સાથે તેનો સ્વીકાર કર્યો. ટૂંકમાં સત્ય અને પ્રેમના ચાલક બળનો પ્રયોગ કરીને પણ ભાવિ અભિષેક માટે ભાસે યત્ન કર્યો છે. આ બાબત જ આ અંકનો કાર્યવેગ છે.

પાંચમાં અંકનો સ્થૂળ કાર્યવેગ જોઈશું તો ''સીતાહરણ'' એવો એક જ શબ્દ કહી શકાય. પરંતુ સૂક્ષ્મ કાર્યવેગની દૃષ્ટિએ પાંચમો અંક વિશેષ નોંધપાત્ર બન્યો છે. જેમાં કાર્યવેગની સાથે-સાથે પાત્રોનાં ઉદાત્તીકરણનું કવિકર્મ પણ નોંધપાત્ર બન્યું છે. મુખ્ય બે બાબતો ધ્યાનમાં લઈ અહીં કાર્યવેગ જોઈ શકાય છે.

(૧) સીતાહરણની ઘટના ઘટી કેવી રીતે ?

(૨) સીતાહરણની આ ઘટનાનું પ્રયોજન શું ? અર્થાત્ આ પ્રસંગમાં વિશેષ કવિકર્મ શું ?

અંક ખૂલતાની સાથે જ રાજરાણી મટીને તપસ્વી બનેલી સીતા આશ્રમનું આંગણું વાળી રહી છે. બીજી તરફ વિશાળ રાજ્યની ધૂરા ભરત એકલો કેવી રીતે વહન કરશે ? એ ચિંતાથી ખિન્નહૃદયી રામ પિતૃતર્પણના બીજા એક વિચારથી વધારે દ્વિધા યુક્ત બને છે. માનવસહજ સાન્ત્વન મેળવવા પત્ની સીતા પાસે જાય છે ત્યારે રામના ગમગીન ચહેરાને સીતા તરત જ કળી જાય છે. રામ પિતાજીના શ્રાદ્ધની ચિંતા વ્યક્ત કરે છે. ત્યારે સીતા મધ્યમમાર્ગ બતાવી પુષ્પ અને પાણીથી તર્પણવિધિ કરવા જણાવે છે. પરંતુ પોતાના પિતા દશ-રથ (દશ રથીઓની સામે એકલા ટકી શકે તેવા)નું શ્રાદ્ધ આવી સામાન્ય રીતે થાય તે રામને ગમતું નથી. બરાબર એ જ વખતે નાટ્યકારે રાવણને વિવિધશાસ્ત્રોના જ્ઞાતા તરીકે ઉપસ્થિત કર્યો છે અને મુશ્કેલીમાં માર્ગ શોધતા રામ પોતાના અપ્રતિમશૌર્યના સ્વાભિમાનમાં તેમજ પિતૃતર્પણ વિશેષરીતે કરવાની ઘેલછામાં તેની વાતોમાં આવી જાય છે. રાવણ પોતાના વિવિધ શાસ્ત્રોના જ્ઞાનની સાથે શ્રાદ્ધવિધિનો ઉલ્લેખ પણ કરે છે અને રામ પોતાની ઇચ્છા વ્યક્ત કરે છે. કપટી રાવણ જુદાં-જુદાં પ્રાણીઓનાં નામોલ્લેખને અંતે કાંચનપાર્શ્વમૃગની વાત જણાવી દે છે. પણ તે અદર્શનીય છે એમ કહીને હિમાલયની વાત કરે છે. ત્યારે પોતાના અપ્રતિમશૌર્ય અને તેજથી હિમાલય સ્વયં તેમને કાંચનપાર્શ્વ દેખાડશે. જો એમ નહીં થાય તો તે પોતાના અપ્રતિમ બાણોથી ક્રૌંચપક્ષીની માફક છેદાઈને છિન્ન-ભિન્ન થશે, એવા રામના વાક્યથી ઘડીભર તો રાવણ પણ સ્તબ્ધ બની ગયો છે. છેવટે રાવણે સર્જેલા માયાવી મૃગ પાછળ રામ અદશ્ય થયા અને એકલતાનો લાભ  લઈ રાવણે સીતાનું અપહરણ કર્યું. માર્ગમાં જટાયુના પ્રતિકાર સાથે અંક સમાપ્ત થાય છે.

સીતાહરણ રામની પિતૃતર્પણની પ્રબળ મહેચ્છાથી થયું છે અને કવિકર્મ જોઈશું તો, સમાજનાં મોભાદાર પાત્રો ક્યારેક થોડાક અયોગ્ય શબ્દો પણ બોલી જાય ત્યારે તેઓ પોતાની ગરીમા ગુમાવે છે. અને સમાજમાં નિંદા, ટીકા કે અપયશ પામે છે. તેવાં પાત્રોની ગરીમાને ટકાવવાનો ભાસે અહીં યજ્ઞ કર્યો છે. જેમકે મૂળ રામાયણમાં ક્ષૂલ્લક એવા કાંચનપાર્શ્વમૃગમાં સીતા આકર્ષાઈ, રામે તેનું અનુસરણ કર્યું, મારીચે હે લક્ષ્મણ.. એવા પોકારો કર્યા અને સીતાએ આક્ષેપપૂર્ણ વચનો બોલીને લક્ષ્મણને જવા મજબૂર કર્યો. મૂળમાં રહેલી આ બધી જ બાબતોને ભાસે ભિન્નદૃષ્ટિકોણથી બદલી નાંખી છે. વેશબદલેલા રાવણની ઉપસ્થિતિ વખતે શૂશ્રુષા માટે રામે લક્ષ્મણને સાદ કર્યો ત્યારે ભાસે સીતા પાસે જ કહેવડાવ્યું છે કે, ''લક્ષ્મણને તો તમે જ સવારથી કુલપતિને તેડવા મોકલ્યા છે.'' માત્ર આટલા જ વાક્યથી સીતા જેવું ઉચ્ચપાત્ર, લક્ષ્મણ જેવા ભક્તિમાન્ પુરુષ માટે આક્ષેપપૂર્ણ

વચનો બોલી જ ન શકે એવું સ્પષ્ટ કરી દીધું છે. એથી પણ આગળ જોઈશું તો સીતાએ કાંચનપાર્શ્વમૃગની માંગણી કરી જ નથી. એટલે કે મૂળમાં રહેલો જનકનંદિની જાનકી અને દશ-રથનાં પુત્રવધૂ એવાં સીતા માટેનો સામાન્ય માગણીનો દોષ પણ ટાળી દીધો છે. પિતૃશ્રાદ્ધ માટે અતિ ઉત્સુક રામ સ્વયં મૃગની પાછળ દોડ્યા છે જેનાથી સીતાના ચાંચલ્યના અન્ય એક અવગુણને પણ દૂર કરી દીધો છે. ભાસને રાવણમાં પણ વિશેષગુણોનું દર્શન થયું છે. મૂળમાં જોવા મળતો ક્રોધ, ઘમંડી અને કામાન્ધ રાવણ અહીં તદ્દન જુદો છે. સીતાના સૌન્દર્ય માત્ર કે મોહથી અન્ધ બનીને તેણે સીતાહરણ કર્યું નથી. પરંતુ 'किं न जानीषे' એમ કહીને જનકપુરીના સ્વયંવરની વાત, શૂર્પણખાનું વિરૂપકરણ અને ખર-દૂષણના મૃત્યુને જવાબદાર ગણાવ્યું છે[૪]. તેણે એમ પણ કહ્યું છે કે ''હે વનવાસીઓ ! જો ક્ષાત્રધર્મ વહાલો હોય તો રામ આવીને સીતાને છોડાવી જાય[૫], એટલે કે સીતાહરણમાં રાવણની માત્ર વેરવૃત્તિને જ જવાબદાર ગણી છે, તેની તથાકથિક કામાન્ધવૃત્તિને ભાસે ટાળી દીધી છે. છેવટે જટાયુવધથી કથાવસ્તુને આગળ ધપાવીને ભાવિ અભિષેક તરફની કવિની કૂચ તો અવિરત ચાલુ જ છે, જે આ અંકનો સૂક્ષ્મકાર્ય વેગ છે.

છઠ્ઠા અંકમાં સીતાહરણ પછી રામે કેવી રીતે તેને પાછી મેળવી ? તે વાત પ્રત્યે સૌનું ધ્યાન જાય તે સહજ છે. પરંતુ આ વાત તો મૂળરામાયણની છે. અહીં તો ભાસ આપણને સીતાના અપહરણથી અયોધ્યામાં કેવા પડઘા પડ્યા ? તે જણાવ્યું છે. વળી, સીતાના દોષને દૂર કરીને કવિ હવે કૈકેયી તરફ વળ્યા છે. મૂળમાં ક્યાંય વાલ્મીકિએ વનમાં ગયેલા રામ માટે અયોધ્યાવાસીઓ ચિંતિત હોય એવો ઉલ્લેખ માત્ર પણ નથી કર્યો અર્થાત્ પાછું વળીને જોયું જ નથી. આ દૃષ્ટિએ જોઈશું તો ભાસનું પ્રતિમાનાટક વાલ્મીકિના રામાયણની પણ ટીકા કરતું નાટક છે, એવું કહેવામાં અતિશયોક્તિ નથી. કારણ કે જો ભરતને સાચો ભ્રાતૃભાવ ન હોત તો તેણે સુમન્ત્રને મોકલ્યો જ ન હોત, પણ જાસૂસને મોકલ્યો હોત અને રામના પુનરાગમન પહેલાં અયોધ્યાના એક સફળ રાજ્યકર્તા તરીકેની પોતાની વિશેષ છાપ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો હોત, આ દૃષ્ટિએ પણ ભાસનું કવિકર્મ વિશિષ્ટતાવાળું છે. આમ, સુમન્ત્રની માહિતીને આધારે સીતાહરણથી ભરતના મનમાં ઉઠેલા ભાવો એ જ આ અંકનો કાર્યવેગ છે. ભરતનું તાટસ્થ્ય અને માતા પ્રત્યેનો ક્રોધ કૈકેયીને બોલવા માટે મજબૂર કરે છે. ત્રીજા અંકમાં કહેલા '' जात ! देशकाले निवेदयामि'' માટે કૈકેયીને હવે લાગે છે કે, ''इदानीं स कालः'' અને તે ભરતને વસ્તુસ્થિતિ જણાવે છે કે, મહારાજ દશરથને શાપ હતો કે તેઓ પુત્રવિયોગે મરશે. પુત્ર વિયોગ પુત્રમૃત્યુથી પણ થઈ શકે. આ બાબતને ટાળવા પોતે જ રામના વનવાસની માગણી કરીને અનિવાર્ય પુત્રવિયોગ ઊભો કર્યો છે. જ્યારે ભરત તો ઘણા વખતથી રાજાથી દૂર (મોસાળમાં) હતો એટલે તેનો વિયોગ તો રાજાને સદી ગયો હતો. વળી, ચૌદ વર્ષ વનવાસ કેમ ? તેની સ્પષ્ટતા જોઈશું તો પતિમૃત્યુથી જે સ્વયં વૈધવ્ય પામવાની છે તે સ્ત્રીની ચિંતા અને વ્યાકુળતા કેટલી હોય ? માત્ર આ જ કારણે ચૌદ દિવસને બદલે ચૌદ વર્ષ થઈ ગયું છે. સાચી પરિસ્થિતિ જાણતા જ ભરત નિર્દોષ-માતાની ક્ષમા માંગે છે, અને રામ મદદ માટે સૈન્ય મોકલવા આદેશ આપે છે.

---

૪. युद्धे येन सुराः सदानवगणाः शक्रादयो निर्जिताः
दृष्ट्वा शूर्पणखाविरूपकरणं श्रुत्वा हतौ भासरौ।
दर्पाद् दुर्मतिमप्रमेयबलिं रामं विलोभ्यच्छलैः
स त्वां हर्तुमना विशालनयने प्राप्तोऽस्म्यकं रावणः ॥ (૫.૧૬) પ્રતિમાનાટક, સરસ્વતી પુસ્તક ભંડાર, અમદાવાદ, આવૃત્તિ ૧૯૮૯, પાન નં ૭૨

૫. बलादेष दशग्रीवः सीतामायाय गच्छति।
क्षात्रधर्मे यदि स्निग्धः कुर्याद्रामः पराक्रमम् ॥ (૫.૨૧) એજન

છઠ્ઠો અંક રહસ્યોનું ઉદ્‌ઘાટન છે. પ્રથમ અંકમાં રામે કૈકેયી માટે વ્યક્ત કરેલી શ્રદ્ધા, ''तेन हि उदर्केण गुणेन अत्र भवितव्यम्।'' એ વાત અહીં સાર્થક થઈ છે. રામના તે રહસ્યમય વાક્યનો ઘટસ્ફોટ ભાસે છેક છઠ્ઠા અંકમાં કર્યો છે. ભાસ માને છે કે શું અપરમાતા ક્યારેય સાચી માતા ન થઈ શકે ? તે બાબત તેમણે અહીં સિદ્ધ કરી બતાવી છે. કૈકેયીએ અપરમાતા થઈને, વળી, સાદ્યન્ત મૌન સેવીને અને જગતની નિંદા, ટીકા કે અપયશ સહન કરીને પણ રામનું જ શુભ કરવાનો જે મનસુબો સેવ્યો હતો તે છેવટે સિદ્ધ કરી બતાવ્યો છે. આમ, કૈકેયીના પાત્રના આવા ઉમદા ઉદાત્તીકરણથી ભાસે વાલ્મીકિથી પણ એક કદમ આગળ જઈને પોતાનું વિશિષ્ટ કવિકર્મ પ્રદર્શિત કર્યું છે.

સાતમા અંકમાં બધા જ સમીકરણો સમેટાઈ જતા જણાય છે. પ્રથમ અંકનો બંધ રહેલો કે ભંગ થયેલો અભિષેક પુનઃ પલ્લવિત કરવા માટે કવિએ સાદ્યન્ત યત્ન કર્યો. રામે રાવણનો નાશ કર્યો, વિભીષણને ગાદીએ બેસાડ્યો અને સીતાને મેળલીને રીંછ, વાનર અને રાક્ષસોની સાથે જનસ્થાનમાં આવ્યા છે. નરમાંભક્ષી રાક્ષસોના ભોજનપ્રબન્ધ અંગેની થોડી ચિન્તા છે. કારણ કે આશ્રમની અહિંસકતા સાથે તેમનો દુર્મેળ અને થોડોક ભય પણ સતાવે છે. રામ-સીતાના આશ્રમવાસીઓ સાથેના મીલનમાં વનજીવનમાં સંસ્મરણોનું દર્શન થાય છે. જેનાથી વિયોગ થયો હતો તે કાંચનપાર્શ્વમૃગ અને રાવણના અપહરણની યાદથી સીતા ચિંતાથી ઘેરાઈ જાય છે. ત્યારે રામ 'अतिक्रान्तः खलु एषः कालः' કહીને આશ્વાસન આપે છે. એટલામાં દૂર ઊડતી ધૂળ સૈન્ય અને માતાઓ સાથે ભરત આવ્યો હોવાનો અણસાર આપે છે. ભરત પોતાની જવાબદારી લઈ લેવા રામને જણાવે છે ત્યારે રામ 'कथमिव' એમ બોલે છે. જે સુસંગત નથી. પરંતુ આ કવિકર્મ છે. તેમણે આ શબ્દો રામનો વનવાસ અને ભરતનો રાજ્યાભિષેક માગનારી કૈકેયીને બોલાવડાવવા મૂક્યા (હોય તેમ લાગે) છે. કૈકેયી કહે છે ''जात! चिराभिलषितः खलु एषः मनोरथः'' ''આ તો લાંબા સમયથી સેવેલો મનોરથ છે.'' આ શબ્દોથી કૈકેયીએ આગળ ઉપર કરેલી ભરતના રાજ્યાભિષેકની રામવિરોધી માગણીનું વિષ સંપૂર્ણ ધોવાઈ જાય છે. કૈકેયી હવે સહુ કોઈની દૃષ્ટિએ સ્વચ્છ, નિર્દોષ અને નિર્લોભી સાબિત થાય છે. હવે રામના રાજ્યાભિષેક આડે કોઈ માનસિક અંતરાય રહેતો નથી. છેવટે વસિષ્ઠ-વામદેવ અને પુરોહિતો રામને અભિષિક્ત કરે છે અને પુષ્પકવિમાન દ્વારા સૌ અયોધ્યા તરફ પ્રયાણ કરે છે.

આમ, પ્રથમ અંકથી શરૂ થયેલો અભિષેક ભંગ થયો પરંતુ સાતમાં અંકમાં આવીને ભાસે તેને પરિપૂર્ણ કર્યો છે. અહીં જનસ્થાનમાં અભિષેક કરાવીને ભાસે મોટું પરિવર્તન કર્યું છે. વળી, અભિષેક વખતે સ્થળનું નહીં પણ કાળનું એટલે કે તે ક્ષણોનું મહત્ત્વ વિશેષ જાળવ્યું છે. જેમ ત્રીજા અંકમાં નગરના સીમાડે પ્રતિમાગૃહ પાસે ભરતનો અભિષેક કરવા અભિષેકજળ સાથે ઋષિઓ આવ્યા હતા, તેમ અહીં વસિષ્ઠ અને વામદેવ જનસ્થાનમાં આવ્યા છે. વળી, જનસ્થાન જેવા તપઃપ્રધાન સાત્ત્વિક વાતાવરણમાં અભિષેક કરીને તેની એવી શુદ્ધિ કરી છે કે હવે પછી તે બંધ રહે તેવું કોઈ કલંક તેને લાગવાનું જ નથી. આમ, હવે પ્રસ્થાપિત કરેલો રાજ્યાભિષેક શાશ્વતકાલિક છે. આમ, આખાયે નાટકના ચાલકબળ તરીકે કવિનો સૂક્ષ્મકાર્યવેગ સતત પ્રવર્તે છે. અભિષેક ભંગને પુનઃ પ્રસ્થાપિત અને ચિરકાલિક કરવા કવિએ સૂક્ષ્મકાર્યને સતત વહાવીને અભિષેકકાર્ય સર્વાર્થ સમ્પન્ન કર્યું છે.

=o=

# कठोपनिषदि क्त्वाप्रत्ययान्तशब्दानाम् आर्थिकः विमर्शः[१]

प्रा. जतीन रा. चावडा, शोधछात्रः, (जे. आर. एफ.)
संस्कृतविभागः, भाषा-साहित्यभवन, गुजरात युनिवर्सिटी, अहमदाबाद

**प्रास्ताविकम् :**

भारतीयायां चिंतनपरम्परायाम् न केवलं दार्शनिकं परन्तु शब्दानाम् आर्थिकं चिंतनमपि व्याकरणानुगतं भवति। यथा व्याकरणानुगताः केचन कालवाचिनः प्रत्ययाः सन्ति तेषाम् अध्ययनमपि साम्प्रते काले अपेक्षितं भवति। तत्र उपनिषत्सु कठोपनिषत् वर्तते तस्यां कालवाची प्रत्ययः ''क्त्वा'' अस्ति। तेन सह सम्बन्धितानां शब्दानाम् आर्थिकः विमर्शोऽत्र कर्तव्यमस्ति। 'क्त्वा' प्रत्ययः यत्र क्रियते तत्र तस्मात्पूर्वम् एका क्रिया विधीयते तस्मात्परमपि द्वितीया क्रिया विधीयते। अनेन प्रकारेण 'क्त्वा' प्रत्ययेन सह क्रियाद्वयोः सम्बन्धः अस्ति। तस्मिन् सम्बन्धे अर्थः कः प्राप्यते इति विचारमवलम्ब्य अत्र शोधपत्रं सज्जीकरोमि।

**विषयवस्तु :**

कठोपनिषदि प्रथमायां वल्ल्यां सप्तदशमः मन्त्रः वर्तते। तद्यथा –

**''त्रिणाचिकेतस्त्रिभिरेत्य सन्धिं त्रिकर्मकृतरति जन्ममृत्यु।**
**ब्रह्मजज्ञं देवमीड्यं विदित्वा निचाय्येमाँ शान्तिमत्यन्तमेति॥[२]''**

अत्र **'क्त्वा'** प्रत्यययुक्तं पदमस्ति **'विदित्वा'**। **'विद् ज्ञाने'** इत्यनेन धातुना निष्पन्नोऽयं शब्दः अवगमनार्थकः वर्तते। किम् अवगन्तव्यमस्ति अस्मिन् विचारे ब्रह्मजज्ञं अवगन्तव्यमस्ति। अत्र प्रथमं पदमस्ति ब्रह्मजज्ञं तं विदित्वा अत्यन्तम् शान्तिमेति। यमाचार्यः नचिकेतसे उपदेशं दत्तवान् यद् यदि त्वं स्वर्ग्यमग्निं कामयसे चेत् ब्रह्मयज्ञं विदित्वा एव सम्पन्नं भविष्यति। तदनन्तरम् अत्यन्तं शान्तिम् प्राप्तुं समर्थः भविष्यति। **''त्रिणाचिकेतम्''** इति नामाभिधानमपि नचिकेतसे यमाचार्येण त्रिविधस्य अग्नेः कृतमस्ति। पुनः तदनु अग्रिमे मन्त्रे अपि ''विदित्वा'' शब्दस्य प्रयोग अस्मिन्नेव प्रसंगे कृतः वर्तते तत्र स्पष्टतया निर्देशितं वर्तते यत् ज्ञानं तु प्राप्यते परन्तु यदि चयनं न भवति चेद् तस्य ज्ञानस्य क्रियायाम् उपयोगः कर्तव्यः तदैव स्वर्गलोके साधकः मोदते[३]।

तथैव द्वितीयायां वल्ल्याम् एकादशमः मन्त्रः त्रिविधाम् ऐषणाम् उपदिशति। तद्यथा –

**''कामस्याप्तिं जगतः प्रतिष्ठां क्रतोरानन्त्यमभयस्य पारम्।**
**स्तोमं महदुरुगायं प्रतिष्ठां दृष्ट्वा धृत्या धीरो नचिकेतोऽत्यस्त्राक्षी॥[४]''**

---

१. श्री बी.डी. आर्ट्स महाविद्यालयेन आर्यसमाज-थलतेजेन च समायोजितायाम् अन्ताराष्ट्रिय-वेद-उपनिषद्-संगोष्ठ्यां प्रस्तुतम्।
२. कठोपनिषद् - १-१-१७
३. कठोपनिषद् - १-१-१८
४. कठोपनिषद् - १-२-११

अत्र '**दृष्ट्वा**' पदं सर्वाषां ऐषणानां स्वसमक्षं दर्शनं कृत्वाऽपि नचिकेता तासां ग्रहणं न वाञ्छति। स तु केवलं तज्ज्ञानं प्राप्तुम् इच्छति यत् यमाचार्यस्य पार्श्वे मृत्युसम्बन्धितम् अस्ति। दृष्ट्वा पदेन इदं स्वीकर्तुं वयं शक्नुमः यत् यमाचार्यः न केवलं ज्ञानी अस्ति परन्तु तस्य पार्श्वे जगतः सर्वं वैभवमपि अस्ति, तम् वैभवम् दर्शयित्वा सः नचिकेतसः परीक्षां करोति। नचिकेता सर्वाणि जागतिकानि वस्तूनी दृष्ट्वा अपि अमृतत्वाय यतते। सः लोभरूपाणि वस्तुनि त्यक्त्वान्। यथा पुत्रैषणा, वित्तैषणा, लोकेषणा च। तदनु अपरस्यां पङ्क्तौ यमाचार्यः नचिकेतसम् आत्मज्ञानम् अवबोधयति यत् अध्यात्मयोगाधिगमेन तं देवं मत्वा एव स धीरः हर्षशोकौ जहाति[५]। अत्राऽपि '**मत्वा**' पदम् उभाभ्यां पदाभ्यां सह सम्बन्धितमस्ति। यथा तं देवं मत्वा एव धीरः हर्षशोकौ जहाति। तं गूढं रहस्यं श्रुत्वा तस्य श्रवणं मननं निदिध्यासनं च कृत्वा नचिकेता तज्ज्ञानं लब्धवान् अत एव सः मोदते[६]। '**लब्ध्वा**' पदेन तस्य महतः आनन्दस्य प्राप्तिः पश्चात् नचिकेतसे आत्मप्राप्तिमार्ग प्रशस्तं भवति।

पुनः आत्मज्ञानस्य उपदेशं कृत्वा यमाचार्यः नचिकेतसं तत्स्वरूपं दर्शयति यस्मिन् अक्षरे सर्वं प्रतिष्ठितम् अस्ति। तद्यथा –

**''एतद्ध्येवाक्षरं ज्ञात्वा यो यदिच्छसि तस्य तत् ॥[७]''**

तथा च –

**''एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीयते ॥[८]''**

अस्मिन् मन्त्रे तस्य परमात्मनः नाम किमस्ति तस्मिन् विषये उपदिष्टं वर्तते। यथा योगदर्शने उल्लिखतमस्ति **''तस्य वाचकः प्रणवः''**[९] अपि **''तज्जपस्तदर्थभावनम्''**[१०] एतयो सूत्रयोः यः भावः वर्तते सः अत्र उल्लिखितं वर्तते। परब्रह्मणः तदेव अक्षरं अस्ति यद् दर्शनेषु वैदिकसाहित्ये च निर्दिष्टम् अस्ति। अत्र **''ज्ञात्वा''** पदेन प्रथमे मन्त्रे तस्य स्वरूपं कथितं वर्तते तत् पश्चात् अपरस्मिन् मन्त्रे तस्य आलम्बनमेव श्रेष्ठमस्ति इत्यस्मिन् विषये यमाचार्यः नचिकेतसे कथयति। उभयोः मन्त्रयोः ''ज्ञात्वा'' पदेन प्रथमस्य पदस्य अन्तिमेन क्रियापदेन सह संलग्नता दर्शिता अस्ति। ज्ञानावगमनानन्तरं का क्रिया भवति तस्य भावस्य निरूपणमपि क्रियापदेन माध्यमेन कृतमस्ति। यथा ऋग्वेदेऽपि उपलभ्यते –

**''ऋचो अक्षरे परमे व्योमन् यस्मिन्देवा अधिविश्वे निषेदुः।**
**यस्तन्न वेद किमृचा करिष्यति य इत्तद्विदुस्त इमे समासते ॥[११]''**

५. कठोपनिषद् – १-२-१२
६. कठोपनिषद् – १-२-१३
७. कठोपनिषद् – १-२-१६
८. कठोपनिषद् – १-२-१७
९. योगदर्शनम् – १-२७
१०. योगदर्शनम् – १-२८
११. ऋग्वेदः – १-१६४-३९

अस्यामेव वल्ल्यां अपरस्मिन् मन्त्रे ''**मत्वा**'' पदेन उपदिष्टं वर्तते यत् परमात्मनः स्वरूपं मत्वा धीरः पुरुषः सुखी भवति न पुनः शोचति[१२] । तां स्थितिं प्राप्य धीरः परमात्मनि एव संलग्नो भवति । परमात्मनि एव संलग्नीभूत्वा स संसारे विहरति ।

प्रथमे अध्याये तृतीयायां वल्ल्यां परमात्मनः निरुपणानन्तरम् षोडशे मन्त्रे अस्य अध्यायस्य वल्ल्याः च सारतत्त्वं यमाचार्यः वक्ति । यत् इदं नचिकेतोपाख्यानम् उक्त्वा श्रुत्वा च मेधावी ब्रह्मलोके महीयते । अत्र '**उक्त्वा**' '**श्रुत्वा**' च शब्देन सम्पूर्णस्य अध्यायस्य सारं विवृतमस्ति ।

द्वितीये अध्याये अनेन प्रकारेण प्रथमायां वल्ल्यां द्वितीये मन्त्रे '**विदित्वा**' इत्यस्य पदस्य प्रयोगं कृतं वर्तते । अत्र यानि इन्द्रियाणि सन्ति तेषां प्रतिपादनं कृत्वा विषयेषु गतिः कीदृशी अस्ति इति निर्दिष्टं वर्तते । परन्तु ये धीराः सन्ति ते अध्रुवेषु ध्रुवं न कामयन्ते[१३] । एतत् '**विदित्वा**' पदेन निर्दिष्टं वर्तते । पुनः चतुर्थे मन्त्रे '**मत्वा**' पदं आत्मानं जानाति तस्य विषयस्य अथ च तं ज्ञात्वा धीरो न शोचति इत्यस्य विषयस्य कथनम् अस्ति[१४] ।

तृतीयायां वल्ल्यां इन्द्रियाणाम् आत्मनः च पृथक् सत्ता वर्तते एतत् मत्वा धीरः न शोचति इति षष्ठे मन्त्रे निष्पादितं वर्तते[१५] ।

अनेन प्रकारेण स्थूलविषात् सूक्ष्मं प्रति कीदृशी स्थितिः भवति तस्य प्रतिपादनं अष्टमे मन्त्रे '**ज्ञात्वा**' पदेन यमाचार्यः नचिकेतम् उपदिशति । अन्तिमे च क्त्वा-प्रत्ययान्त पदे सूक्ष्मातिसूक्ष्मं विषयं ज्ञात्वा जीवात्मा मुच्यते अमृतत्त्वं च गच्छति ।

**उपसंहारः —**

कठोपनिषदि क्त्वा-प्रत्ययान्तानां पदानां संख्या तु अधिका न अस्ति तथापि अति महत्त्वपूर्णं वस्तु अस्ति यत् एभिः पदैः सर्वस्याः उपनिषदः यत्सारतत्त्वं वर्तते तत् वयं ज्ञातुं शक्नुमः । या धारावाहीता एभिः पदैः प्राप्यते सा उपनिषदः आत्मतत्त्वं विवृणुते ।

**ग्रन्थसूची —**


**एकादशोपनिषद् ( प्रथमः भागः ) —** डॉ. सत्यव्रत सिद्धान्तालङ्कारसंपादिता, प्रकाशकः - विजयकृष्णः लखनपालः, नवी देहली - ४८

**ऋग्वेदः ( महर्षि दयानन्दः ) —** प्रकाशनः - वैदिकपुस्तकालयः, अजमेरः

**योगदर्शनम् —** प्रकाशकः - वैदिकपुस्तकालयः, अजमेरः


१२. कठोपनिषद् - १-२-२२
१३. कठोपनिषद् - २-१-२
१४. कठोपनिषद् - २-१-४
१५. कठोपनिषद् - २-३-६

# स्वर्णिम्भारते संस्कृतसंस्कृत्योः योगदानम्

साधुः मुनिवत्सलदासः
दर्शनम् संस्कृतमहाविद्यालयः, एस.जी.वी.पी.

**यथा सुवर्णं सर्वधातुप्रधानं**
**तथा भारतं राजते देशवृन्दे ।**
**यशोगीतिगीत्यै समाराधितेऽस्मिन्**
**अहं भारती योगदाने ब्रवीमि ॥**

यथाऽवसरप्राप्ते प्रातःकाले आदित्यः रात्रिकृतं तिमिरं दूरीकृत्य समुदेति, यथा च नवपल्लवितवृक्षः यथासमयं फलप्रदः भवति, तद्वत् अयं कालः भारतवर्षस्य कृते सुवर्णकालः । यतो हि अस्मिन् समये सर्वेऽपि भारतीयाः स्वर्णिभारतनिर्माणे निरताः वर्तन्ते । तत्रादौ स्वर्णिभारतस्य केचन सङ्कल्पाः एवं वर्तन्ते यत् – भारतस्य आर्थिकविकासः सामाजिकविकासः, स्त्रीणां गौरवहानिकारकव्यवहारत्यागः, एकतायाः समर्थनं तद्रक्षणञ्च, प्रादेशिकधार्मिकभेदेभ्यः परं स्थित्वा, समस्तभारते समानबन्धुत्वभावनायाः वृद्धिः, प्राकृतिकपर्यावरणरक्षा तत्सुधारणा च सर्वेषां कर्तव्यं भवेत् इत्यादि ।

तत्र स्वर्णिम्भारतनिर्माणे संस्कृतसंस्कृत्योः किं योगदानम् ? तत्रादौ किन्नाम संस्कृतम् ? संस्कृति परिष्कृता व्याकरणनियमपरिशुद्धा विज्ञाननिकषोपलपरीक्षिता च या भाषा सा संस्कृतभाषा इति । संस्कृतमेव संस्कृतेः जननी । संस्कृतगौरवभूते ऋग्वेदे एव वर्णितं यत् – **सा प्रथमा संस्कृतिर्विश्ववारा** इति । यथा बहुरत्ना वसुंधरा तद्वत् बहुफलप्रदः अस्माकं संस्कृतवाङ्मयाकाशाः । तेन च वयं बह्वर्थकाः भवामः । संस्कृतवाङ्मयाकाशात् पतितेभ्यः बीजेभ्यः एव अस्माकं स्वर्णिभारतस्य औत्कृष्ट्यं वैशिष्ट्यञ्च दरिदृश्यते । संस्कृतभाषा देवभाषा अर्थात् अस्यां भूमौ ये देवसदृशाः वर्तन्ते, तेषामेव एषा भाषा, न तु केवलं स्वर्गस्थानां देवानाम् । अतः स्वर्णि भारतनिर्माणे अस्माभिः सर्वैरपि देवसदृशैः भाव्यम् इत्येव संस्कृतस्यादेशः ।

अस्माकं समाजोपरि कर्तव्यस्य प्रगाढप्रभावो दरीदृश्यते । यावत् पर्यन्तं समाजे सर्वेऽपि जनाः स्वकर्तव्यपालनं न करिष्यन्ति, तावत् समाजस्य उन्नतिः अशक्या एव । यदि वयं स्वर्णिभारतनिर्माणं वाञ्छामश्चेत् प्रथमन्तावत् सर्वैः स्वकर्तव्यपालनं सम्यक्तया कर्तव्यम् आपतति । अस्माकं वेदेष्वेव उक्तं यत् – **कुर्वन्नेवेह कर्माणि जिजिवेषेच्छतं समाः** इति । संस्कृतशास्त्रेषु भगवान् स्वयमेव स्वकर्तव्यप्राधान्यं पार्थमुद्दिश्य कथयति यत् – **न मे पार्थोऽस्ति कर्तव्यं त्रिषु लोकेषु किञ्चन् । नानवाप्तमवाप्तव्यं वर्त एव च कर्मणि** इति ।

अस्माकं संस्कृतसाहित्ये सुभाषितवाक्यानि आदर्शनागरिकनिर्माणे उपयुक्तानि भवन्ति । स्वर्णिभारतस्य निर्माणं तदानीमेव भवितुमर्हति यदा भारतस्य प्रत्येकनागरिक आदर्शनागरिकजीवनं यापयति । अस्माकं वेदेष्वेव उक्तं यत् – **सत्यं वद । धर्मं चर । मातृदेवो भव । पितृदेवो भव । आचार्यदेवो भव । अतिथिदेवो भव** इति ।

पूर्वं संस्कृतभाषा लोकभाषाऽसीत् तस्मात् तस्मिन् समये अखण्डभारतस्य छाया दृश्यते । साम्प्रतं स्वर्णिभारतनिर्माणे एकता तु परमावश्यकी । अतः अस्माकं राष्ट्रियैकतायाः दृष्ट्या संस्कृतस्य अमूल्यं योगदानम् । संस्कृतं हि **विविधतायामेकता** तथा च **वसुधैव कुटुम्बकम्** इत्यादिभिः सूत्रैः विविधावस्थायामपि मूलभूतैकतायाः परिचयं कारयति । शास्त्रेष्वेव उक्तं यत् – **संघे शक्तिः कलौ युगे** इति । आङ्गलभाषायामपि उक्तं यत् – Where ghere is unity there is always Victory.

स्वर्णिभारतनिर्माणे उत्तमसाहित्यसर्जनमपि आवश्यकम् । अनेकासां साहित्यघटनानाम् आधारशीला संस्कृतभाषा एव । यतोहि सर्वेऽपि पौराणिकग्रन्थाः संस्कृतभाषायामेव विनिर्मिताः वर्तन्ते । आधुनिकसाहित्यकाराः स्वरचनासु प्रायशः पौराणिकप्रसङ्गान्नेव वर्णयन्ति । अतः आधुनिकसाहित्यसर्जनस्य मूलं संस्कृतमेव । विश्वप्रसिद्धानि रामायणमहाभारतादि महाकाव्यानि संस्कृतस्यैव योगदानम् । महर्षिणा वेदव्यासेन अष्टादशपुराणानि विनिर्मितानि । तेषां साररूपेण प्रसिद्धं श्लोकमिदम् –

**अष्टादशपुराणेषु व्यासस्य वचनद्वयम् ।**
**परोपकारः पुण्याय पापाय परपीडनम् ॥**

स्वर्णिम्भारतनिर्माणे आदर्शलोकनायक अपेक्षितः खलु । यथाद्यतनकाले अस्माकं मोदीमहोदयाः । नाम्ना एव ज्ञायते यत् नराणाम् इन्द्रः इति नरेन्द्रः । अधुना नरेन्द्रस्य शासनं नरेन्द्रशासनमिव भाति । आदर्शलोकनायकनिर्माणाय उत्तमा राजनीतिः आवश्यकी । तर्हि राजनीतिः कीदृशी भवेत् इत्ययं विषयस्तु संस्कृतशास्त्रेष्वेवं दृश्यते यत् –

**आन्वेक्षिकी त्रयी वार्ता दण्डनीतिश्च शाश्वती ।**
**विद्याश्चैताश्चतस्त्रस्तु लोकसंस्थितिहेतवः ॥** इति

अर्थात् राजनीतौ आन्विक्षिकी, त्रयी, वार्ता, दण्डनीतिश्चैतासां चतसृणां विद्यानां समन्वयः । अर्थात् आन्वीक्षिक्यां तु विज्ञानम्, वेदे धर्माधर्मौ, वार्तायाम् अर्थानर्थौ, दण्डनीत्याञ्च न्यायान्यायौ इत्येतत्सर्वं विचारणीयं भवति । कौटिल्यनीतिं तु साम्प्रतम् आधुनिका अपि अनुसरन्ति ।

संस्कृतसाहित्ये नीतिशास्त्राण्यपि मानवान् जीवनपथप्रदर्शनं कुर्वन्ति । यथा स्वयंवरे कन्या बहुषु पुरुषेषु श्रेष्ठतमं पुरुषमेवावचिनोति तद्वत् सर्वसम्पत्तय अपि सम्यक् विचार्य कार्यकर्तारमेवं पुरुषं वृणोति । अतः सर्वैः सर्वं कार्यं सम्यगालोच्यैव कर्तव्यम् इतीमं विषयं प्रतिपादयितुं भर्तृहरिः नीतिशतके कथयति यत् –

**कर्मायत्तं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ।**
**तथापि सुधिया भाव्यं सुविचार्यैव कुर्वता ॥**

अद्य भारतीयैः स्वप्रतिष्ठा अपेक्ष्यते चेत् आचार्यकौटिल्यनीतिरेव अनुसरणीया । यतो हि **अतप्तलोहौ लोहेन न संधीयते** इति कौटिल्यार्थशास्त्रम् । आधुनिकसमये आर्जवं हि कुटिलेषु न नीतिः, किन्तु **शठे शाठ्यं समाचरेत्** इत्यैव नीतिः । यतो हि महाकविना संस्कृतगौरवपूर्णे किरातार्जुनीये महाकाव्ये उक्तं यत् – **शमेन सिद्धिं मुनयः प्राप्नुवन्ति न तु राजानः** अत एव आङ्गलभाषायामपि उक्तं यत् – Tit For Tat अतः विश्वासघातिनं प्रति चाणक्यनीतिरेव ग्राह्या, तस्मादेव राष्ट्ररक्षा राष्ट्रप्रतिष्ठा च संभवितुमर्हति । साम्प्रतं अस्माभिः भारतीयैः सर्वेषामपि

वैदेशिकानां प्रतिकारः न केवलं शास्त्रैं अपि तु शस्त्रैरपि कर्तव्यमापतति । तदानीमेव भारतवर्षस्य पुनरुद्धारः भविष्यति ।

**द्वितीयं स्वर्णिभारतनिर्माणे संस्कृते किं योगदानम् ?** तत्रादौ का नाम संस्कृतिः ? उत्तमसंस्कारसम्पन्ना, सदाचारपूता, ऋषिमुनिप्रणीता, पुरातनाचार्यानुमता च या जीवनपद्धतिः सैव संस्कृतिः । अस्माकं संस्कृत्यानुसारं सर्वे मानवाः एकस्यैव पितुः परमेश्वरस्य पुत्राः । अत एव सर्वे परस्परं बान्धवाः । अस्माकं संस्कृतिः सर्वेषां मङ्गलं इत्थं कामयते यत् –

**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।**
**सर्वे भद्राणि पश्यन्तु मा कश्चिद् दुःखभाग् भवेत् ॥** इति

परिशुद्धं पर्यावरणं स्वर्णिभारतस्य अभिन्नमङ्गं वर्तते । अतः सर्वैः प्राकृतिकपर्यावरणसुरक्षा कर्तव्या । अस्माकं संस्कृतौ पर्यावरणं परमेश्वरस्य पवित्रतायाः शुद्धतायाश्च द्वितीयं स्वरूपमस्ति । स्वर्णिभारतनिर्माणं तदानीमेव भवितुमर्हति यदा सर्वेऽपि जनाः सुसंस्कृताः संस्कृतिसंरक्षकाश्च भूत्वा प्राकृतिकपर्यावरणसुरक्षां करिष्यन्ति ।

स्वर्णिम्भारतनिर्माणाय युवकाः महत्त्वपूर्णं स्थानं भजन्ते । स्वर्णिभारतस्य निर्माणं तदानीमेव भवितुमर्हति यदा युवकानां बौद्धिकविकासो सम्यक्तया भविष्यति । यदोहि ज्ञानं विकाससाधनम्, परिशुद्धज्ञानाय ध्रुवास्मृतिरनिवार्या, ध्रुवस्मृतिस्तु आहारशुद्ध्यधीना । अस्माकं शास्त्रेष्वेव उक्तं यत् – **आहारशुद्धौ सत्त्वशुद्धिः, सत्त्वशुद्धौ ध्रुवास्मृतिः** इति । साम्प्रतं तु सर्वेऽपि जनाः यत्र-कुत्रापि, यस्मिन्-कस्मिन्नपि समये, येन-केनापि, येन-केन प्रकारेण विनिर्मितम् अन्नं सानन्देन भुञ्जते । सा तु अस्माकं संस्कृतिः न, अपि तु विकृतिरेव । अत एव वेदेषु उक्तं यत् – **न कलञ्जं भक्षयेत्** इति ।

इत्थं स्वर्णिम्भारतनिर्माणे संस्कृतसंस्कृत्योः अतुलितं योगदानम् । यदि अस्माभिः संस्कृतसंस्कृत्योः अनुसरणं क्रियते चेत् स्वर्णिभारतनिर्माणं सुकरं सुनिश्चितमेव । अतः सर्वैः संस्कृतसंस्कृत्योः अनुसरणं कर्तव्यमेव ।

पुरा अस्माकं देशे मानवानां जीवनं देशे मानवानां जीवनं सुन्दरं पवित्रञ्च आसीत् । तत्र कारणं वर्तते यत् – तस्मिन् समये सर्वेऽपि जनाः संस्कृतिम् अनुसरन्तः संरक्षन्तश्चासन् । साम्प्रतं सर्वैः स्वर्णिभारतनिर्माणं कल्प्यते चेत् अस्माकं ऋषिपरम्परायाः अनुसरणेन संस्कृतेश्च परिपालनेन स्वर्णिभारतस्य ध्येयानि फलन्त्येव इति नास्त्यत्र शङ्कावकाशः ।

स्वर्णिम्भारतनिर्माणे केचन सङ्कल्पाः एवं वर्तन्ते यत् – भारतवर्षस्य आर्थिकविकासः, सामाजिकविकासःस्त्रीणां गौरवहानिकारकव्यवहारत्यागः, एकतायाः समर्थनं तद्रक्षणञ्च, प्रादेशिकधार्मिकभेदेभ्यः परं स्थित्वा समस्तभारतवर्षे समानबन्धुत्वभावनायाः वृद्धिः, प्राकृतिकपर्यावरणरक्षा तत्सुधारणा च सर्वेषां कर्तव्यं भवेत् इत्यादि ।

अतः **उत्तिष्ठत जाग्रत प्राप्य वरान् निबोधत ।**

=०=

# राजतरङ्गिण्यां प्रयुक्ता अलङ्काराः – एकम् अध्ययनम्

**उमेशकुमार आर. अवस्थी,** शोधछात्र
महर्षि वेदविज्ञान अकादमी, अहमदाबाद

संस्कृतस्येतिहासकवीनां सूर्यमिव देदीप्यमानो महाकविः कल्हणः कश्मीरनिवास्यासीत्। कल्हणस्य जन्म प्रवरपुरे (परिहासपुरे) १०९८ तमे खैस्ताब्देऽभवदिति अनुमितम् । ब्राह्मणकुलोद्भवाद् देववाणीसंस्कृतोपरि तस्य जन्मसिद्धप्रभुत्वमासीत्। तस्य पितुर्नाम चण्पकः चम्पको वा। चम्पकः कश्मीरनरेशस्य महाराजहर्षदेवस्य (१०८९–११०१ ई. स.) महामात्यपदोपर्यधिष्ठितः।

काश्मीरिकभाषानुसारं कवेर्नाम 'कल्हणः' आसीत् । परन्तु अस्य संस्कृतरूपं 'कल्याणः' भवति । श्रीकण्ठचरितस्य कर्त्रा मङ्खकेन कल्हणः 'कल्याण' इति नाम्ना एव सम्बोधितः । मङ्खकः स्वकृतौ श्रीकण्ठचरिते कल्हणस्य गुरुवर–अलकदत्तस्याप्युल्लेखं करोति । गुरु अलकदत्तस्य सत्प्रेरणया प्रेरणान्वितेन कल्हणेन राज्ञां वास्तविकेतिहासस्य स्रोतस्विनी 'राजतरङ्गिणी' स्वरूपेण प्रवाहिता।

राजतरङ्गिणी ग्रन्थस्यातिरिक्ता 'जयसिंहाभ्युदयम्[२]' इति नाम कृतिरपि कल्हणेन प्रणीता इत्युल्लेखमपि प्राप्तं भवति परन्तु साम्प्रतसमये इयं रचना दुर्भाग्यत्वादनुपलब्धाऽस्ति । तथापि एकैव कृतिः राजतरङ्गिणी महाकविकल्हणमैतिहासिककविषु 'इतिहासकविकुलशिरोमणिः' इति स्थानोपरि प्रस्थापयति। यथा संस्कृतमहाकविषु कनिष्ठिकाधिष्ठितः कालिदासः तथैव संस्कृतस्य इतिहासकविषु कल्हणः कनिष्ठिकाधिष्ठितः। वाचस्पति कैरोलामहाभागाः 'संस्कृत साहित्य का इतिहास' इत्यस्मिन् स्वलिखितग्रन्थे राजतरङ्गिणीमैतिहासिकमहाकाव्यपरम्परायां लिखितान् ग्रन्थानां ग्रन्थानां सर्वाधिकप्रौढतमां रचनां मन्यन्ते[३]।

महाकविकल्हणस्याध्ययनं गाम्भीर्यपूर्णतां धत्ते। तेन इतिहाससम्बन्धिग्रन्थानां सघनं परिशीलनं प्रौढचिन्तनञ्च कृतमासीत्। स राजतरङ्गिण्यां स्वस्य पूर्वसूरिणामेकादशग्रन्थानामुल्लेखं करोति[४]। एतेषां ग्रन्थानां गहनाभ्यासः कल्हणेन कृतः । कल्हणेनैकस्येतिहासविदः सदृशं विविधानामितिहाससामग्रीणां ताम्रपत्राणि–आज्ञापत्राणि–प्रशस्तिपत्राणि–प्राचीनदेवमन्दिरादीनामपि सूक्ष्मेक्षिकया निरीक्षणं कृतमासीत् । आधुनिककाले ऐतिहासिका यस्याः पद्धतेरुपयोगं कृत्वा इतिहाससङ्कलनं कुर्वन्ति तादृशी पद्धतिरेव कल्हणकृतौ निर्दिष्टा वर्तते[५]।

राजतरङ्गिण्या रचना कल्हणेन कश्मीराधिपतिजयसिंहस्य शासनकाले (११२७तः ११५० खैस्ताब्दपर्यन्तम्) कृताऽवर्तत । स विशालग्रन्थमिमं केवलं वर्षद्वयैव पूर्णमकरोत् । ग्रन्थरत्नस्यास्य रचना तेन ११४८ तमे खैस्ताब्दे प्रारब्धा तथा च ११५० तमे खैस्ताब्दे पूर्णीकृता[६]।

---

१. मङ्खककृतश्रीकण्ठचरितम्, २५।७८–८०, काव्यमाला द्वारा प्रकाशित, १८८७

२. क

३. गैरोला वाचस्पति, संस्कृत साहित्यका इतिहास, प्रका. चौखम्बा विद्याभवन, वाराणसी, १९७५, पृ. ९१५

४. कल्हणकृता राजतरङ्गिणी, १।१४, व्याख्या. पाण्डेय रामतेजशास्त्री, प्रका. चौखम्बा संस्कृत प्रतिष्ठान, दिल्ली, पुनर्मुद्रित संस्करण, २००९

५. तदेव १।८–१५

६. चतुर्वेदी (डॉ.) गिरिजाशङ्कर, महाकवि कल्हण, ग्रन्थम, रामबाग, कानपुर, १९८६, पृ. १

'विक्रमाङ्कदेवचरितम्' इत्यस्य महाकाव्यस्य प्रणेता महाकविबिल्हणस्य समकालिकः कल्हणः । महाकविकल्हणो राजतरङ्गिण्यां बिल्हणस्योल्लेखं कुर्वन् लिखति यत् कविबिल्हणः कश्मीराधिपतकलशस्य शासनकाले कश्मीरान् सन्त्यज्य दक्षिणस्थिते कर्णाटकनरेशपर्माण्डेराज्ये निवासमकरोत् । स राजा बिल्हणाय राजाश्रयञ्च दत्त्वा विद्यापतिरिति गौरवपूर्णं पदमपि प्रदत्तवान्[७] । कल्हणेन बिल्हणकाव्यस्यापि गहनानुशीलनं कृतमासीत् । बलदेव उपाध्यायः कल्हणकाव्यं बिल्हणकाव्येन सङ्क्रान्तं मन्यते[८] । कल्हणः शिवोपासकोऽवर्तत तथापि स बौद्धधर्मं प्रति सद्भावपूर्णमभिगमं धरति स्म । अहिंसायाः पक्षधरोऽवर्तत सः । वस्तुतस्तु महाकविकल्हणेन राजतरङ्गिण्यां प्रयुक्तानामलङ्काराणां विषये विशदचर्चां करिष्यामः ।

महाकविकल्हणेन स्वकीये ग्रन्थे राजतरङ्गिण्यामितिहासकाव्यये सुभगसमन्वयं कृतमस्ति । भारतवर्षे एतादृशाणां ग्रन्थानां रचनाऽत्यन्तप्राचीनकालादेव प्रारब्धा । तत्समये इतिहासग्रन्थानामपि समावेश काव्यग्रन्थेष्वेवाऽभवत् । महाकविकल्हणेनापि महाकाव्योपयुक्ताय शैल्यामेवास्य राजतरङ्गिणी नाम ग्रन्थस्य रचना कृता । अतो हि ग्रन्थेऽस्मिन् यत्र तत्र विविधानामलङ्काराणां प्रयोगा दरीदृश्यन्ते विविधालङ्काराणां सन्निवेशं कृत्वाऽर्यामैतिहासिककृतौ तेन काव्यत्मकतायै खलु समुचितं स्थानं प्रदत्तमस्ति ।

विल्सन-वूलर-स्टीनादयः कतिपयाः पाश्चात्यविद्वांसः सत्यमेव कथयन्ति यद् महाकविकल्हणेन स्वग्रन्थे पदे पदे अलङ्कारबहुलभाषायाः प्रयोगः कृतो वर्तते । सर्वाङ्गसुन्दरमहाकाव्यस्य स्वरूपं प्रदातुं तेन ग्रन्थेऽस्मिन् उपमा-उत्प्रेक्षा-रूपकादीनां नैकविधानामलङ्काराणां प्रयोगाः कृताः[९] । अलङ्काराणां समुचितविन्यासेन कविना स्वकाव्यस्य सौन्दर्यवृद्धिः कृता वर्तते । अत्र वयं तेषां प्रयोगानामुदाहरणानि कतिपयानि द्रक्ष्यामः । कविना प्रयुक्ता सानुप्रासपदावली विदग्धानां हृदयान् समाकर्षति तासामुदाहरणानि निम्नलिखितानि —

सानुप्रासः :—

**अलोलकीर्तिकल्लोलदुकूलवलनोज्ज्वलाम् ।**
**बभार यद्भुजस्तम्भो जयश्रीसालभञ्जिकाम् ॥**
**तस्याभूदद्भुतो दन्तभवभक्तिविभूषितः ।**
**राज्ञः सन्धिमतिर्नाम मन्त्री मतिमतां वरः ॥**[१०]

एवञ्च

**नातिप्रांशुं नातिकृशं सूर्यांशुश्यामलाननम् ।**
**सरोजकर्णिकागौरं शिथिलश्लथविग्रहम् ॥**[११]

तथा च

**कान्तेषु काननान्तेषु सकान्तं सानुजं च तम् ।**
**भूयः श्रियं प्रतिश्रुत्य स्थातुं सावधि सोऽभ्यधात् ॥**[१२]

---

७. राज. ७।९३५-९३७
८. उपाध्याय बलदेव, संस्कृत साहित्य का इतिहास, शारदा निकेतन, वाराणसी, दशम संस्कर, १९८३ पृ. १८४
९. राज. यत्किञ्चित् (प्रस्तावना) पृ. ४
१०. तदेव, २।६४-६५
११. तदेव, ८।३२०८
१२. तदेव, ८।१८०९

एवञ्च

**मणिमन्येन मणिना चङ्कुणोऽप्याचकर्ष तम् ।**

**सलिलं प्रागवस्थं च क्षणेन सरितामभूत् ॥**[१३]

तथा च

**प्राणोपकरणं राज्ञो राज्ञी राजात्मजाश्च ये ।**

**तद्धिते यदनौचित्यं तेषामौचित्यमेव तत् ॥**[१४]

रुपकालङ्कारस्य उदाहरणानि अधोलिखितानि सन्ति **:–**

**भूषाभोगिफणारत्नरोचिः सिचयचारवे ।**

**नमः प्रलीनमुक्ताय हरकल्पमहीरुहे ॥**[१५]

तथा च

**अर्धमानः प्रजाचन्द्रस्तृतीयस्यां स कार्तिके ।**

**शुक्लेऽष्टचत्वारिंशाब्दे ग्रस्तो नियतिराहुणा ॥**[१६]

एवञ्च

**गुहोन्मुखी नागमुखापीतभूरिपया रुचिम् गौरी ।**

**यत्र वितस्तात्वं याताप्युज्झति नोचिताम् ॥**[१७]

तथा च

**स दैवतमिवास्माकं कुलालङ्करणं प्रभोः ।**

**वयं त्वसुकृतो यस्य नाप्नुमः पादसेवनम् ॥**[१८]

तथा च

**प्राहिणोत्प्राभृतं भूरि भैरवाय महीभुजे ।**

**लवन्यमुण्डमालालीरखण्डा मण्डलेश्वरः ॥**[१९]

सहोक्त्यलङ्कारस्योदाहरणानि निम्नोक्तानि **:–**

**भृत्या नरं समाश्रित्य प्रययुः शोचनीयताम्**

**तत्सुतं तु समालम्ब्य प्रभुं भुवनवन्द्यताम् ॥**[२०]

---

१३. तदेव, ४।२५१
१४. तदेव, ८।३१९९
१५. तदेव, १।१
१६. तदेव, ६।२९२
१७. तदेव, १।२९
१८. तदेव, ८।३०५०
१९. तदेव, ७।१२३३
२०. तदेव, १।२८३

तथा च

**अष्टौ वर्षान्साष्टमासाननुगृह्येति भेदिनीम् ।**
**प्रविवेश वशी स्वर्गमनिशं च सतां मनः ॥**[२१]

एवञ्च

**एवं स्वमतिमाहात्म्यात्सन्तीर्णो विपदर्णवात् ।**
**व्याप्तव्योमाग्रहीद्दुर्गं यशश्च परिपन्थिनः ॥**[२२]

उत्प्रेक्षालङ्कारस्य निम्ननिर्दिष्टानि उदाहरणानि **:–**

**निर्यान्तौ वीक्ष्य तौ प्रेततूर्यकल्लोलमिश्रितैः ।**
**लोकस्याक्रन्दतुमुलैर्भग्ना इव दिशोऽभवन् ॥**[२३]

एवञ्च

**ततः काञ्चनगौराणि तस्याङ्गान्यसिधेनवः ।**
**बह्वयः सुमेरुशृङ्गाणि महोरम्य इवाविशन् ॥**[२४]

एवञ्च

**नायके गलिते शुद्धवृत्तैः सद्वंशजैर्मही ।**
**पतितैरुप्पद्दुड्डाद्यैर्भूषिता मौक्तिकैरिव ॥**[२५]

विरोधालङ्कारस्य उदाहरणानि **:–**

**यस्य सेना निनादेन जगदौन्निद्र्यदायिना ।**
**नन्विरे वैरिणश्चित्रं दीर्घनिद्रा विधेयताम् ॥**[२६]

दीपकालङ्कारस्य उदाहरणानि **:–**

**न शेखरे न प्रदरे न दरेऽप्युज्झितो मया ।**
**प्रालेये भूभृतः कुञ्जे सञ्ज्वरस्त्वत्प्रतापजः ॥**[२७]

तथा च

**आशास्या चापकीर्त्या च स्मार्या त्याज्या च मानसात् ।**
**हर्षराजाश्रया चर्चाकथा व्यावर्णयिष्यते ॥**[२८]

---

२१. तदेव, ४।११८
२२. तदेव, ४।५२९
२३. तदेव, ७।४६४
२४. तदेव, ८।३१०
२५. तदेव, ८।४५४
२६. तदेव, १।८५
२७. तदेव, ८।३२२६
२८. तदेव, ७।८७३

उपमालङ्कारस्योदाहरणैश्च दृष्टान्तादि–अलङ्काराणामुदाहरणैश्च सम्पूर्णग्रन्थोऽयं समृद्धोऽस्ति । 'इव' शब्दस्य प्रयोगस्तु शताधिकवारमस्ति । महाकविना प्रयुक्ता उपमा: तथा च विविधान्युदाहरणानि तस्यानुपमकल्पनाशक्ते: तस्य व्यापकानुभवानां तथा च तस्य विवेचनात्मकसूक्ष्मेक्षिकाया उद्घाटिका वर्तते ।

महाकविकल्हणेन कृता रमणीयालङ्कारयोजना तस्यैतिहासिकमहाकाव्यस्य विविधेभ्यो वर्णनेभ्योऽमरत्वं प्रददाति । एतस्मादद्भुतालङ्कारविधानकारणादेव महाकाव्यग्रन्थोऽयं सर्वाङ्गसुन्दरतां प्राप्नोति । महाकाव्येऽस्मिन् विविधपक्षीयवर्णनानि समुपलभ्यन्ते । कुत्रचित् प्रकृतिरुपिणनट्या: विविधलीलाविलासानामालेखनं दृश्यते तु कुत्रचित् राजनीतिकषड्यन्त्राणां वर्णनं वर्तते तदतिरिक्तं विविधविभीषिकाणां विभिन्नक्रान्तिकारिघटनाचक्राणामपि तथैव सामान्यघटनाक्रमाणामप्युद्भुतालेखनं कवि: प्रस्तौति । एतेषु सर्वेषु वर्णनेषु अलङ्काराणां विशिष्टत्वेन सम्प्रयोगा: दर्शनीया: । एतानि विशिष्टवर्णनानि ग्रन्थायास्मै महाकाव्यत्वं प्रददाति । एतादृशेषु वर्णनेषु २५ वर्णनानि विस्तृतानि अतीव मनोहराणि च सन्ति । शताधिकं लघुवर्णनान्यस्य ग्रन्थस्य काव्यसमृद्धिं प्रवर्धन्ते । एतेषु सर्वेषु काव्यात्मकचमत्कृतिपूर्णवर्णनेषु तु अलङ्कारस्य महत्त्वं सर्वविदितम् ।

कल्हणकृतौ राजतरङ्गिणयां विस्तृतालङ्कारिकवर्णनानां कृते तु नास्ति महदवकाश: तथापि कविना यानि प्रसङ्गानुकूलानि वर्णनानि प्रस्तुतानि सन्ति तानि तस्य महाकवित्वशक्तरुद्घाटकानि द्यौतकानि वा वर्तन्ते । ऐतिहासिकतथ्यप्रकाशको ग्रन्थोऽयं तस्मादेव नास्ति विशेषावकाश: काल्पनिकालङ्कारचमत्कृतिखचितवर्णनानां कृते इति स्वयमेव कल्हण: स्वीकरोति ग्रन्थेऽस्मिन्[२९] । तथापि सहृदयानां कृते प्रचुरसामग्री वर्तते कल्हणकृतौ ।

=०=

२९. कथादैर्घ्यानुरोधेन वैचित्र्यैऽप्यप्रपञ्चिते । तदत्र किञ्चिदस्त्येव वस्तु यत्प्रीतये सताम् ॥ तदेव, १।६


## ડાયાબિટીસ મટે છે

- ❑ લીમડાના કે બીલીના પાનનો રસ નિયમિત પીવાથી. પાન લસોટેલા લેવા, ઉકાળેલા નહીં.
- ❑ સારાં, પાકાં જાંબુ ખાવા - તેના ઠળિયાને સૂકવી, બારીક ખાંડી ચૂર્ણ બનાવી પાણી સાથે લેવાથી.
- ❑ રોજ સવારે અને રાત્રે એકથી બે ચમચી મેથી પાઉડર ફાકીને ઉપર પાણી પીવાથી.
- ❑ હળદર અને આમળાનું ચૂર્ણ એક-એક ચમચી ભેગાં કરી રોજ સવાર-સાંજ લેવાથી.
- ❑ હરડે, બહેડા, આમળા, કડવો લીમડો, મામેજવો અને જાંબુના ઠળિયા સરખે ભાગે લઈ બારીક ચૂર્ણ કરી સવાર-સાંજ લેવાથી.
- ❑ ડાયાબિટીસના દર્દીએ દૂધવાળી ચા ન પીવી, મેથી અને લીંબુની ચા (લેમન ટી) પીવી. વધુ લાભ થશે.
- ❑ પેન્ક્રિયાસ જાગૃત થાય તેવી કસરતો નિયમિત સવાર-સાંજ કરવી. કુદરતી ઇન્સ્યુલીન પેદા થશે. ડાયબિટીસમાં ધીમે ધીમે સુધારો થશે.
- ❑ આહાર, વિહાર, મનીવ્યાપારની જાગૃતિ વગર ન ચાલે. ડાયાબિટીસ બહારથી ન દેખાતો પણ અનેક મોટા રોગોને લાવનારો વિચિત્ર રોગ છે. યથાશક્તિ કસરતો, વોકીંગ, જોગીંગ, સૂર્યદર્શન કરવાં.

# संस्कृत-लौकिक-न्याय-परिचयः

ડૉ. મહેશકુમાર એ. પટેલ,
સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર

**६८. छूरिकाकूष्माण्डन्यायः ।**

छूरिका એટલે છરી અને कूष्माण्ड એટલે કોળુ, નાનકડી છરી બહુ મોટા કોળાને કાપી નાંખે છે તે ક્રિયાને આધારે આ ન્યાય પ્રચલિત થયો છે. એક સમર્થ એવો નાનો અવયવ-પદાર્થ બહુ મોટા પદાર્થને પરાજિત કરવા સક્ષમ હોય છે એ વાતને આ ન્યાયથી સમર્થન મળે છે.

રઘુવંશમાં કાલિદાસ આવી જ એક વાત કરે છે. तेजसां हि न वयः समीक्ष्यते । (૧૧-૧) અર્થાત્, 'તેજસ્વીઓની ખરેખર ઉંમર જોવાતી નથી.' વ્યવહારજીવનમાં પણ આ ન્યાય આજે સર્વત્ર પ્રવર્તે છે. લોખંડનું કામ કરનાર લુહાર એક નાની છીણી વડે ખૂબ મજબૂત અને જાડી ખિલાસળીઓ કાપી નાંખે છે. એવી જ રીતે એક નાનકડા પોઇન્ટવાળી હીરાકણી બહુ મોટા અને જાડા કાચને એક જ ઘસરકામાં કાપી નાંખે છે. એક નાનકડું પાનું બહુ મોટા મશીનોનાં પૈડાં અને વજનદાર ભાગોને એક જ સ્ક્રૂ ખોલતાં અલગ પાડી દે છે. આ બધે જ ઠેકાણે નાનકડી વસ્તુની આંતરિક આવડત અને સામર્થ્ય મહત્ત્વ ધરાવે છે.

આ જ વાત શાસ્ત્રની દૃષ્ટિએ અને શિક્ષિત વ્યક્તિની દૃષ્ટિએ પણ યથાર્થ બને છે. એક જ શાસ્ત્ર ભણેલો વ્યક્તિ અનેક લોકોને શિક્ષા-બોધ અને જ્ઞાન આપી શકે છે. આજના તકનીકિ જમાનામાં કમ્પ્યુટરનો એક પાસવર્ડ બહુ મોટા કમ્પ્યુટરને ખોલી શકે છે અને હજારો વ્યવહારો પણ કરી શકે છે. જેમ નાનકડી ચાવી બહુ મોટા તાળાને સાચવવા અને ખોલવા સમર્થ બને છે.

આ ન્યાયને યથાર્થ સિદ્ધ કરવા માટે મનુષ્યે છૂરીની જેમ ધારદાર, સામર્થ્યવાન અને કાર્યપરાયણ બનવું જોઈએ. તો જ અનેક ઘણી મુશ્કેલીઓ કે કાર્યોનો સામનો આસાનીથી કરી શકાય છે. બીજા પક્ષે એ પણ વિચારવું ઘટે કે કોળા જેવા મસમોટા, નરમ અને ક્ષણમાત્રમાં કપાઈ જવાય એવા ન બનવું ઘટે. અન્યથા ક્યારેક નાની છરી બહુ મોટું નુકસાન કરી જાય છે. ટૂંકમાં તેજસ્વીતાની બાબતમાં ઉંમર આકાર અને રૂપરંગ મહત્ત્વનાં નથી. તેનું કાર્ય મહત્ત્વનું છે. એ બાબત આ ન્યાયથી શીખવા મળે છે.

**६९. जम्बुकारग्वधन्यायः ।**

जम्बुक એટલે શિયાળ અને आरग्वध એટલે ગરમાળાનું વૃક્ષ. શિયાળ દ્વારા ગરમાળાના ફળ ખાવાની ઘટના કે ક્રિયાને આધારે આ ન્યાય પ્રચલિત થયો છે.

પ્રાણીઓમાં શિયાળને ચતુર મનાય છે. પરંતુ આ ચતુરશિયાળ સ્વભાવે આળસુ અને દુષ્ટ છે. આવા જ એક શિયાળે ખૂબ ભૂખ લાગતાં એકવાર ગરમાળા નામના વૃક્ષનાં તીખાં-દાહયુક્ત અને પચવામાં મુશ્કેલ એવાં

ફળ ખાઈ લીધાં. તેને પેટમાં શૂળ ઉપડ્યું. ઘણું રખડ્યું.-રઝડ્યું અને હેરાન-પરેશાન થઈ ગયું. તેણે મનમાં નક્કી કર્યું હવે ક્યારેય આ ગરમાળાનાં ફળ ખાઈશ નહીં. પરંતુ બે દિવસ પછી આળસુ સ્વભાવવાળું શિયાળ પેટની પૂર્વપીડા ભૂલી ગયું અને આત્મનિગ્રહ વગરનું તે ફરીથી તે ફળ ખાવા લાગ્યું અને ફરી પાછું દુઃખી થયું.

આમ, મનોનિગ્રહ વગરનું અને દૃઢનિશ્ચય વગરનું જીવન પુનઃપુનઃ દુઃખદાયક બને છે. મનુષ્યે શિયાળના સ્વભાવ ઉપરથી પ્રસિદ્ધ બનેલા આ ન્યાય દ્વારા એ શીખવાનું છે કે વ્યવહારની દરેક બાબતમાં ન કરવાં જેવાં અને પીડાદાયક કાર્યોનો એકવાર દુઃખદ અનુભવ થયા પછી તે ક્યારેય ન કરવાં જોઈએ. આજકાલ કુટેવોમાં ડૂબેલો મનુષ્ય વ્યસન છોડવાના મિથ્યા પ્રયાસો કરે છે. વળી, પાછો શિયાળની જેમ એ જ કાર્ય કરવા પ્રવૃત્ત બને છે અને દુઃખી થાય છે. 'હું દારૂ નહીં પીવું.' 'જુગાર નહીં રમું.' 'ઝેરી એવા તમાકુ-સીગારેટ નહીં પીવું.' અને 'શેર-સટ્ટા પણ નહીં રમું.' એવી બધી ક્ષણિક પ્રતિજ્ઞાઓ લેનારો મનુષ્ય મનોનિગ્રહ ન હોવાથી ફરીવાર આ દુઃખદાયક વ્યસનોમાં ફસાય છે અને પુનઃપુનઃ કષ્ટ ભોગવે છે. શિયાળ ભલે ચતુર કહેવાતું હોય પણ મનોનિગ્રહ ન કરી શકવાના કારણે દુઃખી થાય છે. તેમ બુદ્ધિશાળી મનુષ્ય પણ મનોનિગ્રહ ન કરી શકતાં દુઃખી થાય છે. આમ, મનોનિગ્રહ અને આત્મનિગ્રહથી યુક્ત જીવન જ સુખદાયક અને ઉપકારક બને છે, એવો બોધ આ ન્યાય દ્વારા આત્મસાત કરવાનો છે.

**૭૦. जलकतकरेणुन्यायः ।**

જલ એટલે પાણી, કતક એટલે એક ફળવિશેષ, જેને નિર્મલીનું ફળ કહેવામાં આવે છે, તેના રેણુ એટલે કણ-ભૂકો. આ નિર્મલીના ફળના કણો કે તેનો ભૂકો નાંખવાથી જળની શુદ્ધિ થાય છે. તેના આધારે પ્રસિદ્ધ થયેલો ન્યાય એટલે 'जल-कतक-रेणु-न्याय । અહીં कतक શબ્દની વ્યુત્પત્તિ જોઈશું તો, कं जलं तनोति प्रसन्नं सम्पादयति इति कतकफलम् । અર્થાત્, 'પાણીને શુદ્ધ કરે છે, પવિત્ર કરે છે તેવું ફળ એટલે કતકફલ. એટલે કે, આ ફળનો ભૂકો નાંખવાથી પાણી શુદ્ધ થઈ જાય છે, તેમાં રહેલો કચરો નીચે બેસી જાય છે. સાંસારિકજીવન અનેક પ્રકારના કચરાથી ભરેલું છે. અંધશ્રદ્ધા, વહેમ, હિંસા, ચોરી, કુરિવાજ, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા, નિંદા-ટીકા, દેખાદેખી, વિત્ત-વિદ્યા કે રૂપના બાહ્ય આડંબરો, સંઘબળના ખોટા મિજાજ, પદ અને પ્રતિષ્ઠાનો દુરુપયોગ વગેરે અનેક અનિષ્ટોથી સમાજ ગંદા પાણીની જેમ મલિન થયેલો છે. તેને શુદ્ધ કરવા કતકફલ રૂપી જ્ઞાનની જરૂર છે. જેમ આખા પાત્ર ભરેલા પાણીને કતકનું એકાદ ફળ શુદ્ધ કરી શકે છે તેમ, જ્ઞાનનો નાનકડો અંશ (લવ) પણ સાંસારિક મલિનતાઓને દૂર કરી શકે છે. આમ, કતકફલની જેમ જ્ઞાન દ્વારા સાંસારિક મલિનતાને દુર કરવી જોઈએ એવા લક્ષણામૂલક અર્થ અને શીખ આ ન્યાય દ્વારા મળે છે.

**૭૧. जलतरंगन्यायः ।**

જળ ઉપર ઉઠતાં તરંગોને આધારે પ્રચલિત થયેલો ન્યાય એટલે જલતરંગન્યાય. પવનને કારણે પાણી ઉપર નાનાં-નાનાં તરંગો ઊઠે છે. ક્યારેક એ જ પાણીમાં ફીણ ચડે છે. ક્યારેક વમળો (કુંડાળાં) પણ રચાય છે અને ક્યારેક કિનારા સાથે મોટી છાલકો પણ અથડાય છે. આ બધા જળના ભિન્ન-ભિન્ન સ્વરૂપગત ધર્મો છે.

પરંતુ તેનો મૂળ ધર્મ તો જળ જ છે. એટલે કે, પરિસ્થિતિ મુજબ આકાર અને સ્વરૂપ બદલાય છે પણ મૂળ જળરૂપી ધર્મ તો એક જ રહે છે. તેમાં કોઈ પરિવર્તન આવતું નથી કે તે ક્યારેય મટી જતો(નાશ પામતો) નથી.

આમ, કોઈપણ પદાર્થમાં થતાં પરિવર્તનો તેના મૂળભૂતદ્રવ્યોની અપેક્ષાએ ભિન્ન હોતાં નથી, એ તો તેનો વિકાર (પરિવર્તન) માત્ર હોય છે. મનુષ્ય જીવનમાં આ ન્યાયને જોવો હોય તો, ઈશ્વરે બનાવેલી અદ્વિતીય રચના 'મનુષ્ય' છે. તેના જીવનમાં પણ ચડાવ-ઉતાર આવે છે. ત્યારે તે ક્યારેક શાન્ત હોય છે, આનન્દદાયક હોય છે, પ્રેરણાજનક હોય છે. અને ક્યારેક ક્રોધી-હિંસક અને દુઃખદાયક પણ બને છે. આ બધી જ સ્થિતિમાં પણ ઈશ્વરે રચેલું મૂળભૂત મનુષ્યત્ત્વ તો તેનામાં એ જ હોય છે. તેના બાહ્ય સ્વભાવ અને વ્યવહારથી તેનું મૂળદ્રવ્ય ક્યારેય બદલાતું નથી.

આ ન્યાયનો ફલીતાર્થ એ છે કે, સમય અને સંજોગો મુજબ જેમ પાણીના આકાર-રૂપ-રંગ બદલાય છે, તેમ મનુષ્ય પણ પરિવર્તન પામે છે. પરંતુ છેવટે જેમ પાણી શીતળતા, પવિત્રતા અને આહ્લાદકતા આપે છે. તેમ મનુષ્ય પણ અંતે સુખદાયક, પ્રેરણાશીલ અને ઉપકારક બની શકે છે. માટે ક્યારેક આવતા ક્રોધ, ઈર્ષ્યા, અસૂયા, નિંદા-ટીકા અને વેર-ઝેરને ભૂલી वसुधैव कुटुम्बकम् ની ભારતીય ભાવનાને પોષવી રહી. વ્યવહારજીવનના ક્ષણિક ઉત્પાતોને ધ્યાનમાં ન લેતાં, માનવના મૂળભૂત સત્ત્વ અને તત્ત્વને જાળવી રાખવાં એમાં જ પોતાની અને સૌ કોઈની ભલાઈ છે. કદાચ આ જ ઈશ્વરીય આંતરિક સાત્ત્વિકતાને લીધે ડાકુઓ, લૂટારાઓ અને આતંકીઓ છેવટે શરણાગતિ સ્વીકારી માનવ બનવાનો પ્રયત્ન કરે છે. આમ, મૂળભૂત માનવતત્ત્વ જ ઉમદા, ઉત્તમ અને ઉત્કૃષ્ટ છે. જે છેવટે વાલિયાને વાલ્મીકિ બનાવે છે, એ વાત આ ન્યાય દ્વારા શીખવાની અને સમજવાની છે.

**૭૨. जलतैलन्यायः ।**

પાણી અને તેલનો ન્યાય. અત્યન્ત તપેલા કે ગરમ થયેલા પાણી ઉપર તેલ રેડવામાં આવે તો, તે ગરમ પાણીની સપાટી એકદમ ઠંડી પડી જાય છે. તેની ગરમી ઘટી જાય છે. આવી જ રીતે કોઈ અત્યન્ત ક્રોધે ભરાયેલા કે ગુસ્સે થયેલા વ્યક્તિની સાથે સ્નેહપૂર્વક વ્યવહાર કરવામાં આવે તો તેનો ક્રોધ કે ગુસ્સો ઠંડો પડી જાય છે. જેમ તપ્ત પાણી માટે તેલ સ્નેહ છે તેમ ક્રોધ કે ગુસ્સા માટે સ્નેહ-પ્રેમ જરૂરી છે.

આપણા સાહિત્યિક વારસામાં આવાં અનેક ઉદાહરણો છે. જેમાં ક્રોધથી આગ બબૂલા થયેલા અસુરો-દાનવો કે રાક્ષસો કે પછી લૂટારાઓને સ્નેહપૂર્ણ વાણીથી શાન્ત કરવામાં આવ્યા હતા. વાલિયા લૂટારાને નારદજીએ અત્યન્ત સ્નેહપૂર્ણ સમજાવટથી વાલ્મીકિ બનાવી દીધા. આવા જ એક અંગુલિમાલ નામના રાક્ષસને ભગવાન બુદ્ધે વિનમ્રતા અને પ્રેમપૂર્વક વાણીથી જીતી લીધો અને પોતાનો અનુયાયી બનાવ્યો હતો.

આવાં અનેક ઉદાહરણો આપણા સાહિત્યમાં છે. ગુસ્સે થયેલા ભીમને યુધિષ્ઠિર શાન્ત પાડે છે. દુર્યોધનને પિતામહ ભીષ્મ શાંત પાડે છે. ચંદ્રગુપ્તને ચાણક્ય શાન્ત પાડે છે. હઠાગ્રહી ધૃતરાષ્ટ્રને વિદુર શાન્ત પાડે છે. સર્વત્ર એક જ વાત છે. આવી રીતે આપણે પણ પરિવારમાં કે નોકરીના સ્થળે કોઈ ગુસ્સો કે ક્રોધ કરે ત્યારે સ્નેહપૂર્ણ કે પ્રેમપૂર્ણ વચનોથી એના ક્રોધનું શમન કરવું જોઈએ. જેનાથી માનવીય સંબંધો સારી રીતે જળવાઈ

રહેશે અને આપણે સૌ સ્નેહસૂત્રથી જોડાયેલા રહીશું. સંસ્કૃતના આવા સામાન્ય લાગતા ન્યાય સમાજને સ્નેહથી ટકાવી રાખવાની ઉમદા શીખ આપીને સર્વદા મૂલ્યવાન બને છે.

**૭૩. जलबिन्दुनिपातन्यायः ।**

પાણીનાં બિન્દુઓની સતત પડવાની ક્રિયાને આધારે પ્રખ્યાત બનેલો ન્યાય એટલે જલબિન્દુનિપાતન્યાય. કોઈપણ સ્થાનેથી પાણીનું એક-એક ટીંપુ જો સતત પડ્યા જ કરે તો, નીચે મૂકેલો ઘડો કે પાત્ર ધીમે ધીમે પરિપૂર્ણ ભરાઈ જ જાય છે. પાણીના એકાદ બિન્દુથી જલપાત્ર ભરાતું નથી. પરંતુ નિરન્તર જલબિન્દુઓના પડવાથી જલપાત્ર અવશ્ય ભરાઈ જાય છે.

આ ન્યાય દ્વારા સાતત્યપૂર્ણ કાર્ય કરવાની હિમાયત કરી છે. કોઈપણ કાર્ય સતત-સતત કરવામાં આવે તો, પૂર્ણતારૂપી સફળતા અવશ્ય મળે છે. આ ન્યાયને આધારે જ ગુજરાતીમાં બે-ત્રણ કહેવતો પડી છે. ‘ટીંપે ટીંપે સરોવર ભરાય.’ અને ‘કાંકરે કાંકરે પાળ બંધાય.’ વ્યવહારજીવનમાં આ ન્યાય સાર્વત્રિક જોવા મળે છે. એક-એક કણ એકત્ર કરનારી નાનકડી કીડી પણ પોતાના દરમાં ઘણું અનાજ સંગ્રહે છે. એક-એક પુષ્પનો રસ એકત્ર કરનારી મધમાખી બહુ મોટો અને મધુર મધપૂડો બનાવે છે. એક-એક તણખલું લાવીને સુધરી સુંદર માળાનું સર્જન કરે છે. આમ, કાર્ય ભલે નાનકડું હોય, કાર્ય ભલે ધીમું ચાલતું હોય, પણ જો તે નિરંતર ચાલ્યા કરે તો અવશ્ય ફલપ્રાપ્તિ થાય છે.

ચાણક્યનીતિમાં આ ન્યાયને અનુરૂપ એક સુંદર શ્લોક જોવા મળે છે. જેમકે,

जलबिन्दुनिपातेन क्रमशः पूर्यते घटः ।
स हेतुः सर्वविद्यानां धर्मस्य च धनस्य च ॥

(चाणक्यनीतिः, १२-१९)

અર્થાત્ ‘‘જળબિન્દુઓના નિરંતર પડવાથી જેમ ઘડો ભરાઈ જાય છે, તેવી જ રીતે (ક્રમશઃ સતત કાર્ય કરવાથી) બધી વિદ્યાઓ, ધર્મ અને ધનની વૃદ્ધિ થાય છે.’’

આમ, શ્રદ્ધાપૂર્વક સતત કાર્યશીલ રહેવાની ઉમદા શીખ આ ન્યાય દ્વારા મળે છે. જે આજના યુગમાં અતિ અનિવાર્ય છે.

**૭૪. जलमन्थनन्यायः ।**

જળ-મન્થન-ન્યાય એટલે કેવળ પાણી વલોહવવું. આ સામાજિક અને વ્યાવહારિક ન્યાય છે. વ્યવહારમાં આપણે દૂધમાંથી થયેલા દહીંના મંથન વિશે જાણીએ છીએ. વળી, દહીંનું મંથન કરવામાં આવે તો એમાંથી નવનીત-માખણ પ્રાપ્ત થાય છે. પરંતુ કોઈ વ્યક્તિ એક પાત્રમાં કેવળ પાણી લઈને એનું મંથન કરે તો, એમાંથી ક્યારેય કશું પણ મળતું નથી. કેવળ વ્યર્થ પ્રયત્ન કે શ્રમ થાય છે. આ ન્યાય બીજા ઉદકમંથનના નામે પણ જાણીતો છે. આ ન્યાયનો તાત્પર્ય એ છે કે અયોગ્ય સ્થાને કરેલો પ્રયત્ન-શ્રમ અને પુરુષાર્થ હંમેશા વ્યર્થ જ સિદ્ધ થાય છે. માટે વ્યવહાર જીવનમાં, સમાજજીવનમાં કે પારિવારિક સંબંધોમાં પણ આપણે યોગ્ય સ્થાને - યોગ્ય વ્યક્તિ પાસે

કે યોગ્ય સમયે ઇચ્છિત વસ્તુ માટે યોગ્ય પ્રયત્ન કરવો જોઈએ. જો તમે યોગ્ય વસ્તુ-વ્યક્તિ કે સમયને જાણ્યા વિના ગમે તેટલો પ્રયત્ન કરશો તો તેનું પરિણામ ઉપર્યુક્ત ન્યાય મુજબ જલમંથન કે ઉદકમંથન જેવું જ સિદ્ધ થશે. માટે યોગ્યસ્થાને યત્ન ફળદાયી બને છે, અયોગ્ય સ્થાને નહીં એવો સાર્વત્રિક ખ્યાલ આ ન્યાયમાંથી ગ્રહણ કરવાનો છે. સમાજજીવનમાં ઘણીવાર આપણે મિથ્યા બગવાદ કરતાં લોકોને ગામને પાદરે, કોઈના એટલે કે ક્યાંક ચોતરે જોઈએ છીએ. ખાસ કરીને ચૂંટણીટાણે થતી મોટી-મોટી અને ખોટી-ખોટી વાતો આ ન્યાય મુજબ ઉદકમંધન જ હોય છે. તેમાંથી કશું મળતું નથી. કેવળ વાણીવિલાસ જ હોય છે. ઘણીવાર બહેનોની ઓટલા પરિષદોમાં પણ આવું જ જોવા મળે છે. માટે આ પ્રકારના નિરર્થક વાદ-વિવાદથી દૂર રહેવું એવી ઉમદા શીખ સ્વયં સ્વીકારવાની અને તેવા સમૂહોથી દૂર રહેવાની હિમાયત છે.

**૭૫. जलमौक्तिकन्यायः ।**

જળબિન્દુમાંથી બનેલા મોતીના ન્યાયને 'જળમૌક્તિકન્યાય' કહે છે. સ્વાતિનક્ષત્રમાં દરિયામાં રહેલી સુક્તિ (છીપલી)માં પડેલું એક જળબિન્દુ મોતી બની જાય છે. એટલે કે વિશિષ્ટ સ્થળ-કાળ અને પરિસ્થિતિ મુજબ એક સાદું જળબિન્દુ પણ મોતી બની જાય છે. આવી જ રીતે મનુષ્ય પણ વિશિષ્ટ દેશ-કાળ અને શ્રદ્ધા વગેરેને કારણે શ્રેષ્ઠતમ પદને પામે છે. એટલે કે મનુષ્યની સંસર્ગ અને સંપર્કને કારણે ઉત્તમગતિ થાય છે. આ વાત સમજાવતાં ભર્તૃહરિ નીતિશતકમાં એક સુંદર શ્લોક આપે છે. જેમકે,

संतप्तायसि संस्थितस्य पयसो नामाऽपि न ज्ञायते
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राजते ।
स्वातौ सागरशुक्तिसम्पुटगतं तज्जायते मौक्तिकं
प्रायेणाधममध्यमोत्तमगुणः संवासतो जायते ॥

(भर्तृहरिः नीतिशतके - ३७)

અર્થાત્ ''તપેલા લોખંડ ઉપર પડેલા પાણીના ટીંપાનું નામ નિશાન પણ રહેતું નથી. તે જ જળબિન્દુ કમળના પાંદડા ઉપર રહે ત્યારે મોતીના આકારે શોભે છે. તે જ પાણીનું ટીંપુ સ્વાતિ-નક્ષત્રમાં સમુદ્રની છીપના સંપુટમાં પ્રવેશ કરે ત્યારે મોતી બની જાય છે. મોટે ભાગે અધમ, મધ્યમ અને ઉત્તમ-ગુણ સહવાસથી જ ઉત્પન્ન થાય છે.''

ઉપર્યુક્ત શ્લોક અને જળમૌક્તિકન્યાયથી એ સ્પષ્ટ થાય છે કે સંસર્ગ અને સમ્પર્કથી જ મનુષ્ય ઉત્તમ, મધ્યમ અને અધમગતિને પામે છે. આથી હંમેશા એવા વ્યક્તિ, વસ્તુ કે પદાર્થનો સહવાસ કરવો કે જેથી ઉત્તમસ્થિતિને પામી શકાય.

આ ન્યાયને હજુ વધારે સહજ રીતે સમજવા એક બીજું ઉદાહરણ જોઈએ તો, માર્ગમાં પડેલો એક સુત્તરનો દોરો કોઈક મોચીના હાથમાં આવે તો તે તેનો ઉપયોગ પગરખાં સાંધવામાં જ કરે છે. ત્યારબાદ હરહંમેશ

તે દોરો પગરખાં સાથે રહીને ધૂળ-કાદવ અને માટી વગેરે સાથે જ ખરડાય છે અને અધમગતિ પામે છે. એ જ દોરો જો કોઈ માળીને મળી જાય તો, તે પુષ્પમાળા બનીને દેવશીરે ચડે છે. તેની ઉત્તમગતિ થાય છે.

આમ, સંસ્કૃતના આવા લૌકિકન્યાય મનુષ્યને ઉત્તમસંગતિ કરીને શ્રેષ્ઠ બનવાની હિમાયત કરે છે.

**૭૬. जलाक्षरन्यायः ।**

જળ ઉપર લખેલા અક્ષરનો ન્યાય. અર્થાત્ જળસપાટી ઉપર લખેલા અક્ષરો ક્ષણિક જ હોય છે. તેના માટે કરેલો પ્રયત્ન સર્વથા વિફળ બને છે. આ પ્રકારના મનુષ્યકર્મથી પ્રચલિત બનેલો ન્યાય અન્ય મનુષ્યોને યોગ્ય સ્થાને કાર્ય કરવાની હિમાયત કરે છે. જેમ જળની સપાટી તરંગિત અને પ્રવાહી હોય છે, તેમ સમાજના કેટલાક મનુષ્યોનો સ્વભાવ પણ તરંગિત અને પ્રવાહી એટલે કે સ્વાર્થસિદ્ધિ પૂરતો જ હોય છે. તેમની સાથે કરેલાં કાર્યો કે વ્યવહારો વધુ લાંબો સમય ટકતાં નથી. વળી, તેમના માટે ખર્ચેલો બધો સમય પણ છેવટે વ્યર્થ અને નિરર્થક જ સિદ્ધ થાય છે. આમ, નાનકડો એવો આ ન્યાય એમ સૂચવે છે કે યોગ્ય સ્થાને અને યોગ્ય વ્યક્તિમાં કરેલો પ્રયત્ન જ લાભદાયી કે હિતકારક બને છે, નહીં કે જળસપાટી પર લખેલા અક્ષરની જેમ ક્ષણિક સ્વાર્થ સાધવા વાળા મનુષ્યો સાથેનો સંબંધ.

**૭૭. जलोकन्यायः ।**

જલોકા એટલે પાણીમાં રહેલી જળો. આ એક પાણીમાં રહેતું જન્તુવિશેષ છે. તે પાણી પીવા આવતા ગાય-ભેંસ વગેરે પ્રાણીઓને ચોંટી જાય છે અને તેનું લોહી ચૂસે છે. ગાય કે ભેંસના આંચળમાં દૂધ હોવા છતાં તે દૂધને છોડીને લોહી ચૂસવાનું જ પસંદ કરે છે. એટલે કે ગુણવાન દૂધની એને મન કોઈ કિંમત નથી પણ સામાન્ય એવું લોહી એ ચૂસે છે. જળોના દ્રષ્ટાન્ત દ્વારા આ ન્યાય દુર્જનના સ્વભાવની વાત કરે છે. દુર્જન સાથે તમે ગમે તેટલું સદ્‌ગુણભર્યું વર્તન કરો કે સારો વ્યવહાર કરો પણ દુર્જન તો પેલી જળોની જેમ એના દુષ્ટ સ્વભાવ મુજબ દુર્વ્યવહાર જ કરશે.

આમ, આ દુર્જનના વ્યવહાર-સંબંધી સામાજિક ન્યાય છે. આપણે જળો જેવા દુષ્ટ-સ્વભાવના દુર્જનોથી હંમેશા દૂર રહેવું જોઈએ, એવો સંદેશ આ ન્યાયમાં નિહિત છે.

**૭૮. टिट्टिभन्यायः ।**

ટિટ્ટિભ એટલે ટિટોળી. પોતાના દૃઢનિશ્ચયથી સમુદ્રને પણ નમાવનારી ટિટોળીના કાર્યને આધારે પ્રચલિત થયેલો આ પુરુષાર્થલક્ષી ન્યાય છે.

આ ન્યાય સાથે એક કથા જોડાયેલી છે. જેનો ઉલ્લેખ પંચતંત્ર અને હિતોપદેશમાં છે. એક ટિટોળી યુગલ સમુદ્ર કિનારે રહેતું હતું. સમય આવે ટિટોળી ઇંડા મૂકતી. પરંતુ સમુદ્ર તેના ઈંડા છાલક મારીને લઈ જતો. આવું

ઘણીવાર બન્યું. ત્યારે ગુસ્સે થયેલા ટિટોળી દંપતીએ ગરુડને પોતાની આપવીતી કહી. ગરુડે આ વાત ભગવાન વિષ્ણુને કહી અને ત્યારબાદ વિષ્ણુ અને નારદના ઉપદેશ મુજબ ગરુડે પોતાની વિશાળ પાંખો ફેલાવીને સમુદ્રને શોષવાનું (સૂકવવાનું) શરૂ કર્યું. સમુદ્ર ગભરાયો અને તરત જ ચિટોળીના ઈંડાં પાછા આપવા આવ્યો. ટિટોળી દંપતીને ઈંડાં પાછાં મળ્યાં અને તે બંને આનન્દ પામ્યાં.

આ ન્યાય ઉપર્યુક્ત કથાને આધારે બે બાબતો જણાવે છે. દઢનિશ્ચયથી કરેલું કાર્ય કદાપિ વ્યર્થ જતું નથી. વળી, સાચા હૃદયથી કરેલી પ્રાર્થના ઈશ્વર અવશ્ય સાંભળે છે. અહીં ટિટોળી દંપતીએ દરિયાથી ડર્યા વગર સાચા હૃદયથી પોતાની હૃદયવ્યથા પોતાના રાજા ગરુડને કરી. ત્યારબાદ ગરુડે એ વાત વિષ્ણુ ભગવાનને કરી. છેવટે વિષ્ણુએ ગરુડના માધ્યમથી ટિટોળીને ઈંડાં પાછા અપાવ્યાં.

આમ, સાચા હૃદયનો આર્તનાદ ઈશ્વર સુધી પહોંચે છે અને ઈશ્વર કોઈને કોઈ રીતે તમને મદદ કરે છે. ટૂંકમાં કૃતનિશ્ચય અને હૃદયપૂર્વકની પ્રાર્થના કાર્યસફળતા માટે ઉપકારક બને છે.

**૭૯. तटाकपरीवाह-न्यायः ।**

तटाक એટલે તળાવ, તેનો परीवाह એટલે વધારાનું પાણી નીકળવાનો વ્હોળો કે માર્ગ, તેના આધારે પ્રચલિત થયેલો આ વ્યાવહારિક ન્યાય છે.

જ્યારે તળાવમાં પાણીની અધિકતા થાય એટલે કે તળાવ છલોછલ ભરાઈ જાય ત્યારે તે ફાટી ન જાય તે માટે એક નાનો પરીવાહ-જળમાર્ગ રાખીને તે વધારાના પાણીનો નિકાલ કરવામાં આવે છે. જો એમ ન કરવામાં આવે તો તળાવ ફાટી જાય અને બધું પાણી વહી જાય. માટે વધારાનું પાણી કાઢવું આવશ્યક છે. તળાવ અને વહી જતું પાણી એ અહીં પ્રતીકાત્મક છે. આ ન્યાયના આધારે અહીં મનુષ્યના વ્યવહાર જીવનને લક્ષ્ય બનાવાયું છે. મનુષ્યનું જીવન અનેક પ્રકારનાં કાર્યોથી ભરેલું છે. સુખ-દુઃખ, તેજ-છાયા અને ભરતી-ઓટ એના જીવન સાથે વણાયેલાં હોય છે. જ્યારે દુઃખો અતિશય વધી જાય, ત્યારે તેના ભારથી હૃદય વ્યથિત થઈ જાય છે. આ દુઃખી કે વ્યથિત હૃદયને હળવું કરવા માટે એક માર્ગ રાખવો જોઈએ. એ માર્ગ એટલે 'રુદન કરીને' અર્થાત્ 'રડી લઈને' હૃદયના ભારને હળવો કરવો જોઈએ. જેમ તળાવનું વધારાનું પાણી પરીવાહથી કાઢીને તળાવને ફાટતું બચાવાય છે, તેમ હૃદયની વ્યથા-ગમગીની અને ડૂમાને રુદનથી હળવું કરવાની વાત આ ન્યાયમાં કરવામાં આવી છે. આમ કરવાથી હૃદય હળવું બને છે અને મનુષ્ય કોઈ આપઘાત કે હૃદયરોગ જેવા હૂમલાનો ભોગ બનતો નથી.

આ ન્યાય આજની ભાગદોડવાળી જિંદગીની દૃષ્ટિએ અત્યન્ત ઉપકારક છે. મનુષ્ય જીવન અનેક પ્રકારની વ્યાથા-કથાઓથી ભરેલું હોવાથી દુઃખી, ત્રસ્ત અને ડૂમો ભરાયેલ સ્થિતિવાળું બની ગયું છે.

ભૌતિકવાદ અને તેને પામવાની ઘેલછામાં મનુષ્ય આજે ચોતરફથી ભીંસાતો જાય છે. છેવટે તે બધી બાજુએથી બંધાય-ફસાય-અકળાય ત્યારે છેવટે ફુગ્ગાની જેમ ફાટી જાય છે. આવું ના થાય એ માટે જેમ તળાવના વધારાના પાણીને વહી જવા પરીવાહ હોય છે. તેમ મનુષ્યે પણ રુદનરૂપી પરિવાહથી પોતાના વધારાના બોજને બહાર કાઢીને અંતરથી અને અંદરથી હળવા થવું જોઈએ. એમ થાય તો મનુષ્ય હૃદયથી હળવો બને છે અને આવા માનસિકબોજથી બચી શકે છે. સંસ્કૃતના લૌકિકન્યાયની આ જ વિશેષતા છે કે તે માનવ સમાજ માટે

આવી દૂરંદેશિતા કેળવીને તેની મનોવ્યથા ઓછી કરે છે. અહીં રુદનની સાથે વાર્તાલાપને પણ સમજી લેવાના છે. જો કોઈ આત્મીયજન કે મિત્રવર્ય સાથે મનુષ્ય મનમૂકીને વાર્તાલાપ કરે - હૃદયનો વ્યથારૂપી ઉભરો ઠાલવે તો પણ તેનો એ વ્યથાભાર ઓછો થાય છે.

**૮૦. तण्डुलभक्षणन्यायः ।**

ચોખા અર્થાત્ રાંધેલા ભાત ખાવાનો ન્યાય. ચોખા રાંધવામાં આવે ત્યારે ક્યારેક એવું બને છે કે અમુક ચોખા થોડા અપક્વ(કાચા-પાકા) હોય છે. પરંતુ મોટાભાગના ચોખા પક્વ (ચડી ગયેલા) હોવાથી તે અમુક અપક્વ (નહીં ચડેલા કે અધકચરા ચડેલા) ચોખા પણ સાથે ખવાઈ જાય છે. એનાથી ખાવામાં કે પચાવવામાં કોઈ ખાસ ફરક પડતો નથી. એટલે કે મહત્તમ પક્વ ચોખાના સમૂહની સાથે થોડાક અપક્વ ચોખા પણ ખાવા યોગ્ય ગણાય છે અને ખવાઈ પણ જાય છે.

આમ સામાન્ય લાગતો આ ન્યાય આજે સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં લાગુ પડે છે. આપણે ક્રમશઃ બે ચાર બાબતો જોઈશું તો;

(૧) શિક્ષણના ક્ષેત્રે મોટાભાગની શિક્ષણ સંસ્થાઓ શિક્ષણ અને સાધનસામગ્રીથી સમૃદ્ધ અને સજ્જ હોય છે. પરંતુ કેટલીક સગવડ વગરની કે શિક્ષણની દૃષ્ટિએ અધૂરપ હોય એવી લાગતી સંસ્થાઓ પણ પેલી સમૃદ્ધ કે સગવડસજ્જ સંસ્થાઓને લીધે બચી જાય છે અને તેના પ્રત્યે કોઈનું વિશેષ ધ્યાન જતું નથી.

(૨) શિક્ષણ લેતાં વિદ્યાર્થીસમૂહનું પણ આવું જ છે. મોટાભાગનો વિદ્યાર્થીસમૂહ શિક્ષા મેળવવાની દૃષ્ટિએ અને તેમાં ઉત્તીર્ણ થવાની દૃષ્ટિએ સફળતા-વાળો હોય છે. માત્ર નહિવત્ છાત્રસમૂહ નબળો હોય છે. જે પેલા મોટાસમૂહની દૃષ્ટિએ ધ્યાનાસ્પદ્ બનતો નથી.

(૩) વિવિધક્ષેત્રે નોકરી કરતા મનુષ્યોનો વર્ગ પણ તંડુલભક્ષણ ન્યાયે કાર્યરત હોય છે. પ્રત્યેક ઓફિસમાં કે કચેરીઓમાં મોટાભાગના કર્મચારીઓ-અધિકારીઓ નિષ્ઠાવાન્, નિયમિત અને કાર્યપરાયણ હોય છે. પરંતુ આ મહત્તમ વર્ગની આડમાં કેટલાક નઠારા અને પ્રમાદી લોકો પ્રત્યે સમાજનું ધ્યાન નહિવત્ કે ભાગ્યે જ જાય છે. પેલા ઉત્તમની આડમાં આવા અધમ ચાલી જાય છે.

(૪) ખેડૂતના ખેતીકર્મમાં પણ આવું જ હોય છે. ખેતરનો એકાદ ખૂણો વૃક્ષની છાંયથી, ઓછો ફળદ્રુપ હોવાથી કે ગાય-ભેસ-મનુષ્યના ઘસારાવાળો હોવાથી નબળો હોય છે. પરંતુ ખેતરનો ૯૦ ટકા હિસ્સો ઉત્તમ પાક વાળો હોવાથી, પેલા નાના ભાગને ખેડૂત ગણકારતો નથી.

આમ, જેમ ચોખાના મહત્તમ ચડેલા કે પક્વ સમૂહને લીધે તેમનામાં રહેલા અપક્વ ચોખાઓ પણ પક્વ ગણાય છે અને ભક્ષણયોગ્ય બને છે, તેમ સમાજના મોટાભાગના નિષ્ઠાવાન્, પ્રામાણિક અને કર્મઠ મનુષ્યોને લીધે નહિવત્ નઠારા, અપ્રામાણિક અને પ્રમાદી મનુષ્યોનો સમૂહ ચાલી જાય છે - બચી જાય છે. આ દૃષ્ટિએ આ ન્યાય સામાજિક ન્યાય છે. ચોખા તો માત્ર દૃષ્ટાન્ત છે. આમ, આવા ન્યાય એમ દર્શાવે છે કે, સમાજનો અલ્પ-અપક્વવર્ગ પેલા મહત્ત્મ પક્વની સાથે ચાલી જાય છે.

=O=

# બૌદ્ધદર્શનમાં ચિત્તનું સ્વરૂપ

શ્રી દિપલ મનોજકુમાર શાહ
શોધછાત્ર, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ

## બૌદ્ધદર્શનમાં ચિત્તનું સ્વરૂપ

બૌદ્ધધર્મનું રૂપ મનોવૈજ્ઞાનિક છે. ધર્મ મનોવિજ્ઞાન બની બૌદ્ધ સાધનામાં આવ્યું છે. આ બૌદ્ધ ધર્મની એક મોટી વિશેષતા છે. ભગવાન બુદ્ધે મનુષ્યના આંતરિક વ્યક્તિત્વનું વિશ્લેષણ માનવીય દષ્ટિકોણથી કર્યું છે. બુદ્ધ શાસનમાં મનુષ્યના ચિત્ત અને નૈતિક શક્તિઓની શોધ એ ઉદ્દેશ્યથી કરવામાં આવી છે કે તે મનુષ્યની મુક્તિમાં સહાયક થાય.

સાધારણ રીતે જેને આપણે જીવ કહીએ છીએ, બૌદ્ધ લોકો તેને જ ચિત્ત શબ્દ દ્વારા વર્ણવે છે. ચિત્તની સત્તા ત્યાં સુધી જ છે જ્યાં ઇન્દ્રિય અને ગ્રાહ્ય વિષયોનું પરસ્પર ઘાત-પ્રતિઘાતનું અસ્તિત્વ છે. જ્યારે ઇન્દ્રિયો અને વિષયોની ઘાત-પ્રતિઘાત અસરનો અંત આવે છે, ત્યારે ચિત્તની પણ સમાપ્તિ થઈ જાય છે. આ કલ્પના ફક્ત સ્થવિરવાદીઓ તથા સર્વોસિતવાદીઓને જ માન્ય નથી. પરંતુ યોગા ૪૨ મત પ્રમાણે પણ ચિત્ત-નિત્ય થાય અને સ્વતંત્ર વિશેષ નથી આ મતમાં ચિત્ત જ નિસંદેહ એકમાત્ર પરમ તત્ત્વ છે. પરંતુ આટલા માત્રથી તેની સ્વતંત્ર સત્તા રહેતી નથી. પ્રત્યેક ચિત્ત દરેક ક્ષણે પરિવર્તિત થતું રહે છે અને કાર્યકારણ અનુસાર નવીન રૂપ ધારણ કરતું રહે છે. બૌદ્ધ ધર્મમાં ચિત્ત મન અને વિજ્ઞાન પ્રાયઃ સમાનાર્થી શબ્દ છે. જે સંચય કરે છે તે ચિત્ત છે.[૧] (चिनोति) मनस ની વ્યુત્પત્તિ બૌદ્ધ ગ્રંથોમાં 'मा' ધાતુથી સમજાવી છે. 'मा' નો અર્થ છે માપવું, જોખવું. કોઈ વસ્તુના વિષયમાં નિશ્ચય કરવો, આ મન છે જે મનન કરે છે. (मनुते) જેથી જ્યારે આપણે ચિત્તની નિર્ણયાત્મક પ્રવૃત્તિ રાખવાવાળા અંશ પર ભાર મૂકવાનો હોય છે. ત્યારે આપણે 'મન' નો પ્રયોગ કરીએ છીએ. 'વિજ્ઞાન' આ બંનેની અપેક્ષાએ જૂનો શબ્દ છે. ચિત્ત જ્યારે વસ્તુઓના ગ્રહણમાં પ્રવૃત્ત થાય છે ત્યારે તેની સંજ્ઞા વિજ્ઞાન છે.

આ વિજ્ઞાન છે. જે પોતાના આલંબનને જાણે છે. ચિત્ત મન અને વિજ્ઞાનના મુક્ત લક્ષણોથી આ સ્પષ્ટ છે કે આની વ્યુત્પત્તિ દ્વારા કરવાવાળાં લક્ષણ ભલે જ અલગ અલગ હોય પરંતુ ત્રણેય શબ્દો એક જ અર્થને વ્યક્ત કરે છે.

## બૌદ્ધદર્શનમાં ચિત્તનું સ્વરૂપ

જે કુશળ અથવા અકુશળ ધર્મોનો સંચય કરે છે તેને ચિત્ત કહે છે. ચિત્તને ભગવાન બુદ્ધે સૌથી સૂક્ષ્મ તત્ત્વ માન્યું છે. એમનું કથન છે કે મન બધી પ્રવૃત્તિઓનો આગેવાન છે અને દરેક પ્રવૃત્તિઓ મનથી જ ઉત્પન્ન થાય છે. જો કોઈ દૂષિત મનથી વચન બોલે અથવા કામ કરે તો દુઃખ તેનું અનુસરણ એ રીતે જ કરે છે. જે રીતે ગાડી ખેંચવા વાળો બળદના પગથી. જેવી રીતે મન પર સંયમ રાખવો જોઈએ તેવી જ રીતે ઇન્દ્રિયોને વશમાં રાખવી જોઈએ જે સ્વચ્છ મનથી ભાષણ તેમજ આચરણ કરે છે. સુખ તેનું એ પ્રકારે જ અનુગમન કરે છે. જે પ્રકારે ક્યારે સાથ

---

૧. बौद्धधर्म, दर्शन - पृ. ३३३

२. वही ।

३. अभिधर्मकोश, २.३४

 ISSN : 2249 - 9369

ન છોડવા વાળી છાયા ધમ્મપદમાં કહેવામાં આવ્યું છે કે વેરથી વેર કદી શાંત થતું નથી. તેથી દ્રોહ અને વેરનો સર્વથા પરિત્યાગ કરી મૈત્રીની ભાવના મનમાં રાખી શત્રુઓ સાથે પણ અવેર વ્યવહાર કરવો જોઈએ મનના બધા પ્રકારના દોષ અથવા મેલને ધોઈ નાખવો જોઈએ ધ્યાન ભાવનાનો નિરંતર અભ્યાસ કરવો જોઈએ કેમકે તેના અભાવમાં મનમાં રાગ ઘૂસી જાય છે. અને છોડીને રાગ દ્વેષ અને મોહને છોડીને અનાસક્ત થવાનો પ્રયત્ન કરવો જોઈએ.

## ધમ્મપદમાં અપ્રમાદ

સામાન્ય રીતે સમયનો દુરુપયોગ ન કરવો એ અપ્રમાદ છે. ધમ્મપદ તથા ઉત્તરાધ્યયનસૂત્રમાં અપરાધનું વિશદ વિવેચન મળે છે ધમ્મપદના અપમાન સમાન અપ્રમાદને અમૃતપદ નિર્વાણ કહ્યું છે. કહેવાય છે કે આ વર્ગની પહેલી ગાથા સાંભળીને સમ્રાટ અશોક બૌદ્ધ બન્યા હતા[૭]. આ વર્ગમાં ૧૨ કથાઓ છે. જેમાં અપ્રમાદ નિર્માણનું સાધક તથા પ્રમાદને મૃત્યુ પદ કહ્યું છે[૮]. આર્યોના કર્તવ્ય ક્ષેત્રમાં પણ ઉત્સાહ અથવા ઉદ્યોગમાં પ્રવિણ બુદ્ધિમાન દૂરદર્શી તથા દઢ પ્રયત્ન વાળા ધૈર્યવાન વ્યક્તિ સર્વોત્તમ કલ્યાણ સ્વરૂપ નિર્વાણને પ્રાપ્ત થાય છે[૯]. આત્મઉન્નતિ કરવાવાળો ધ્યાનશીલ પવિત્ર કર્મવાળા મનુષ્ય જે વિચારપૂર્વક કાર્ય કરે છે. સૈયતેન્દ્રિય ધર્મજીવી અને ઉત્સાહી છે. તેમનો યશ વધે છે[૧૦]. મેધાવી મનુષ્ય ઉત્થાન, ઉત્સાહ સંયમ અને દમન દ્વારા નિર્વાણને પ્રાપ્ત કરે છે. જ્યારે દુર્બુદ્ધિ તેમજ અવિવેકી મનુષ્ય આળસમાં રહ્યા કરે છે[૧૧]. પ્રમાદથી રહિત કામ ભોગોથી અલિપ્ત, ધ્યાનશીલ અપ્રમત્ત વ્યક્તિ અતુલ્ય સુખને પ્રાપ્ત કરે છે[૧૨].

એટલે જ પ્રમત્તોમા અપ્રમત્ત થઈને તથા સૂતેલાઓમાં જાગૃત રહીને સદ્બુદ્ધિવાળા વ્યક્તિ એવી રીતે જ આગળ વધે છે, જેવી રીતે નિર્બળ ઘોડાને છોડીને સબળ ઘોડા[૧૩]. જ્યારે બુદ્ધિમાન ઉત્સાહ અથવા ઉદ્યોગ દ્વારા આળસ પર વિજય પામે છે ત્યારે તે અર્હત પદ પ્રાપ્ત કરીને શોકસંતપ્ત પ્રજાને તેવી રીતે જ જોવે છે જેવી રીતે પર્વત શિખર પર ચઢેલો કોઈ બુદ્ધિમાન માણસ તળેટીમાં ઉભેલા મૂર્ખોને[૧૪]. આળસરહિત થવાથી જ ઇન્દ્ર દેવતાઓમાં શ્રેષ્ઠતાને પામ્યા છે એટલે જ બધા લોકો ઉત્સાહની પ્રશંસા અને આળસની નિંદા કરે છે[૧૫]. આમ ઉત્સાહમાં તત્પર રહેવાવાળો તથા આળસમાં ભય જોવાવાળો વ્યક્તિ સૂક્ષ્મ અને સ્થૂળ દરેક પ્રકારની ખરાબીઓથી દૂર થઈ નિર્વાણને પ્રાપ્ત કરે છે[૧૬].

---

४. मनो पुब्बङ्गमाधम्मा मनोसेट्ठा मनोमया। ततो नं सुखमन्वेति छाया व् अनपायिनी ॥
धम्मपद, १,२ तथा जैन, बोद्ध तथा गीता के आचार दर्शनों का तुलनात्मक अध्ययन भाग – १, पृ. ४८१

५. न हि वेरेन वेरानी सम्मन्तीध्य कुदाचनं। धम्मपदं – ५।

६. मापमादमनुयुञ्जेथ माकामरातिसंथवं। अप्पमतो हि ज्ञायन्तो प्राप्नोति विपुलं सुखम्। वही, २७

७. धम्मपद बिक्षुरक्षित की भूमिका, पृ. ४

८. अप्पमादो अमतपदं पामदो मच्चुनोपदम्। अप्पमत्ताना मियांत ये पमता यथामता ॥ धम्मपद – २१

९. वही, २२-२३, तुलनीय उत्तराध्ययन – ३३.२.२
नाणस्स सव्वस्स पगासणाए अन्नाण मोहस्स विवज्जणाए। रागस्स दोसस्स यसंखएण एगंत सोक्खंसमुवेईमोक्खं ॥

१०. जट्ठानवतो सतिमतो सुचिक्कम्मस्स नि सम्मकारिनो। सन्नतस्स च धाम्माजीविनो अप्पमत्तस्सयसोभिवडढती ॥ धम्मपद, २४

११. वही, २५-२६

१२. वही, २९ तुलनीय, उत्तराध्ययनं ४.६

१३. पमादं अप्पमादेन यदानुदति पण्डितो। पन्नापासादमारूह असोको सोकिनिपजमं ॥ पब्बतट्ठो व भूमट्ठे धीरो बाले अवेक्खति ॥ धम्मपद, २५

१४. अप्पमादेनमघवादेवानं सेट्ठत गतो। अप्पमादं पसंसन्ति पमादो गरहितो सदा। वही, ३०

१५. वही, ३१-३२

# સંસ્કૃત સાહિત્ય અને તેમાં પુરાણ-સાહિત્યનું સ્થાન

ડૉ.ધર્મેન્દ્ર પટેલ, કડી, ઉ.ગુજ.

**૧. પ્રાસ્તાવિક :**

સાહિત્ય સમાજનું દર્પણ છે. જેવો સમાજ હોય તેવું જ તેનું પ્રતિબિંબ સાહિત્યમાં ઝીલાય છે. સમાજનો વિકાસ-પતન, સમૃદ્ધિ-દુર્દશા સાહિત્યમાં પ્રતિબિંબિત થાય છે. તેથી સાહિત્ય સંસ્કૃતિનું વાહન બને છે.

સંસ્કૃત સાહિત્ય ભારતીય સમાજના ભવ્ય વિચારોનું દર્પણ છે. ઋષિ-કૃષિની સંસ્કૃતિનું યથાર્થ ચિત્રણ સંસ્કૃતસાહિત્યમાં રજૂ થયું છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા પુરુષાર્થ ચતુષ્ટયને નજરમાં રાખતું સંસ્કૃત સાહિત્ય આદર્શ છે. સાહિત્ય શબ્દથી જે કાંઈ પણ અભિપ્રેત છે તે બધું જ આ સાહિત્યમાં છે. એક તરફ આ ધાર્મિકતાને પ્રગટાવે છે, તો બીજી તરફ ભૌતિકતાના ક્ષેત્રમાં પણ પૂર્ણ પ્રસાર પ્રાપ્ત કરે છે. વિશ્વની સૌથી પ્રાચીન ભાષાનું સાહિત્ય સત્-ચિત્-આનંદના વિચારોથી વણાયેલું છે. સંસ્કૃતને દેવવાણી, સુરભારતી કે ગીર્વાણભારતી કહેવાય છે. ભારતીય આચાર, વિચારોનું ઉદ્‌ગમસ્થાન સંસ્કૃત સાહિત્ય જ છે. ભારતીયતાની ગંગોત્રી એટલે સંસ્કૃત સાહિત્ય. આ સાહિત્ય ભારતનું ગૌરવ છે.

સંસ્કૃત સાહિત્ય માનવ જાતિ માટે શાશ્વત્ મનોજગત્‌ની વિરાસત લઈ અવતર્યું છે. સામાજિકતાને દૃષ્ટિમાં રાખી એક અખંડ પરંપરાનું સર્જન કર્યું છે, જેમાં ભારતીયતા પૂર્ણતયા વિદ્યમાન છે.

**૨. સંસ્કૃત-સાહિત્યનું મહત્ત્વ :**

'सहितयोः भावः साहित्यम्' અર્થાત્ સહિત્ શબ્દ તથા અર્થનો ભાવ. શબ્દ અને અર્થનો વિશિષ્ટ સંબંધ તે સાહિત્ય. રાજશેખરે સાહિત્ય-વિદ્યાને 'पञ्चमी विद्या' કહી છે, જે મુખ્ય ચાર વિદ્યાઓ - પુરાણ, ન્યાય (દર્શન), મીમાંસા, ધર્મશાસ્ત્ર-ના સારભૂત છે.[૧] બિલ્હણે પણ કાવ્યામૃતને સાહિત્ય-સમુદ્રમંથનથી ઉત્પન્ન થતું દર્શાવ્યું છે.[૨] સંકુચિત અર્થમાં કાવ્ય, નાટક વગેરે સાહિત્ય છે, જ્યારે વ્યાપક અર્થમાં તે 'વાઙ્મય' શબ્દપ્રયોગથી સૂચવાય છે. જે તેની વ્યાપકતાને સૂચવે છે.

સંસ્કૃત સાહિત્યની સૌથી મોટી વિશેષતા તેની પ્રાચીનતા છે. આટલું પ્રાચીન સાહિત્ય જગત્‌માં ક્યાંય નથી. ઋગ્વેદ માત્ર ભારતીય ભાષામાં જ નહીં, પરંતુ વિશ્વ તથા મનુષ્ય માત્રનો પ્રથમ ગ્રંથ છે. ત્યારબાદ સંસ્કૃત સાહિત્યની વ્યાપકતા પણ તેની વિશેષતા છે. સંસ્કૃત સાહિત્ય સર્વાંગીણ છે. આ બધા અંગોથી પરિપૂર્ણ છે. તેમાં ચારેય પુરુષાર્થો અને ધર્મશાસ્ત્રની સાથે સાથે અર્થશાસ્ત્ર અને કામશાસ્ત્ર પણ અહીં રચાયું છે. વિજ્ઞાન, જ્યોતિષ, વૈદક, સ્થાપત્ય, પશુ-પક્ષી સંબંધી લક્ષણગ્રંથ સંસ્કૃત સાહિત્યમાં

१. पञ्चमी साहित्य विद्येति यायावरीयः । सा हि चतसृणां विद्यानामपि निष्यन्दः । - *કાવ્યમીમાંસા (પૃ. ૪)*

२. साहित्य-पापोनिधि-मन्थनोत्थ काव्यामृतं रक्षत हे कवीन्द्राः ।
यदस्य दैन्या इव लुण्ठनाय काव्यार्थचौराः प्रगुणीभवन्ति ॥ - *વિક્રમાઙ્કદેવચરિત (૧.૧૧)*

 ISSN : 2249 - 9369

પ્રચુર માત્રામાં વિદ્યમાન છે. ખરેખર તો, 'પ્રેય' અને 'શ્રેય'ના શાસ્ત્રો રચવાનો ઉપક્રમ પ્રાચીનકાળથી રહ્યો છે. અહીં, ધાર્મિક અને સાંસ્કૃતિક દૃષ્ટિકોણ ધ્યાને લેવાયો છે.

**૩. સંસ્કૃત સાહિત્યના પ્રવાહો :**

સંસ્કૃત સાહિત્યને સામાન્યતઃ બે ભાગોમાં વિભક્ત કરવામાં આવે છે.

(૧) વૈદિક સંસ્કૃત સાહિત્ય (૨) લૌકિક (પ્રશિષ્ટ) સંસ્કૃત સાહિત્ય

પ્રથમ પ્રવાહ વૈદિક સાહિત્યનો છે. જેમાં ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ ઉપરાંત તેની સાથે સંબદ્ધ બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો તથા ઉપનિષદોનો સમાવેશ થાય છે. લૌકિક સંસ્કૃતની દૃષ્ટિએ વૈદિક સાહિત્યમાં ખાસ્સું અંતર છે, ભાષા તો પૂર્વવર્તી છે જ, સાથે સાથે ધ્વન્યાત્મક તેમજ વ્યાકરણાત્મક અંતર પણ પર્યાપ્ત માત્રામાં ઉપલબ્ધ છે.

દ્વિતીય પ્રવાહ લૌકિક સાહિત્યનો છે. જેમાં વૈદિક સાહિત્યોત્તર સર્વે કૃતિઓનો સમાવેશ થાય છે. આ બધામાં ભાષાત્મક સામ્ય બધે મળે છે. પ્રશિષ્ટ સંસ્કૃત સાહિત્યનો પ્રારંભ આદિ કવિ વાલ્મીકિ દ્વારા પ્રણિત રામાયણ તથા વેદવ્યાસ દ્વારા લિખિત મહાભારતથી મનાય છે. વસ્તુતઃ આ બંને કૃતિઓ ઉત્તરકાલિક કવિઓ માટે પ્રેરણાસ્રોત તેમજ આદર્શ છે.

**૩.૧. વૈદિક સંસ્કૃત સાહિત્ય :**

ભારતીય પરંપરાનુસાર વેદોને ઈશ્વરીય જ્ઞાન માનવામાં આવ્યું છે. વેદોના કોઈ કર્તા નથી. વેદોને અપૌરુષેય માનવામાં આવ્યા છે. સૃષ્ટિની રચના થતાં ઈશ્વર દ્વારા આ ઈશ્વરીય જ્ઞાન ઋષિઓના હૃદયમાં પ્રકાશિત થાય છે અને ગુરુ-શિષ્ય પરંપરા દ્વારા લોકમાં પ્રવર્તિત રહે છે. જગત્‌નો પ્રલય થતાં આ વેદ જ્ઞાન ઈશ્વરમાં નિહિત થઈ જાય છે.

વૈદિક સાહિત્યનો આરંભ ઋગ્વેદથી થાય છે. ત્યારબાદ યજુર્વેદ, સામવેદ તથા અથર્વવેદ રચાયા. આ પછી વેદોની વ્યાખ્યા કરવા માટે જે લખાયું તેનો પણ વૈદિક સાહિત્યમાં સમાવેશ થાય છે. ચાર વેદો ઉપરાંત ચાર ઉપવેદ-આયુર્વેદ, ધનુર્વેદ, ગાંધર્વવેદ અને અર્થવેદ, બ્રાહ્મણગ્રંથ, આરણ્યક, ઉપનિષદો, છ વેદાંગનો સમાવેશ વૈદિક સાહિત્યમાં કરવામાં આવે છે.

'સંહિતા'નો શાબ્દિક અર્થ છે - સમ્મિશ્રણ, સંકલન કે સંગ્રહ. વૈદિક વાઙ્મયમાં 'સંહિતા' શબ્દ ક્રમબદ્ધ મંત્ર-પાઠના અર્થમાં સામાન્યરૂપે વ્યવહૃત થાય છે. ઋગ્વેદાદિ ચારેય સંહિતાઓમાં ક્રમબદ્ધ મંત્રપાઠ છે. વેદોની સંખ્યા ચાર છે. ઋગ્વેદમાં 'જ્ઞાન'નો, યજુર્વેદમાં 'કર્મ', સામવેદમાં 'ઉપાસના'નો વિષય વર્ણવાયો છે. અથર્વવેદમાં જ્ઞાન, કર્મ અને ઉપાસના ત્રણેય વિષયો વર્ણવાયા છે.

**૩.૧.૧.૧. ઋગ્વેદ :**

ઋગ્વેદ વિશ્વ સાહિત્યનો સૌથી પ્રાચીન ગ્રંથ મનાય છે. તેમાં ઋચાઓનો સંગ્રહ છે. તેનો પ્રારંભ અગ્નિસૂક્તથી અને અંત સંજ્ઞાનસૂક્તથી થાય છે.

મહાભાષ્યકાર પતંજલિએ ઋગ્વેદની ૨૧ શાખાઓ માની છે. 'एकविंशतिधा वाहवृच्यम्' તેમાં શાકલ, बाष्कल, आश्वलायिनी, शांखायनी તથા माण्डूकायनी પ્રમુખ છે. તેમાંથી માત્ર શાકલ શાખા જ પૂર્ણરૂપે પ્રાપ્ત થાય છે. મંત્રોની સંખ્યા ૧૦૫૮૦ તથા સૂક્તોની સંખ્યા ૧૦૧૭ (વાલખિલ્ય-૧૧ ઉમેરતાં ૧૦૨૮) છે. ઋગ્વેદનું બે ક્રમે સંગઠન કરવામાં આવ્યું છે - (૧) અષ્ટકક્રમ, (૨) મંડલક્રમ

**૩.૧.૧.૨. યજુર્વેદ :**

'યજુષ્' શબ્દનો અર્થ છે - પૂજા તથા યજ્ઞ. યજુર્વેદમાં કર્મકાંડની પ્રધાનતા છે. ઋત્વિક્ અધ્વર્યુ છે. મુખ્ય દેવતા વાયુ છે અને ૮૫ શાખાઓ છે. જો કે ક્યાંક ૨૦૦, ૧૦૧ શાખાઓનો ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે. શુક્લ અને કૃષ્ણ એવો તેના બે ભાગ છે. યજુર્વેદમાં યજ્ઞસંબંધી મંત્રોનો સમાવેશ છે.

**૩.૧.૧.૩. સામવેદ :**

'સામ' શબ્દનો શાબ્દિક અર્થ છે - 'દેવોને પ્રસન્ન કરનારું ગાન'. બૃહદારણ્યકોપનિષદ્‌માં કહ્યું છે - ''सा च अमश्चेति तत्साम्नः सामत्वम् । सा ऋक् । तथा ह सम्बन्धः अमो नाम स्वरो यत्र वर्तते तत्साम ।' અર્થાત્ 'सा' અને 'अम' મળીને 'साम' શબ્દની ઉત્પત્તિ થઈ છે. અહીં 'सा' નો અર્થ છે - 'ऋचा' અને 'अम'નો અર્થ છે - ષડજ્, ઋષજ્, ગાંધાર આદિ સપ્તસ્વર. આથી ઋગ્વેદની ઋચાઓ સ્વરથી મળે ત્યારે 'સામ' બને છે.

'શતપથ બ્રાહ્મણ'માં સામનું મહત્ત્વ દર્શાવતા કહ્યું છે કે - ''नासाम यज्ञो भवति'' (સામ વિના યજ્ઞ થાય નહીં). બૃહદ્દેવતામાં પણ કહ્યું છે કે - ''सामानि यो वेत्ति स वेद तत्त्वम्'' (જે સામને જાણે છે, તે જ વેદના રહસ્યને જાણે છે). ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણે 'वेदानां सामवेदोऽस्मि' કહીને સામવેદનું મહત્ત્વ દર્શાવ્યું છે. સામવેદના બે ભાગ છે : પૂર્વાર્ચિક અને ઉત્તરાર્ચિક પૂર્વાર્ચિકમાં અગ્નિ, ઈન્દ્ર સંબંધી મંત્ર છે, જ્યારે ઉત્તરાર્ચિકમાં પ્રત્યેક મંત્રના લય, તાનને યાદ કરવાનું વર્ણન વિદ્યમાન છે.

**૩.૧.૧.૪. અથર્વવેદ :**

ચારેય વેદોમાં અંતિમ સ્થાન અથર્વવેદનું છે. અથર્વવેદના ઋત્વિક્ બ્રહ્મા છે. અથર્વન્ ઋષિના નામ પરથી આ વેદનું નામ અથર્વવેદ પડ્યું છે. મહાભાષ્યકાર પતંજલિના અનુસાર અથર્વવેદની ૯ શાખાઓ છે. આજે પિપ્પલાદ અને શૌનકીય એ બે જ શાખાઓ ઉપલબ્ધ છે.

**૩.૧.૨. બ્રાહ્મણગ્રંથો :**

બ્રહ્મથી સંયોગ રાખનાર ગ્રંથ બ્રાહ્મણ કહેવાય છે - ब्रह्मणोऽयमिति ब्राह्मणः । વેદમંત્રોથી સંબંધ હોવાને કારણે જ તેને બ્રાહ્મણ ગ્રંથો કહેવાય છે - 'ब्रह्मं वै मन्त्रः' ।

બ્રહ્મ શબ્દનો એક અર્થ 'યજ્ઞ' પણ છે. યજ્ઞ સંબંધી ક્રિયાઓ કરવાને કારણે પણ બ્રાહ્મણ કહેવાય છે. (શાબરભાષ્ય ૨.૧.૮)

ભટ્ટ ભાસ્કરે કર્મકાણ્ડ અને મંત્રોની વ્યાખ્યા કરવાને કારણે તેને બ્રાહ્મણ ગણ્યા છે -

ब्राह्मणं नाम कर्मणस्तन्मन्त्राणां व्याख्यान ग्रन्थः । (ભટ્ટ ભાસ્કર - તૈત્તિરીય સંહિતા ૧.૫.૧ ભાષ્ય)

બ્રાહ્મણગ્રંથોમાં દશ વિષયોને આવરી લેવાયા છે -

हेतुनिर्वचनं निन्दा प्रशंसा संशयो विधि ।
परक्रिया पुराकल्पो व्यवधारण-कल्पना ॥
उपमानं दशैते तु विधियो ब्राह्मणस्य तु ॥

ઋગ્વેદના બે, યજુર્વેદના બે, સામવેદના નવ અને અથર્વવેદનું એકમાત્ર બ્રાહ્મણ ઉપલબ્ધ છે.

### ३.१.३. આરણ્યક :

'अरण्य' શબ્દને 'वुञ्' પ્રત્યય લાગીને 'आरण्यक' શબ્દ બન્યો છે. જંગલમાં રચના થવાથી આરણ્યક કહેવાય છે - 'अरण्ये भवम् इति आरण्यकम्' આરણ્યકોમાં જ્ઞાન અને કર્મ બંનેનો સમન્વય મળે છે. બોધાયન ધર્મસૂત્રોમાં આને 'રહસ્યગ્રંથ'ની સંજ્ઞા આપવામાં આવી છે.

આરણ્યકોમાં યજ્ઞોના આધ્યાત્મિક કાર્યોની વિવેચના છે. આત્મા, પરમાત્મા, જ્ઞાન, કર્મ તથા ઉપાસનાનો સમન્વય આરણ્યકોનો મુખ્ય વિષય છે. આરણ્યકોની સંખ્યા ૧૧૩૦ મનાય છે. આજે માત્ર ૭ આરણ્યક જ પ્રાપ્ત થાય છે. આજે ઋગ્વેદના બે, યજુર્વેદના ત્રણ, સામવેદના બે આરણ્યકો પ્રાપ્ત થાય છે. અથર્વવેદનું કોઈ આરણ્યક મળતું નથી.

### ३.१.४. ઉપનિષદ્ :

'उपनिषद्' શબ્દની વ્યુત્પત્તિ 'उप' તથા 'नि' ઉપસર્ગપૂર્વક 'षद्लृ (સદ્)' ધાતુથી થઈ છે. જેમાં 'षद्लृ' (સદ્) શબ્દનો પ્રયોગ ત્રણ અર્થોમાં કરવામાં આવ્યો છે.

(૧) વિશરણ (નાશ કરવું) - અજ્ઞાનનો નાશ.

(૨) ગતિ (પ્રાપ્ત થવું) - જ્ઞાનની પ્રાપ્તિ.

(૩) અવસાદન (શિથિલ કરવું) - મોહની શિથિલતા.

જેના દ્વારા બ્રહ્મની સમીપતા ચોક્કસરૂપથી પ્રાપ્ત થાય તેને ઉપનિષદ્ કહેવાય છે. - ''उप ब्रह्म सामीप्यं निश्चयेन सीदति प्राप्नोति यथा सा उपनिषद्'' ।

ઉપનિષદોની સંખ્યા વિશે મતભેદ છે. મુણ્ડકોપનિષદ્માં આ સંખ્યા ૧૦૮ છે. મહાવાક્યકોશમાં ૨૨૩ છે. શંકરાચાર્યે ૧૦ સંખ્યા માની છે. ઉપરાન્ત કૌષિતકી, મૈત્રાયણીય, શ્વેતાશ્વતર એમ ત્રણ ઉપનિષદો ઉમેરાતાં કુલ સંખ્યા ૧૩ છે.

ईश-केन-कठ-प्रश्न-मुण्डक-माण्डूक्य-तित्तिरः।
ऐतरेयं च छान्दोग्यं बृहदारण्यकं दश ॥

### ૩.૨. લૌકિક સંસ્કૃત સાહિત્ય :

સંસ્કૃત સાહિત્યમાં બીજો પ્રવાહ લૌકિક સાહિત્યનો છે. લૌકિક સાહિત્યના બે વિભાગ ગણાવી શકાય; એકમાં શાસ્ત્રગ્રંથોનો સમાવેશ થાય છે, જ્યારે બીજામાં સાહિત્યિક કૃતિઓનો સમાવેશ થાય છે.

૩.૨.૧.

શાસ્ત્રગ્રંથોમાં છ વેદાંગ, છ ઉપાંગ, અલંકાર, વ્યાકરણ, નાટ્ય, અર્થશાસ્ત્ર વગેરે સમાવિષ્ટ છે. જેના દ્વારા વસ્તુના યથાર્થ સ્વરૂપનો બોધ થાય તેને અંગ કહે છે અને વેદના અર્થજ્ઞાન માટે જે સહાયક થાય છે, તેને વેદાંગ કહે છે. વેદના સ્વરૂપ તેમજ અર્થજ્ઞાન માટે પ્રથમ આવશ્યક તત્ત્વ છે શિક્ષા, જે વેદમંત્રોના યથાર્થ ઉચ્ચારણની શિક્ષા આપે છે. તે પ્રકારે કર્મકાંડ તેમજ યજ્ઞીય અનુષ્ઠાન માટે કલ્પ, શબ્દ-જ્ઞાન માટે વ્યાકરણ, પદોના નિર્વચન માટે નિરુક્ત. છંદના જ્ઞાન માટે છંદ અને અનુષ્ઠાનો માટે ઉચિત નક્ષત્ર, તિથિ, માસાદિના જ્ઞાન માટે જ્યોતિષ શાસ્ત્ર અંગ છે. આથી, આ બધા વેદાંગ એવા નામથી ઓળખાય છે.

આ વેદાંગોની ઉત્પત્તિ સંભવતઃ ઉપનિષદ્ કાળમાં જ થઈ ગઈ હતી. શરૂમાં વેદાંગ સ્વતંત્ર વિષય ન હોઈ વેદાધ્યયન માટે વિશિષ્ટ ઉપયોગી પ્રકાર હતા. બાદમાં આ સ્વતંત્ર વિષય તરીકે વિકસ્યા. સૌપ્રથમ મુણ્ડકોપનિષદ્‌માં આથર્વણિકોએ વેદાંગોને ‘અપરાવિદ્યા’ અંતર્ગત ચાર વેદોના નામોલ્લેખ પછી નિરુપ્યાં છે.

द्वे विद्ये वेदितव्ये इति ह स्य यद् ब्रह्म विदौ वदन्ति परा चैवापरा च । तत्रापरा ऋग्वेदो यजुर्वेदः सामवेदोऽथर्ववेदः, शिक्षा कल्पो व्याकरणं निरुक्तं छन्दो ज्योतिषमिति ।

આ ઉપરાંત શાસ્ત્રગ્રંથોમાં અલંકાર, વ્યાકરણ, નાટ્ય વગેરે ગ્રંથોનો સમાવેશ થાય છે.

ભારતીય નાટ્યશાસ્ત્રનું મૂળ ઋગ્વેદના સંવાદસૂક્તોમાં છે. ભરત મુનિનું ‘નાટ્યશાસ્ત્ર’ નાટકના નીતિ-નિયમોનો સર્વોત્તમ ગ્રંથ છે. વ્યાકરણશાસ્ત્રનું આગવું મહત્ત્વ છે. વ્યાકરણનું જ્ઞાન બધાનું મૂળ છે. ‘व्याकरण मूलत्वात् सर्वविद्यानाम्’ કારણ કે તેના વિના કોઈ પણ શાસ્ત્રનું અધ્યયન કરી શકાતું નથી. સૌ પ્રથમ બ્રાહ્મણગ્રંથો, પ્રાતિશાખ્યો, આરણ્યકો અને ઉપનિષદોમાં વ્યાકરણનો સંકેત મળે છે. બૃહદ્દેવતામાં પણ લિંગ, વચન, કારક ઉપર વિચાર કરવામાં આવ્યો છે. યાસ્કના નિરુક્તમાં પણ વ્યાકરણસંબંધી ચર્ચા છે. જો કે વ્યાકરણનો સર્વાંગ સંપૂર્ણ ગ્રંથ મહર્ષિ પાણિનિ રચિત ‘અષ્ટાધ્યાયી’ છે. આ પ્રમાણે અલંકારશાસ્ત્રમાં વામન, ભામહ વગેરેના ગ્રંથો છે. સંગીત શાસ્ત્રમાં નારદરચિત ‘સંગીત મકરંદ’, શારંગદેવ રચિત ‘સંગીત રત્નાકર’ દામોદર રચિત ‘સંગીતદર્પણ’ વગેરે નોંધપાત્ર છે.

**૩.૨.૨.** લૌકિક સાહિત્યમાં સાહિત્યિક કૃતિઓનો ત્રણ પ્રકારે અભ્યાસ કરવામાં આવે છે.

(૧) ગદ્ય, (૨) પદ્ય, (૩) મિશ્ર

લૌકિક સંસ્કૃત સાહિત્યનું ગદ્ય પ્રાયઃ પૌરાણિક, શાસ્ત્રીય તથા સાહિત્યિક રૂપમાં પ્રાપ્ત થાય છે. તેમાં ક્રમશઃ ગદ્યનું વિકસિત સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે. પૌરાણિક ગ્રંથો જેવા કે - મહાભારત, શ્રીમદ્ભાગવત, વિષ્ણુપુરાણમાં ક્યાંક ગદ્યભાગ પ્રાપ્ત થાય છે. શાસ્ત્રીય ગદ્યશૈલીનું પ્રાચીનતમ ઉદાહરણ મહર્ષિ પતંજલિનું મહાભાષ્ય છે. વાર્ત્તિકકાર કાત્યાયન (૪૦૦ ઈ.પૂ.) સંસ્કૃત ગદ્યકાવ્યની આદિકાલિક આખ્યાયિકાઓથી જાણકાર છે. વાર્ત્તિકમાં તેમણે કહ્યું છે.

'लुगाख्यायिकाभ्यो बहुलम् आख्यानाख्यायिकेतिहासपुराणेभ्यश्च' (૪.૨.૬૦)

પતંજલિએ પણ વાસવદત્તા, સુમનોત્તરા, ભૈમરથીનો ઉલ્લેખ કર્યો છે.

'अधिकृत्य कृते ग्रन्थे, बहुलं लुग्वक्तव्य ।
वासवदत्ता सुमनोत्तरा न चभवति भैमरथी ॥ (૪.૩.૫૦)

ગદ્ય સાહિત્યમાં દંડીકૃત 'દશકુમારચરિત', સુબન્ધુકૃત 'વાસવદત્તા', બાણભટ્ટકૃત 'હર્ષચરિત' અને 'કાદમ્બરી' આધુનિક સમયમાં પં. અમ્બિકાદત્ત વ્યાસકૃત 'શિવરાજવિજય'.

લૌકિક સંસ્કૃત પદ્યસાહિત્ય અતિ પ્રશંસનીય છે. મહાકવિ અશ્વઘોષરચિત 'સૌન્દરનન્દ' અને 'બુદ્ધચરિત' મહાકાવ્ય, મહાકવિ કાલિદાસરચિત 'રઘુવંશ', 'કુમારસંભવ' તથા 'મેઘદૂત' સુપ્રસિદ્ધ છે. મહાકવિ ભારવિ રચિત 'કિરાતાર્જુનીય', ભટ્ટીરચિત 'રાવણવધ', કુમારદાસ રચિત 'જાનકીહરણ', મહાકવિ માઘ રચિત 'શિશુપાલવધ' મુખ્ય છે.

ગદ્ય-પદ્ય મિશ્રિત શૈલીનું નામ ચંપૂ છે. ગદ્યમાં અર્થ-ગૌરવ પદ્યમાં રાગાત્મકલયનું મહત્ત્વ હોય છે. આ બંને વિશેષતાથી યુક્ત કાવ્યનિર્માણના ઉદ્દેશ્યથી ચંપૂશૈલીનું નિર્માણ થયું. તેમાં ત્રિવિક્રમભટ્ટ રચિત'નલચમ્પૂ', સોમદેવનું 'યશસ્તિલકચમ્પૂ', સોઢ્ઢલકૃત 'ઉદયસુન્દરીકથાચમ્પૂ', ભોજરાજકૃત 'રામાયણચમ્પૂ', અનન્તભટ્ટકૃત 'ભારતચમ્પૂ' વિશેષ જાણીતી ચંપૂરચનાઓ છે.

દૃશ્ય-શ્રાવ્યની શ્રેણીમાં નાટકનો સમાવેશ થાય છે. ભરત મુનિએ 'धर्मार्थसाधनं नाट्यं सर्वदुःखापनोदकृत्' (નાટ્યશાસ્ત્ર) કહી નાટકને દુઃખવિનાશનો ઉપાય તથા ધર્મ, તેમજ અર્થ પ્રાપ્તિના સાધન તરીકે ગણાવ્યું છે.

નાટ્યસાહિત્યમાં મહાકવિ ભાસ શિરમોર છે. તેમના કુલ તેર નાટકો મળ્યાં છે. જેમાં આઠ નાટક, પાંચ એકાંકી છે, 'પ્રતિમા', 'અભિષેક' રામાયણકથા પર આધારિત છે. જયારે 'મધ્યમવ્યાયોગ', 'દૂતઘટોત્કચ', 'કર્ણભાર', 'દૂતવાક્ય', 'ઉરુભંગ' અને 'પંચરાત્ર' મહાભારત કથા પર આધારિત છે. 'બાલચરિત' ભાગવતકથાશ્રિત છે. લોકકથા આધારિત 'દરિદ્રચારુદત્ત' અને 'અવિમારક' છે. ઉદયનકથા પર આધારિત 'સ્વપ્નવાસવદત્ત' અને 'પ્રતિજ્ઞાયૌગંધરાયણ' છે. મહાકવિ કાલિદાસ પણ સફળ નાટ્યકાર છે. તેમના ત્રણ નાટકો મળે છે. 'માલવિકાગ્નિમિત્રમ્', 'વિક્રમોર્વશીયમ્' અને 'અભિજ્ઞાનશાકુન્તલ'.

મહાકવિ શૂદ્રક રચિત 'મૃચ્છકટિક' પ્રકરણ પણ અતિ પ્રસિદ્ધ છે. મહાકવિ વિશાખાદત્ત રચિત 'મુદ્રારાક્ષસ', હર્ષવર્ધનની ત્રણ કૃતિઓ 'પ્રિયદર્શિકા', 'રત્નાવલી' અને 'નાગાનન્દ', ભવભૂતિ રચિત 'મહાવીરચરિત', 'માલતીમાધવ' અને 'ઉત્તરરામચરિત' ખૂબ જાણીતા છે. ભટ્ટનારાયણનું 'વેણીસંહાર' પણ ઉત્તમ નાટક મનાય છે.

**પુરાણ - સાહિત્ય અને તેનું મહત્ત્વ :-**

ભારતીય સંસ્કૃતિના મૂલાધારરૂપે વેદો પછી પુરાણોનું જ સમ્માનપૂર્ણ સ્થાન છે. વેદવર્ણિત અગમ રહસ્ય સુધી જન-સામાન્યની બુદ્ધિ પહોંચી શકતી નથી, પરંતુ ભક્તિરસથી પરિપ્લુત પુરાણોની મંગલમય, શોક-નિવારિણી, જ્ઞાન-પ્રદાયિની દિવ્ય કથાઓના શ્રવણ-મનન અને પઠન-પાઠનની જન-સામાન્ય ઉચ્ચતમ જ્ઞાનને રસપૂર્વક સમજી શકે છે. વાયુપુરાણમાં કહ્યું છે.

यस्मात् पुरा ह्यनतीदं पुराणं तेन तत् स्मृतम् ।
निरुक्तमस्य यो वेद सर्वपापैः प्रमुच्यते ॥ *(૧.૨૦૩)*

પ્રાચીનકાળથી કહેવાયેલા હોવાથી આ પુરાણ કહેવાય છે. જે તેની વ્યાખ્યા જાણે છે, તે સર્વપાપોથી છૂટી જાય છે.

મહાભારત પણ પુરાણકથાઓને ધર્માર્થને આપનારી કહે છે.

'पुराणसंहिताः पुण्यः कथा धर्मार्थसंश्रिताः ।' (મહા.આદિપર્વ ૧.૧૬)

અધ્યાત્મની દિશામાં અગ્રેસર થનાર કલ્યાણ ઈચ્છનારા સાધકો પૌરાણિક કથાઓના અનુશીલનથી તાત્ત્વિક બોધની પ્રાપ્તિ કરે છે. લોકભાષાઓમાં વર્ણિત હોવાને કારણે વેદોની અપેક્ષાએ પુરાણ વધારે લોકપ્રિય છે. તેમાં વર્ણવાયેલી મધુરાતિમધુર કથાઓ તથા આખ્યાનો જન-જનના હૃદયમાં છે.

રાજનીતિ, ધર્મનીતિ, ઈતિહાસ, સમાજ વિજ્ઞાન, ગ્રહ-નક્ષત્ર વિજ્ઞાન, આયુર્વેદ, અલંકાર, વ્યાકરણ, ભૂગોળ, જ્યોતિષ વગેરે સમસ્ત વિદ્યાઓનું પ્રતિપાદન પુરાણોમાં છે. ભારતીય સંસ્કૃતિનું વિશિષ્ટ જ્ઞાન આપણને પુરાણો થકી પ્રાપ્ત થાય છે. તેના દ્વારા ભારતીય પ્રતિભાનું ઉત્કૃષ્ટ ફળ પ્રતિફલિત થાય છે.

પાંચ લક્ષણોવાળા બધા જ પુરાણોમાં સૃષ્ટિ અને સંહાર કરનારા બ્રહ્મા, વિષ્ણુ, સૂર્ય અને રુદ્ર તથા ભુવનના માહાત્મ્યનું વર્ણન કરવામાં આવ્યું છે. ધર્માદિ પુરુષાર્થોનું વિસ્તૃતવિવેચન કરવામાં આવ્યું છે તેનાથી વિરુદ્ધ આચરણ કરવાથી મળનારા ફળનું પણ નિરૂપણ કરવામાં આવ્યું છે.[૩] ધર્મશાસ્ત્રો પણ પુરાણોની મંગલકથાનું કીર્તન કરી સમયયાપન કરવાનું કહે છે.[૪]

---

૩. ब्रह्मविष्णवर्करुद्राणां माहात्म्यं भुवनस्य च ।
ससंहारप्रदानां च पुराणे पञ्चवर्णके ॥६५॥
धर्मश्चार्थश्च कामश्च मोक्षश्चैवात्र कीर्त्यते ।
सर्वेभ्यपि पुराणेषु यद्विरुद्धं च यत्फलम् ॥६६॥ - *(મત્સ્ય. ૫૩)*

૪. आयुष्मतां कथां कीर्तयन्तो माङ्गल्यानीतिहासपुराणानि । - *(આશ્વલાયન, ગૃહ્યસૂત્ર ૪.૬)*

વેદાદિ ગ્રંથનો પોત-પોતાનો અલગ-અલગ વિષય હોય છે. વેદનો મુખ્ય વિષય યજ્ઞ છે તેવી જ રીતે ઈતિહાસ-પુરાણોનો મુખ્ય વિષય લોકવૃત્ત(ચરિત્ર) વર્ણન છે. લોકવ્યવહારની વ્યવસ્થા બતાવવી એ ધર્મશાસ્ત્રનો પ્રધાન વિષય છે.[૫] એટલે જ કહેવાયું છે કે જ બ્રાહ્મણ સાંગોપાંગ ચારેય વેદ જાણતો હોય પંરતુ પુરાણ જાણતો ન હોય તે ક્યારેય પંડિત થઈ શકતો નથી.

यो विद्याच्चतुरो वेदान् साङ्गोपनिषदो द्विजः ।

न चेत् पुराणं स विद्यात् नैव स स्याद् विचक्षणः ॥ (વાયુપુરાણ ૧.૧.૧૮૦)

પુરાણને ‘પાંચમો વેદ’ કહેવામાં આવ્યો છે.[૬] ‘इतिहासपुराणं पञ्चमं वेदानां वेदम्’ । (છાંદોગ્યોપનિષદ્ ૭.૧.૨) આદિદેવ નારાયણે જ દ્વાપરયુગમાં વ્યાસરૂપે અવતાર લઈને પુરાણોની રચના કરી છે.[૭] આખ્યાન, ઉપાખ્યાન, ગાથા, કલ્પાદિ વડે તે માટે વેદનો વિસ્તાર કરી પુરાણસંહિતા રચી છે.[૮]

પુરાણોનું મહત્ત્વ અનેક દૃષ્ટિએ છે. ધાર્મિકદૃષ્ટિથી પુરાણ વેદ વિહિત ધર્મનું સરળ, સુબોધ અને ભાવગમ્ય ભાષામાં વિશદ વર્ણન કરે છે. પુરાણોનું સામાજિક મહત્ત્વ પણ ઓછું નથી. પૂર્વકાલિક સમાજનું સ્વરૂપ પુરાણોથી જ જાણી શકાય છે. પુરાણોમાં તીર્થોનું વિસ્તારથી વર્ણન છે, જેમાં ભૂગોળનું જ્ઞાન થઈ શકે છે. વૈદિક ધર્મને લોકપ્રિય બનાવવામાં પુરાણોનો ખૂબ જ મોટો ફાળો છે. પુરાણોમાં ભગવાનના અનેક અવતારોની કથા વિસ્તારથી વર્ણવાઈ છે. અવતારોની આ કથાનું મૂળ બીજ વેદોમાં છે. પુરાણોમાં વેદથી કોઈ જ પ્રાકરનો ભેદ નથી. જો ફરક છે તો તે માત્ર બંનેની વર્ણનશૈલીમાં છે.‘नहि शैलीभेदाद् वस्तुभेदः ।’

પુરાણોમાં માનવજાતિનો ઈતિહાસ અને વિશેષ કરીને પ્રાચીન ભારતનો ઈતિહાસ વર્ણિત છે. આ વર્ણનોના સમાજના ઉત્થાન અને પતનની વાત કવિત્વપૂર્ણભાષામાં કરવામાં આવી છે.

પુરાણ પાપોનું નાશ કરનારું છે -

यथा पापानि पूयन्ते गङ्गावारिविगाहनात् ।

तथा पुराणश्रवणाद् दुरितानां विनाशनम् ॥ (વામનપુરાણ ૬૯.૨)

જેમ ગંગાજળમાં સ્નાન કરવાથી બધા જ પાપો નાશ પામે છે, તેમ પુરાણના શ્રવણથી સમસ્ત પાપ નાશ પામે છે. વળી, પુરાણનું મહત્ત્વ અધિક હોવાથી જ તેને બ્રહ્મનું એક અંગ માનવામાં આવે છે. - एकं पुराणं रूपं वै । (પદ્મ. સ્વર્ગખંડ ૬૨.૨)

---

૫. ‘विषयव्यवस्थानाच्च यथाविषयं प्रामाण्यम् । अन्यो मन्त्रब्राह्मणस्य विषयः, अन्यश्च इतिहासपुराणधर्मशास्त्राणाम इति, यज्ञो मन्त्रब्राह्मणस्य, लोकवृत्तमितिहास पुराणस्य, लोकव्यवहार व्यवस्थापनं धर्मशास्त्रस्य विषयः... ।

*(૪.૧.૫૨ ન્યાયદર્શન વાત્સ્યાયન-ભાષ્ય)*

૬. पुराणं पञ्चमो वेद इति ब्रह्मानुशासनम् । - *(સ્કન્દપુરાણ, રેવાખંડ - ૧.૧૮)*

૭. विस्ताराय च वेदानां स्वयं नारायण प्रभुः ।
व्यारूपेण कृतवान् पुराणानि महीतले ॥ - *(બ્રહ્મપુરાણ - ૧.૧૫)*

૮. आख्यानैश्चाप्युपाख्यानैः गाथाभिः कल्पशुद्धिभिः ।
पुराणसंहितां चक्रे पुराणार्थविशारदः ॥ - *(વિષ્ણુપુરાણ - ૩.૬.૧૫)*

ઉપર્યુક્ત વિશેષતાઓ ધરાવતું પુરાણસાહિત્ય આમ તો સંસ્કૃતસાહિત્યના બીજા ગ્રંથોની જેમ રચાતું અને સચવાતું આવ્યું છે. આમ છતાં, પુરાણ-સાહિત્યની એક એવી આગવી વિશેષતા છે કે લખાયાં પછી અને સચવાયા પછી સમાજના નાનામાં નાના વર્ગ સુધી અને દેશના નાનામાં નાના ગામ સુધી પ્રચારિત અને પ્રસારિત થયું છે. વિશાળ સંસ્કૃતસાહિત્યમાં આ પ્રકારનું સૌભાગ્ય જેટલું પુરાણોને મળ્યું છે તેટલું બીજા કોઈ સાહિત્યને મળી શક્યું નથી એ એક સાચી હકીકત છે.

સમગ્ર પુરાણ-સાહિત્યને જોતાં તેમાં શ્રીમદ્ ભાગવતપુરાણ અલગ જ ભાત પાડે છે. તે એક બાજુ બીજા પુરાણોની જેમ અત્યંત સરળતાથી અને સાર્વજનિક બની શકે એવા લક્ષ્ય સાથે પોતાના કથાવસ્તુનો સંગ્રહ કરે છે, તો બીજી બાજુ વિદ્વદ્-જન ભોગ્ય શૈલીનો આશ્રય લઈને સંસ્કૃત-સાહિત્યના વેદાંગાદિ શાસ્ત્રગ્રંથોની જેમ હાથ ધરેલા અત્યંત સૂક્ષ્મચિંતનને પણ પોતાનામાં સમાવી લે છે. સંક્ષેપમાં કહીએ તો, પુરાણસાહિત્યની સરળતાને જાળવી રાખીને એ સરળતામાં અન્ય શાસ્ત્રીય ગ્રંથોની કઠિતનમ વિચારવસ્તુને અત્યન્ત સહજ રીતે ઓગાળી નાંખવામાં આવી છે. આ કોઈ નાની ઉપલબ્ધિ નથી. આ કારણે શ્રીમદ્ ભાગવતપુરાણનો મહિમા પુરાણસાહિત્યમાં અનેરો બની રહ્યો છે.

(ડૉ.ધર્મેન્દ્ર પટેલ, મું. કડી, ઉત્તર ગુજરાત)

**दानं भोगः नाशश्च तिस्त्र गतयः धनानि ।**
**यो न भुङ्क्ते न ददाति तस्य तृतीया गतिः भवति ॥**

## શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્‌ને વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં પ્રાપ્ત થયેલ સાત્ત્વિક દાનની વિગત

- *30000 રૂા. ડૉ. ગીતાબેન મહેતા, સંસ્થાના ઉપપ્રમુખશ્રી દ્વારા, માણભટ્ટ કાર્યક્રમના ખર્ચ માટે*
- *૨૫000 રૂા. શ્રી એમ. એસ. પરીખ (પ્રમુખશ્રી બૃ. ગુ. સં. પરિષદ્) સંસ્થામાં વોટરકુલરની ભેટ રૂપે.*
- *૨૫000 રૂા. ડૉ. મહેશ એ. પટેલ (મંત્રીશ્રી બૃ. ગુ. સં. પરિષદ્) સંસ્થા માટે સાદર.*
- *૧૫000 રૂા. શ્રી એમ.એસ. પરીખ સાહેબ (માન. પ્રમુખશ્રી બૃ. ગુ. સં. પરિષદ્ તરફથી 'વિભૂતિવંદના' પુસ્તક પ્રકાશનાર્થે સાદર ભેટ.*
- *૧૧000 રૂા. શ્રી નીલય જીવણલાલ મહેતા (ડૉ. ગીતાબેન મહેતાના ભાઈશ્રી દ્વારા) સાદર ભેટ.*
- *૧0000 રૂા. શ્રી એમ.એસ. પરીખ સાહેબ દ્વારા શ્રી ધનશંકર વૈદ્ય-વ્યાખ્યાનમાળાના ખર્ચ પેટે ભેટ.*
- *૧0000 રૂા. પ્રિ. ડૉ. ગીતાબેન મહેતા (સંસ્થઆના ઉપપ્રમુખશ્રી) વ્યાખ્યાનમાળાના ખર્ચ પેટે ભેટ.*
- *૧0000 રૂા. ડૉ. દર્શના કેયૂર ભટ્ટ (અંગ્રેજી વિભાગાધ્યક્ષ, ભાષાભવન, ગુજ. યુનિ. તથા સંસ્થાના કારોબારી સભ્ય) વ્યાખ્યાનમાળાના ખર્ચ પેટે ભેટ.*
- *૫000 રૂા. સુમન્તભાઈ ડાકવાળા (હસ્તે ડૉ. ગીતાબેન મહેતા દ્વારા) સંસ્થાને સાદર ભેટ.*
- *૫000 રૂા. વયોવૃદ્ધ શ્રી ગોરધનભાઈ એસ. પટેલ (પ્રબોધથી પ્રાજ્ઞપરીક્ષા ઉત્તીર્ણ કર્યા પછી હર્ષપૂર્વક સંસ્થાને સાદર ભેટ, નવાવાડજ, અમદાવાદ.*
- *૫000 રૂા. શ્રી નરોત્તમભાઈ હર્ષ. (મુ. પો. જામ ખંભાળિયા, જિ. જામનગર) સાદર ભેટ.*
- *૧૫00 રૂા. શ્રી કપિલભાઈ ઓઝા, (વિવેક એન્જિનીયરીંગ ઈન્ડસ્ટ્રીઝ અને વેદસભાના વેદપ્રચારક)*
- *૫00 રૂા. શ્રી કેયૂરભાઈ ભદ્રસેન ધનદેવ. સેટેલાઈટ અમદાવાદ. સાદર ભેટ*

## वृत्तनवनीतम्

- **પદ્મશ્રી પ્રા. ડૉ. ચન્દ્રકાન્ત મહેતા** – *શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્‌ના માનનીય ઉપપ્રમુખ તથા ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ ઉપકુલપતિ, ગુજરાતી તેમજ હિન્દીના વરિષ્ઠ સાહિત્યકાર, શિક્ષણ ક્ષેત્રે નાવિન્યસભર કેડી કંડારનાર અને પત્રકારત્વના દીર્ઘકાલિક અભ્યાસુ ડૉ. ચંદ્રકાંત મહેતાને ભારત સરકાર દ્વારા* **'પદ્મશ્રી'** *થી પુરસ્કૃત કરવામાં આવ્યા છે, તે બદલ અભિનંદન.*
  *ડૉ. મહેતાએ કવિ, લેખક, એકાંકીકાર, નિબંધકાર, વાર્તાકાર, ચરિત્રલેખક, યુવા તથા બાળસાહિત્યના સર્જક તરીકે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે.*
- *શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્‌ના પ્રધાનમંત્રી* **ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'** *અને* **પ્રા. ચન્દ્રિકાબેન પાઠક** *ને, તેમની દીર્ઘકાલિક સંસ્કૃત-સંસ્કૃતિ સેવા સંદર્ભે, સંયુક્ત રીતે, 'સારસ્વત એવાર્ડ, ગુજરાતના મા. રાજ્યપાલશ્રીના શુભહસ્તે, અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન દ્વારા એનાયત થયો.*
- *આપણી સંસ્થાના ઉપપ્રમુખ અને બી.ડી. આર્ટ્સ કૉલેજના* **આચાર્યાશ્રી ગીતાબેન મહેતા**, *બહુમૂલ્ય વિદ્યાકીય પ્રવૃત્તિને અંતે ૨૦૨૦ માં નિવૃત્ત થયાં છે. તેઓશ્રી નિરામય આરોગ્ય સાથે પરિષદ્ અને સંસ્કૃત સાહિત્યની ઉત્તમોત્તમ સેવા આપતાં રહેશે જ.*
- **શ્રી રણજીતભાઈ પરમારે**, *શ્રી બૃહદ્ ગુજરાત પરિષદ્‌માં સતત ૩૮ વર્ષ સેવા આપી, સ્વૈચ્છિક-નિવૃત્તિ લીધી છે. નૈષ્ઠિક સેવાભાવના ધરાવતા તેમના સ્વસ્થ દીર્ઘાયુ માટે પ્રાર્થના.*
- **શ્રી ભરત કુમાર જાદવે** *ગુજરાત યુનિવર્સિટી, ભાષા સાહિત્ય ભવનમાંથી* **ડૉ. મહેશ એ. પટેલ,** *(સેક્રેટરી શ્રી બૃ.ગુ.સં. પરિષદ્)ના માર્ગદર્શન હેઠળ ૨૦૧૯-૨૦ દરમ્યાન, વિષય :* **अष्टावक्रगीतायाः तस्याश्च विश्वेश्वराचार्यविरचितायाः टीकायाः सविमर्शं समीक्षितं पाठसम्पादनम्** *વિષય ઉપર પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરેલ છે. અભિનંદન.*
- **ડૉ. શ્રી મહાકાંત જોશી**, *સહાયકાચાર્ય, સંસ્કૃત વિભાગ, એચ. ડી. પટેલ આર્ટ્સ મહાવિદ્યાલય, કડી, ગુજરાતની નિયુક્તિ રાષ્ટ્રિય સંસ્કૃત મંચ (વૈશ્વિક સંસ્કૃત મંચ) ગુજરાત પ્રાંતના* **"સારસ્વત સદસ્યશ્રી"** *તરીકે કરવામાં આવી છે. અભિનંદન.*
- **ડૉ. શ્રી ભાવપ્રકાશ ગાંધી**, *સહાયકાચાર્ય, સંસ્કૃત વિભાગ, સરકારી વિનયન મહાવિદ્યાલય, ગાંધીનગર-ગુજરાતની નિયુક્તિ રાષ્ટ્રિય સંસ્કૃત મંચ (વૈશ્વિક સંસ્કૃત મંચ) ગુજરાત રાજ્યના* **"ઉપાધ્યક્ષ"** *તરીકે કરવામાં આવી છે. અભિનંદન.*
- **ડૉ. શ્રી રાજેશ વ્યાસ**, *નિદેશક - સંસ્કૃત વિભાગ, શ્રી ગોવિન્દગુરુ વિશ્વવિદ્યાલય ગોધરા, ની નિયુક્તિ રાષ્ટ્રિય સંસ્કૃત મંચ (વૈશ્વિક સંસ્કૃત મંચ) ગુજરાત રાજ્યના* **"પ્રાંત સમન્વયક"** *તરીકે કરવામાં આવી છે. અભિનંદન.*

- ❑ *શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્‌ના ઉપક્રમે, ડૉ. ગીતાબેન દ્વારા, લુપ્ત થતી સંસ્કૃત-સંસ્કૃતિની માણભટ્ટ પરંપરાની ઝાંખી કરાવતો, શ્રી કૃષ્ણ-મહિમા ગાનનો કાર્યક્રમ વલ્લભ સદન, અમદાવાદ ખાતે યોજાયો.*
- ❑ *સ્વા. શ્રી વિદિતાત્માનંદ સરસ્વતીજીની જન્મશતાબ્દિના ઉપલક્ષ્યમાં ડૉ. સ્વા. વિદ્યાપ્રકાશાનંદાજીએ, શંકરાચાર્ય નાટક, અને સંસ્કૃત ગૌરવ ગાનનો વિશિષ્ટ કાર્યક્રમ કર્યો. શ્રી વિક્રમભાઈ પંચાલ, શ્રી શિશિરભાઈ ભટ્ટ, તથા શ્રી શ્યામલભાઈ-સૌમિલભાઈએ તેમાં મહત્ત્વનું યોગદાન કર્યું.*
- ❑ विभूतिवन्दना. *શ્રી બૃહદ્ ગુજરાત સંસ્કૃત પરિષદ્ દ્વારા, ડૉ. વાસુદેવ પાઠક દ્વારા સંસ્કૃતમાં લખાયેલ આ પુસ્તકને ગુજરાતીમાં (પ્રા. ચન્દ્રિકાબેન પાઠક), હિન્દીમાં (પ્રા. બંસીભાઈ પટેલ), અને અંગ્રેજીમાં શ્રી શૈલેશભાઈ પંડ્યા) સાથે પ્રકાશિત કરાયું છે. તેમાં વેદ-ઉપનિષદ્‌ની ઋષિકાઓ (વાગામ્ભૃણી, અપાલા, મૈત્રેયી, ગાર્ગી, શાણ્ડિલી, ઉર્વશી)થી માંડીને, માતાજી શ્રી મીરામ્બિકા, મા આનંદમયી, ગંગા સતી, લતા મંગેશકર અને મૃણાલિની સારાભાઈની સૂત્રાત્મક રીતે વન્દના કરાઈ છે.*

  *આ જ રીતે પરિષદ્ દ્વારા,* सुखबोधाय सुभाषितानि *(લેખક-અનુવાદકો ઉપર મુજબ) પણ ચાર ભાષામાં પ્રસિદ્ધ કરાયેલ છે.*

  *પરિષદ્‌ની* **૭૫ વર્ષ** *ની સંસ્કૃત-સેવા યાત્રાના ઉપલક્ષ્યમાં નારીવર્ષ નિમિત્તેનું આ મહત્ત્વનું પ્રદાન લેખાય.*
- ❑ *આચાર્ય ચન્દ્રગોમિકૃત બૌદ્ધ સંદર્ભનું* लोकानन्द *નાટક (જેનાં માત્ર નવ શ્લોક જ મળે છે) તેનો પ્રો. માઈકલ હાને અંગ્રેજી અનુવાદ કર્યો હતો. આ અનુવાદનો ગુજરાતી અનુવાદ, ડૉ. નીલાંજનાબેન શાહે કર્યો છે અને તેને સંસ્કૃત સાહિત્ય એકાદમીએ પ્રસિદ્ધ કરી સમાદર કર્યો છે, અભિનંદન.*
- ❑ *પરિષદ્ દ્વારા, રાષ્ટ્રીય કક્ષાનો એક સેમિનાર યોજાયો. તેમાં* उपनिषद् एवं गीता – अध्ययन विमर्श. *વિષય પર શોધપત્ર પ્રસ્તુત થયા. પરિષદ્‌ના પ્રમુખ ન્યા. મા. શ્રી એમ. એસ. પરીખે સેમિનારના અધ્યક્ષપદે હતા. પરિષદ્‌ના ઉપપ્રમુખ શ્રી સુરેશભાઈ એન. શેલત, પ્રો. સુરેન્દ્ર કુમાર (હરિદ્વાર) આચાર્ય ચન્દ્રગુપ્તજી (ટંકારા) આચાર્ય દેવદત્તજી (નઈ દિલ્લી) પ્રો. ભાવપ્રકાશ ગાંધી, ડૉ. અજયસિંહ ચૌહાણ વગેરેની પ્રેરક ઉપસ્થિતિ રહી. ડૉ. કમલેશ ચોક્સી અને ડૉ. મહેશ પટેલે સમગ્ર આયોજનને ઓપ આપ્યો હતો.*

  *પરિષદ્ દ્વારા* राष्ट्रियगान *એ સંદર્ભે રાજ્યકક્ષાનો સેમિનાર પણ યોજાયો. ભારત-રાષ્ટ્રની વિવિધ વિશેષતાઓને ઉજાગર કરતા વિષયો તેમાં આવરી લેવાયા હતા.*
- ❑ *ગ્રંથનિર્માણ બોર્ડ - ગુજરાત દ્વારા સંસ્કૃત-વિદ્વાનો* **ડૉ. અમૃત ઉપાધ્યાય, ડૉ. ગૌતમ પટેલ** *તથા* **ડૉ. વાસુદેવ પાઠક**, *તેમના સંસ્કૃત પ્રદાન સંદર્ભે નવાજાયા.*
- ❑ *નાગપુર ખાતે, યોજાયેલી ઓરિએન્ટલ કોન્ફરન્સમાં જનરલ સેક્રેટરી પદે ડૉ. ગૌતમ પટેલે સેવા આપી. ડૉ. એસ્તર સોલોમન બહેન પછી વર્ષો બાદ આ ગૌરવ ગુજરાતને પ્રાપ્ત થયું છે. અભિનંદન.*
- ❑ *પરિષદ્‌ના વર્ષોથી માન્ય પ્રચારક* **શ્રી વિભાકરભાઈ અંતાણી** *(ભૂજ)ને ૭૧ મા ગણતંત્ર દિવસે 'રાષ્ટ્રપતિ ચંદ્રક' પ્રાપ્ત થયો. ધન્યવાદ.*

# श्री बृहद् गुजरात संस्कृत परिषद् – अहमदाबाद-९

## વ્યવસ્થાપક સમિતિ

| | | |
|---|---|---|
| પ્રમુખ | : | માન. જસ્ટીસ શ્રી એમ.એસ. પરીખ (નિ.)<br>પૂર્વ પ્રમુખશ્રી, ગુજરાત સી.ડી.આર. કમિશન |
| કુલપતિ | : | માન. શ્રી પરિમલ નથવાણી<br>સાંસદશ્રી, રાજ્યસભા |
| ઉપપ્રમુખ | : | પદ્મશ્રી ડૉ. ચંદ્રકાન્ત એચ. મહેતા<br>પૂર્વ ઉપકુલપતિ-ગુજરાત યુનિવર્સિટી,<br>એક્ઝિક્યુટીવ ડાયરેક્ટર - હીરામણી ઇન્સ્ટિટ્યુટ |
| ઉપપ્રમુખ | : | માન. શ્રી સુરેશચંદ્ર નાનુભાઈ શેલત<br>સિનિયર એડવોકેટ, પૂર્વ એડવોકેટ જનરલ-ગુજરાત રાજ્ય |
| ઉપપ્રમુખ | : | પ્રિ. ડૉ. ગીતાબેન પી. મહેતા<br>સંસ્કૃતના પ્રોફેસર અને જી.એલ.એસ. કૉલેજ કેમ્પસનાં પ્રાચાર્યા |
| પ્રધાનમંત્રી | : | પ્રા. ડૉ. વાસુદેવ વિષ્ણુપ્રસાદ પાઠક 'વાગર્થ'<br>સંસ્કૃત-પ્રાકૃતના નિવૃત્ત પ્રોફેસર |
| મંત્રી | : | પ્રા. ડૉ. મહેશ એ. પટેલ<br>સંસ્કૃતના એસોસિયેટ પ્રોફેસર |
| કોષાધ્યક્ષ | : | શ્રી મહેન્દ્રભાઈ આત્મારામ જાની<br>નિવૃત્ત વિજિલન્સ ઓફિસર (સંસ્કૃતના ઉપાસક) |

## સદસ્યશ્રી

| | |
|---|---|
| શ્રી મધુકર દિનુભાઈ ધ્રુવ<br>(નિ. ન્યાયાધીશ, પૂર્વ ચેરિટી કમિશ્નર) | શ્રી કાનજીભાઈ ત્રિકમભાઈ ભોગાયતા<br>(સંસ્કૃતના નિવૃત્ત અધ્યાપક) |
| પ્રો. ડૉ. કમલેશકુમાર છગનલાલ ચોકસી<br>(નિદેશક-ભાષાસાહિત્યભવન, ગુજ. યુનિ.) | શ્રી હર્ષલ સનતકુમાર દવે<br>(સંસ્કૃતના અધ્યાપક) |
| પ્રો. ડૉ. દર્શના કેયૂરકુમાર ભટ્ટ<br>(અધ્યક્ષ-અંગ્રેજી વિભાગ, ભાષાભવન ગુજ. યુનિ.) | શ્રીમતિ વંદના કિશનગોપાલ શર્મા<br>(સંસ્કૃતના અધ્યાપિકા) |
| શ્રી શૈલેષભાઈ આર. પંડ્યા<br>(નિવૃત્ત સંસ્કૃત-અંગ્રેજીના શિક્ષક) | શ્રી રૂપેશ બળવંતભાઈ બ્રહ્મભટ્ટ<br>(ઉદ્યોગપતિ-કન્સ્ટ્રક્શન વ્યવસાય) |
| ડૉ. મોહિની દેવેન્દ્રકુમાર આચાર્ય<br>(સંસ્કૃતના પ્રોફેસર - બી.એડ્. કૉલેજનાં આચાર્ય) | શ્રી સુહાસભાઈ અરવિંદભાઈ સાહેબા<br>(કન્સ્ટ્રક્શન વ્યવસાય) |
| પ્રા. ડૉ. અલકાબેન આર. ત્રિવેદી<br>(સંસ્કૃતના એસોસિયેટ પ્રોફેસર) | શ્રી મનોરભાઈ મગનભાઈ પટેલ<br>(મેનુફેક્ચરિંગ ઉદ્યોગપતિ) |
| શ્રી ઈન્દ્રવદનભાઈ બી. મહેતા<br>(હાઈસ્કૂલના મેનેજિંગ ટ્રસ્ટી) | ડૉ. હિતેન્દ્ર ગોરધનદાસ વ્યાસ<br>(સંસ્કૃતના પ્રોફેસર, શ્રી સોલા-ભાગવત) |
| શ્રી મેહાબેન પોરસભાઈ મજમુંદાર<br>(સંગીત-નૃત્ય અકાદમીના પ્રાચાર્યા) | ડૉ. અજયકુમાર ચંપાલાલ ઠાકર<br>(સંસ્કૃતના પ્રોફેસર, (નિ.) શ્રી ડાકોર પાઠશાળા) |

## કાર્યાલય

સર્વશ્રી વિક્રમ પટેલ- (o.s.), બલભદ્ર પ્રજાપતિ, વિજય પટેલ, ભૂપેન્દ્ર પંચાલ

E-mail : info.b.g.s.parishad@gmail.com Web: shribruhadgujaratsanskritparishad.org